અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

15 FEBRUARY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 224 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
ખાલિસ્તાની આતંકી પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના કેસમાં અમેરિકાએ સજા ફટકારી

4 
વિશ્વમાં વાયુ પ્રદુષણથી વર્ષે 57 લાખ લોકોનાં મોત થાય છે

6 
ભારત-પાક મહામુકાબલા પર હરભજનની સલાહ : ટીમ ઈન્ડિયાએ સ્પિનર ઉસ્માન તારિકથી સાવધાન રહેવું પડશે

7 
સોનું આ અઠવાડિયે ₹687 મોંઘું થયું, ₹1.52 લાખ થયું : ચાંદી ₹2,496 સસ્તી થઈ, ₹2.42 લાખ પ્રતિ કિલો પર આવી

### મોદી વાયુસેનાના એરક્રાફ્ટથી આસામના હાઈવે પર ઊતર્યા

# દેશનું ખરાબ વિચારનારને કોંગ્રેસ ખભે બેસાડે છે : પીએમ મોદી

**ભાજપ સરકારે 10 વર્ષમાં બ્રહ્મપુત્રા પર 5 મોટા પુલ બનાવ્યા. કોંગ્રેસનાં 70 વર્ષના શાસનમાં 3 પુલ બન્યા. આ દર્શાવે છે કે કોંગ્રેસે આસામને સમસ્યાઓ આપી અને અમે ઉકેલો આપ્યા**

**નવી દિલ્હી,તા.14**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે આસામના પ્રવાસે પહોંચ્યા. આ દરમિયાન તેમણે ગુવાહાટીમાં કહ્યું, કોંગ્રેસે દેશને જોખમમાં ધકેલી દીધો હતો. કોંગ્રેસે જ્યારે પણ સેના માટે હથિયારો ખરીદ્યાં એનો અર્થ હજારો કરોડનું કૌભાંડ હતું. તેમણે કહ્યું- આજની કોંગ્રેસ એવા લોકો અને વિચારોને સાથ આપી રહી છે જે દેશ વિરુદ્ધ વિચારે છે. જે લોકો દેશના ભાગલા પાડવાની વાત કરે છે અથવા આવા નારા લગાવે છે તેઓ કોંગ્રેસ માટે સન્માનિત બની ગયા છે. પીએમ પહેલા ચાબુઆ એરફિલ્ડ પહોંચ્યા હતા. ત્યાર બાદ તેઓ વાયુસેનાના C-130 એરક્રાફ્ટથી ડિબ્રુગઢ પહોંચ્યા. પ્લેને અહીં મોરાન બાયપાસ પર ઈમર્જન્સી લેન્ડિંગ ફેસિલિટી (ELF) પર લેન્ડિંગ કર્યું. મોદી આવું કરનારા પ્રથમ વડાપ્રધાન બન્યા. PM મોદીએ ગુવાહાટીમાં જનસભા કરી હતી.



આ દરમિયાન પીએમએ કહ્યું, કોંગ્રેસના સમયમાં આસામને એક-એક પૈસા માટે તરસાવવામાં આવતું હતું. આસામને ટેક્સના હિસ્સા તરીકે માત્ર 10 હજાર કરોડ રૂપિયા મળતા હતા. ભાજપ સરકારમાં 5 ગણા વધુ મળી રહ્યા છે. તેમણે કહ્યું- કેન્દ્ર સરકાર તરફથી આસામને તમામ વિકાસ પરિયોજનાઓ માટે 5.50 લાખ કરોડ રૂપિયાથી વધુ મળ્યા છે. જે કોંગ્રેસ આસામના વિકાસ માટે પૈસા આપવાથી બચતી હોય, તે કોંગ્રેસ આસામનો વિકાસ ક્યારેય નહીં કરી શકે. પીએમ પહેલા ચાબુઆ એરફિલ્ડ પહોંચ્યા હતા. ત્યાર બાદ તેઓ વાયુસેનાના C-130 એરક્રાફ્ટથી ડિબ્રુગઢ પહોંચ્યા. પ્લેને અહીં મોરાન બાયપાસ પર ઈમર્જન્સી લેન્ડિંગ ફેસિલિટી (ELF) પર લેન્ડિંગ કર્યું. પીએમએ ત્યાર બાદ બ્રહ્મપુત્ર નદી પર બનેલા ભાસ્કર વર્મા સેતુ અને IIM ગુવાહાટીના ટેમ્પરરી કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું. પીએમ મોદીનું વિમાન આજે સવારે લગભગ 10 વાગ્યે મોરાન બાયપાસ પર બનેલી ELF પર ઊતર્યું. આ એરસ્ટ્રિપ સૈન્ય રણનીતિ માટે મહત્ત્વપૂર્ણ છે. આ વિસ્તાર ચીન બોર્ડરથી લગભગ 300 કિમી દૂર જ છે. મોરાન હાઈવે પર પીએમની હાજરીમાં રાફેલ, સુખોઈ સહિત 16 લડાકુ વિમાનોએ એરિયલ શો કર્યો. આ દરમિયાન વિમાનોએ હાઈવે પરથી જ લેન્ડિંગ અને ટેકઓફ કરીને બતાવ્યું. ડેમો 30 મિનિટ સુધી ચાલ્યો. પીએમ મોદીનો આ છેલ્લા ત્રણ મહિનામાં ત્રીજો આસામ પ્રવાસ છે. આસામમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણી છે. રાજ્યમાં 2016થી સતત બે વાર NDAની સરકાર બની છે. આ પહેલાં 2001-2016 સુધી કોંગ્રેસની સરકાર હતી.

PM મોદીના ભાષણની 5 ખાસ વાતો

1. કોંગ્રેસના સમયમાં આસામને એક-એક પૈસા માટે તરસાવવામાં આવતું હતું. ત્યારે ટેક્સના હિસ્સા તરીકે માત્ર 10 હજાર કરોડ રૂપિયા મળતા હતા. ભાજપ સરકારમાં 5 ગણા વધુ મળી રહ્યા છે.

2. જ્યારે હું પ્લેનથી મોરાન હાઈવે પર ઊતર્યો ત્યારે એક નવો ઈતિહાસ રચાયો. ક્યારેક નોર્થ ઈસ્ટનું નામ આવતાં જ લોકો વિચારતા હતા કે છોડો, તૂટેલા રસ્તા મળશે તો ક્યારે પહોંચીશું. આજે અહીં હાઈવે પર વિમાન પણ લેન્ડ કરે છે.

3. ભાજપ સરકારે 10 વર્ષમાં બ્રહ્મપુત્રા પર 5 મોટા પુલ બનાવ્યા. કોંગ્રેસનાં 70 વર્ષના શાસનમાં 3 પુલ બન્યા. આ દર્શાવે છે કે કોંગ્રેસે આસામને સમસ્યાઓ આપી અને અમે ઉકેલો આપ્યા.

4. છેલ્લાં 12 વર્ષમાં જ્યારે પણ કોઈ નવી શરૂઆત થઈ ત્યારે એનો ફાયદો નોર્થ ઈસ્ટને મળ્યો. વંદે ભારત શરૂ થઈ તો આસામ નોર્થ ઈસ્ટ કનેક્ટ થઈ ગયું. સ્લીપર વંદે ભારત પણ આસામથી શરૂ થઈ.

# વિશ્વના સૌથી મોટા AI સમિટમાંથી પાકિસ્તાનની બાદબાકી

**ભારતે 100 દેશોને બોલાવ્યા પાડોશીને આમંત્રણ નહીં, 16 ફેબ્રુઆરીથી AIનો મહાકુંભ**

**નવી દિલ્હી,તા.14**

ભારત 16 થી 20 ફેબ્રુઆરી 2026 દરમિયાન AI-Impact Summit ની યજમાની કરવા જઈ રહ્યું છે. આ ગ્લોબલ સમિટમાં 100 થી વધુ દેશો ભાગ લઈ રહ્યા છે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની પોલિસી, ઈનોવેશન, એથિક્સ, સિક્યુરિટી અને ગ્લોબલ કો-ઓપરેશન જેવા મહત્વના વિષયો પર મંથન થશે. જોકે, આ બહુપ્રતિક્ષિત સમિટ માટે પાકિસ્તાનને આમંત્રિત કરવામાં આવ્યું નથી, જેને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ સંમેલન ત્રણ મૂળભૂત સૂત્રો- People (લોકો), Planet (પૃથ્વી) અને Progress (પ્રગતિ) પર આધારિત છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સમિટમાં ભાગ લેનારા દેશોની પસંદગી વ્યૂહાત્મક અને નીતિગત ધોરણોના આધારે કરવામાં આવી છે. ભારતનો ભાર એવા દેશો સાથે સહયોગ વધારવા પર છે જે જવાબદાર, સુરક્ષિત અને માનવ-કેન્દ્રિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિકસાવવાના સમાન દ્રષ્ટિકોણનું સમર્થન કરે છે. આ સમિટ



ટેકનોલોજીના માધ્યમથી વૈશ્વિક પડકારો- જેમ કે આરોગ્ય, શિક્ષણ, આબોહવા પરિવર્તન અને આર્થિક વિકાસના ઉકેલો શોધવા પર કેન્દ્રિત રહેશે. અનેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ સમિટમાં ભાગ લેશે વડાપ્રધાન મોદીના વ્યક્તિગત આમંત્રણ પર અનેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ સમિટમાં ભાગ લેશે. યુરોપ, અમેરિકા, એશિયા-પેસિફિક, આફ્રિકા અને ખાડી દેશોના ટોચના નેતાઓ આ મંચ પર AI ના ભવિષ્ય, વૈશ્વિક ધોરણો અને સહયોગના માર્ગો પર વિચાર-વિમર્શ કરશે. આ ઉપરાંત, 45 થી વધુ દેશોના મંત્રી-સ્તરના પ્રતિનિધિમંડળોની ભાગીદારી નિશ્ચિત છે, જે આ સંમેલનને સાચા અર્થમાં વૈશ્વિક મંચનું સ્વરૂપ આપશે. યુનાઈટેડ નેશન્સના મહાસચિવ અને અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ પણ આ સમિટમાં સામેલ થાય તેવી શક્યતા છે.

**પાકિસ્તાનને આમંત્રણ નહીં**

ભારત તરફથી કહેવામાં આવ્યું છે કે AI-Impact Summit નો ઉદ્દેશ્ય માત્ર ટેકનિકલ પ્રદર્શન નથી, પરંતુ નીતિ-નિર્માણ, રોકાણ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને આંતરરાષ્ટ્રીય ધોરણો પર નક્કર સહયોગ સ્થાપિત કરવાનો છે. સમિટ દરમિયાન મંત્રી સ્તરના સત્રો, નિષ્ણાત પેનલ્સ, સ્ટાર્ટઅપ શોકેસ અને દ્વિપક્ષીય બેઠકોનું આયોજન પણ કરવામાં આવશે. આ સમિટ માટે પાકિસ્તાનને આમંત્રણ ન આપવા અંગે સત્તાવાર રીતે કોઈ વિગતવાર કારણ જાહેર કરવામાં આવ્યું નથી.

**માઈકા દ્વારા ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026 પહેલા પ્રી-સમિટનું આયોજન**


અમદાવાદમાં માઈકા સ્કૂલ ઓફ આઈડિયાઝે એમ્પાવરિંગ પીપલ વીથ રિસ્પોન્સિબલ AI સ્કિલ્સ, ટ્રસ્ટ એન્ડ એક્સેસનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026ની પ્રી-સમિટ ઈવેન્ટ હતી.

## દાવો-અધિકારીઓ નિવૃત્તિ પછી 20 વર્ષ પુસ્તકો પ્રકાશિત નહીં કરાવી શકે : સરકાર આદેશ જાહેર કરી શકે છે; પૂર્વ આર્મી ચીફ નરવણેના અપ્રકાશિત પુસ્તક પર વિવાદ

**નવી દિલ્હી,તા.14**

સરકાર નિવૃત્ત અધિકારીઓ માટે 20 વર્ષના કૂલિંગ-ઓફ પિરિયડ પર વિચાર કરી રહી છે. આ નિર્ણય પૂર્વ આર્મી ચીફ એમ.એમ. નરવણેના અપ્રકાશિત પુસ્તક પર થયેલા વિવાદ બાદ લેવામાં આવ્યો છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, સરકાર નિવૃત્તિ પછી પુસ્તકો લખતાં પહેલાં મિલિટરી અધિકારીઓ સહિત શક્તિશાળી પદો પર બેઠેલા અધિકારીઓ માટે 20 વર્ષનો કૂલિંગ-ઓફ પિરિયડ શરૂ કરી શકે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે શુક્રવારે કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં નરવણેના પુસ્તક પર ચર્ચા થઈ. ઘણા મંત્રીઓનું માનવું હતું કે



શક્તિશાળી પદો પરથી નિવૃત્ત થયેલા લોકો માટે એક કૂલિંગ-ઓફ પિરિયડ હોવો જોઈએ.

અધિકારીઓએ કહ્યું હતું કે આ મુદ્દો કેબિનેટના સત્તાવાર 27-પોઈન્ટ એજન્ડાનો ભાગ ન હતો, પરંતુ સામાન્ય ચર્ચાના ભાગ રૂપે સામે આવ્યો. આ અંગે ટૂંક સમયમાં આદેશ જાહેર થઈ શકે છે. રાહુલ ગાંધી 4 ફેબ્રુઆરીના રોજ સંસદ પરિસરમાં જનરલ મનોજ મુકુંદ નરવણેના અપ્રકાશિત પુસ્તકને લઈને પહોંચ્યા હતા. રાહુલ ગાંધી 4 ફેબ્રુઆરીના રોજ સંસદ પરિસરમાં જનરલ મનોજ મુકુંદ નરવણેના અપ્રકાશિત પુસ્તકને લઈને પહોંચ્યા હતા. પૂર્વ આર્મી ચીફ નરવણેના મેમોઈર ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિનીને લઈને વિવાદ 2 ફેબ્રુઆરીએ શરૂ થયો હતો. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મેમોઈરમાં જણાવેલી ઘટનાઓનો ઉલ્લેખ કરવાનો પ્રયાસ કર્યો હતો અને સરકારે તેના પર સખત વાંધો ઉઠાવ્યો હતો, કારણ કે પુસ્તક પ્રકાશિત થયું ન હતું. બાદમાં રાહુલ ગાંધી પુસ્તકની એક નકલ સંસદમાં લાવ્યા, જેથી સાબિત થઈ શકે કે પુસ્તક અસ્તિત્વમાં છે.

# મહામંડલેશ્વર ઉત્તમ સ્વામી પર બળાત્કારના આરોપો

**રાજસ્થાનની યુવતીએ દિલ્હી પોલીસને મેઈલ કર્યો; લખ્યું- સમજૂતી માટે ધમકીઓ મળે છે**

**ભોપાલ,તા.14**

શ્રી પંચ અગ્નિ અખાડાના મહામંડલેશ્વર અને કથાવાચક ઉત્તમ સ્વામી પર રાજસ્થાન નિવાસી એક યુવતીએ દુષ્કર્મ આચરવાનો આરોપ લગાવ્યો છે. યુવતીએ 12 ફેબ્રુઆરીના રોજ દિલ્હી પોલીસ કમિશનરને ઈ-મેલ મોકલીને સુરક્ષાની માગ પણ કરી છે. પીડિતાનું કહેવું છે કે FIR નોંધાવવાની જાણ થતાં જ તેને ધમકીઓ મળવા લાગી છે. ઉત્તમ સ્વામી પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે સંપર્ક સાધવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમના નજીકના લોકો સમાધાન માટે દબાણ કરી રહ્યા છે. યુવતીએ મેઈલમાં લખ્યું છે કે તેના અને તેના



**ભાજપ કે પ્રશાસન તરફથી કોઈ પ્રતિક્રિયા નથી**

હાલમાં, આ મામલે ભાજપ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી. જ્યારે, પોલીસ કે પ્રશાસન તરફથી પણ આ ટ્વીટ અંગે કોઈ ઔપચારિક નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. શ્રી પંચ અગ્નિ અખાડા (શંભુ પંચ અગ્નિ અખાડા)નું મુખ્યાલય ઉત્તર પ્રદેશના વારાણસીમાં છે. તેની શાખાઓ પ્રયાગરાજ, હરિદ્વાર, ઉજ્જૈન, નાસિક અને જૂનાગઢમાં પણ છે.

પરિવાર વિશે અત્યંત ખાનગી માહિતી રાખવામાં આવી રહી છે. તેને નુકસાન પહોંચાડવાની આશંકા છે. પીડિતાએ કહ્યું- ધર્મની આડમાં ઘણા વર્ષો સુધી જાતીય શોષણ કર્યું યુવતીએ આરોપ લગાવ્યો છે કે ઉત્તમ સ્વામી ઘણા વર્ષોથી તેનું જાતીય શોષણ કરી રહ્યો હતો. જ્યારે તે સગીર હતી, ત્યારથી ધર્મની આડમાં તેની સાથે ખોટા કામ કરવામાં આવ્યા. તેણે વિરોધ કર્યો તો તેને ડરાવવામાં અને ધમકાવવામાં આવી. ઉત્તમ સ્વામીના પ્રભાવને કારણે લાંબા સમય સુધી તે ફરિયાદ કરી શકી નહીં. પીડિતાએ એમ પણ કહ્યું છે કે તેની પાસે આરોપો સંબંધિત પુરાવા છે અને તે કાયદાની મદદ લેવા માંગે છે. તેણે આશંકા વ્યક્ત કરી છે કે આરોપીના પ્રભાવને કારણે પુરાવાઓ સાથે ચેડાં થઈ શકે છે. પીડિતા દ્વારા અંગ્રેજીમાં મોકલવામાં આવેલ ઈ-મેલનો ગુજરાતીમાં અનુવાદ હું (પીડિતા) મારા માટે તાત્કાલિક પોલીસ સુરક્ષાની ઔપચારિક વિનંતી કરવા માટે આ પત્ર લખી રહી છું. મને ઉત્તમ સ્વામી (આરોપી) દ્વારા ગંભીર જાતીય ગુના (બળાત્કાર) નો ભોગ બનાવવામાં આવી છે.

# જામતારા ગેંગ સાથે સંકળાયેલા 3 સુરતીઓ ઝડપાયા : 227 ક્રેડિટ કાર્ડનો થપ્પો ને લાખોના ટ્રાન્ઝેક્શન

**સુરત, તા.14**

આજના ડિજિટલ યુગમાં સાયબર અપરાધીઓ અવનવી રીતે લોકોને છેતરી રહ્યા છે. તાજેતરમાં સુરત સાયબર ક્રાઈમ સેલે એક મોટી સફળતા મેળવતા કુખ્યાત જામતારા ગેંગ સાથે સંકળાયેલા ગુજરાતના 3 શખ્સોની ધરપકડ કરી છે. જેમાં એક સિવિલ એન્જિનિયર પણ શામેલ છે. આ ગેંગ વોટ્સએપ પર નકલી RTO ઇ-ચલણની APK ફાઈલ મોકલી લોકોના મોબાઈલ હેક કરી બેંક ખાતા સાફ કરી નાખતી હતી. સુરતમાં જામતારા ગેંગ સાથે સંડોવણી ધરાવતા ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં આરોપીઓ પાસેથી 227 જેટલા ક્રેડિટ કાર્ડ અને 92.53 લાખના ટ્રાન્ઝેક્શનની વિગતો મળી આવી છે. આ ટોળકી જામતારા ગેંગના કાળી કમાણીના નાણાંને 10% કમિશન લઈને સફેદ કરવાનું કૌભાંડ ચલાવતા હતા. આ ઘટનાની શરૂઆત 20 નવેમ્બર 2025ના રોજ થઈ હતી. ફરિયાદીના દીકરાના મિત્રના



વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી 'Digital RTO E-Challan.APK' નામની ફાઈલ આવી હતી. આ ફાઈલ ડાઉનલોડ કરતા જ મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ હેકર્સે તે મિત્રના વોટ્સએપ ગ્રુપમાં પણ આ જ ફાઈલ મોકલી હતી. ફરિયાદીના દીકરાએ જેવી આ ફાઈલ ડાઉનલોડ કરી કે તરત જ તેનો ફોન હેક થયો અને તેના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ Rs. 5,02,562 ઉપડી ગયા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળતા ફરિયાદીએ તુરંત સાયબર હેલ્પલાઈન નંબર 1930 પર કોલ કર્યો હતો. ત્યારબાદ 14 ડિસેમ્બર 2025ના રોજ સુરત સાયબર ક્રાઈમ સેલ ખાતે વિધિવત ફરિયાદ નોંધાઈ હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બેંકિંગ ટ્રાન્ઝેક્શનના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી, જેમાં સૌપ્રથમ નિશીત નથવાણી (રાજકોટ) અને ગૌતમ મંડલ (જામતારા, ઝારખંડ)ની ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું કે, જામતારા બેઠેલા ઠગો સુરતમાં પોતાના એજન્ટો ધરાવે છે. આ એજન્ટો ફ્રોડના નાણાં ઠેકાણે પાડવા માટે ક્રેડિટ કાર્ડ બિલ પેમેન્ટના વ્યવસાયનો આશરો લેતા હતાં. લોકોના બેંક ખાતામાંથી ચોરી કરેલા નાણાં આ આરોપીઓ પોતાના ક્રેડિટ કાર્ડના બિલ ભરવામાં વાપરતા અને તે રકમ રોકડ સ્વરૂપે અથવા CDM મશીન દ્વારા ફરી મુખ્ય સૂત્રધારો સુધી પહોંચાડતા હતા. બે યુવકો અને આધેડે મળીને જામતારાના કાળા નાણાને સફેદ કરવાનું કાંડ કર્યું.પોલીસે અશ્વિન ગાંગાણીની ઓફિસમાં દરોડા પાડી 2 મોબાઈલ, 1 CPU, 2 POS મશીન અને જુદી જુદી બેંકોના 227 ક્રેડિટ કાર્ડ જપ્ત કર્યા છે.



# સિટી લાઇટમાં રુંગટા ઑસ્ટ્રિયા નામની બિલ્ડીંગ નીચે ભીષણ આગ : બિલ્ડિંગની પાછળના ભાગમાં કચરાના ઢગલામાં આગ

■ **ફાયર વિભાગની 6થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે**



**સુરત, તા.14**

સુરતના સિટી લાઇટ વિસ્તારમાં આવેલી નવી બનેલી રુંગટા ઑસ્ટ્રિયા નામની બિલ્ડીંગ નીચે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે, જેમાં આગના ગોટેગોટા દૂર સુધી નજરે પડતા ભયનો માહોલ સર્જાયો હતો. ખાસ કરીને બે બિલ્ડિંગની વચ્ચેના ભાગમાં આગની જ્વાળાઓ જોવા મળી હતી. આ ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની પાંચથી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. બિલ્ડિંગની પાછળના ભાગમાં જમા થયેલા કચરાના ઢગલામાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું

અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ

હિરાનગરી સુરતમાં આગની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. આજે બપોરના સમયે શહેરના પોશ ગણાતા એવા અણુવ્રત દ્વાર વિસ્તારમાં નવનિર્મિત રૂંગટા બિલ્ડિંગના પરિસરમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બિલ્ડિંગની પાછળના ભાગમાં જમા થયેલા કચરાના ઢગલામાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

કચરાના ઢગલામાંથી ધુમાડાના ગોટેગોટા

મળતી માહિતી પ્રમાણે અનુસાર, અણુવ્રત દ્વાર પાસે આવેલી નવનિર્મિત રૂંગટા બિલ્ડિંગના પાછળના ખુલ્લા પરિસરમાં મોટી માત્રામાં કચરો અને અન્ય બિનઉપયોગી સામાન પડેલો હતો. આજે અચાનક આ કચરાના ઢગલામાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા અને જો જોતામાં આગે વિકરાલ સ્વરૂપ ધારણ કર્યું હતું અને તુરંત ફાયર વિભાગને જાણ કરી હતી.

કામદારો આગ જોઈને ભાગીને બહાર આવ્યા

નવનિર્મિત બિલ્ડિંગમાં કામ કરતા કામદારો આગ જોઈને પોતાનો જીવ બચાવી ભાગીને બહાર આવ્યા હતાં.જોકે હજુ સુધી આ આગમાં કોઈ જાનહાની થઈ હોવાના સમાચાર સામે આવ્યા નથી.

ફાયરની 6થી વધુ ગાડીઓ દ્વારા આગને કાબુમાં લેવાઈ

ઘટનાની જાણ થતા જ સુરત ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ સતર્કતા દાખવીને આગ પર કાબૂ મેળવવા માટે ચારે બાજુથી પાણીનો મારો (વોટર કેનન) ચલાવવાનું શરૂ કર્યું હતું. બે ફાયર સ્ટેશનની 6થી વધુ ગાડીઓ દ્વારા આગને કાબુમાં લીધી હતી.

હવે ફાયરબ્રિગેડની ભારે જહમદ બાદ આગને કાબુમાં લેવામાં આવી હતી આગ એટલી વિકરાળ હતી કે આજુબાજુ બધે ધુમાડો જ ધુમાડો જોવા મળ્યો હતો, રોડ પર ટ્રાફિક જામ પણ સર્જાયો હતો.

8 ફેબ્રુઆરીએ સુરત પુણાની નિધિ ટેક્સટાઇલ માર્કેટમાં આગ લાગી હતી

સુરતના પુણા વિસ્તારમાં આવેલી નિધિ ટેક્સ્ટાઈલ માર્કેટમાં આજે (8 ફેબ્રુઆરી) વહેલી સવારે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. માર્કેટના ફર્સ્ટ બેઝમેન્ટમાં અચાનક આગ લાગવાની શરૂઆત થઈ હતી. બેઝમેન્ટમાં રહેલા વાયરિંગ અને મોટા પ્રમાણમાં લાકડાના સામાનને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ભીષણ હતી કે તેનો કાળો ધુમાડો પાંચમા માળ સુધી પ્રસરી ગયો હતો, જેના કારણે જાણે આખી માર્કેટ સળગી રહી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા.

3 ફેબ્રુઆરીએ કચરાના કૌભાંડના આક્ષેપ વચ્ચે ખજોદ ડમ્પિંગ સાઈટ પર લાગેલી આગ

સુરતમાં ખજોદ ડિસ્પોઝલ સાઈટમાંથી કચરો બારોબાર લઈ જઈ અન્ય વિસ્તારોમાં ઠાલવવાનો વિવાદ છેલ્લા એક મહીનાથી ગરમાયો છે અને તપાસ જારી છે તે દરમિયાન ગતરોજ સોમવારે સવારે અચાનક સાઈટ પર કચરાના ઢગલામાં રહસ્યમયી રીતે આગ ફાટી નીકળી હતી. આગનો ધુમાડો પાંચ કિલોમીટર સુધી દેખાતા લોકો પણ અવાક થઈ ગયા હતા. ફાયર બ્રિગેડ દ્વારા છેલ્લા 25 કલાકથી આગ પર કાબુ મેળવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં આઠ લાખ લિટર કે વધુ પાણીનો મારો ચલાવવામાં આવી ચૂક્યો છે પણ આત્મા સાબુ મેળવવામાં સફળતા મળી નથી. વિપક્ષે કચરો સળગાવી દેવાનો ગંભીર આરોપ મુકી ગંભીર કાર્યવાહી કરવાની માંગ કરી છે. ફાયર બ્રિગેડ દ્વારા છેલ્લા 25 કલાકથી આગ પર કાબુ મેળવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં આઠ લાખ લિટર કે વધુ પાણીનો મારો ચલાવવામાં આવી ચૂક્યો છે પણ આત્મા સાબુ મેળવવામાં સફળતા મળી નથી. વિપક્ષે કચરો સળગાવી દેવાનો ગંભીર આરોપ મુકી ગંભીર કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# મહેસાણામાં નિયમો નેવે મૂકનારા 228 પકડાયા, 3 લાખથી વધુનો દંડ

## આંખો આંજી દેતી LED-લાઈટો લગાવતા વાહનચાલકો સામે RTOની લાલ આંખ



**મહેસાણા, તા.14**

મહેસાણા જિલ્લામાં માર્ગ અકસ્માતો નિવારવા અને ટ્રાફિક નિયમોના ચુસ્ત પાલન માટે પ્રાદેશિક પરિવહન કચેરી RTO દ્વારા કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને વાહનોમાં નિયમ વિરુદ્ધ લગાડવામાં આવતી તીવ્ર પ્રકાશવાળી વ્હાઈટ LED લાઈટો સામે RTO ઈન્સ્પેક્ટરોએ તડાપીટ બોલાવી છે. છેલ્લા બે મહિના દરમિયાન કરવામાં આવેલી કાર્યવાહીમાં કુલ 3,08,000 રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. RTO ના આંકડા મુજબ જાન્યુઆરી માસમાં તપાસ દરમિયાન કુલ 132 કેસો નોંધાયા હતા.જેમાં વાહનચાલકો પાસેથી 2,12,000 રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. જ્યારે ફેબ્રુઆરી માસમાં અત્યાર સુધીમાં 96 કેસો નોંધી 96,000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. વાહનચાલકો દ્વારા કંપની ફિટેડ લાઈટોના બદલે બહારથી વધુ તીવ્રતાવાળી LED લાઈટો લગાડવામાં આવે છે. જે રાત્રિના સમયે સામેથી આવતા અન્ય વાહનચાલકોની આંખોમાં આંજી દેતી હોય છે. આ પ્રકારની લાઈટો અકસ્માત માટે મુખ્ય કારણ બનતી હોવાથી RTO દ્વારા રૂટિન ચેકિંગ દરમિયાન આવી લાઈટો દૂર કરાવી દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અંગે મહેસાણા RTOના આસિસ્ટન્ટ ઓફિસર જી.જે. સોલંકીએ જણાવ્યું હતું કે, વાહનકંપનીઓ દ્વારા જે લાઈટો ફિટ કરવામાં આવે છે તેના કરતા વધુ તીવ્રતા ધરાવતી લાઈટો લગાવવી એ નિયમ વિરુદ્ધ છે. આવી લાઈટો અન્ય ચાલકો માટે જોખમી સાબિત થતી હોવાથી જિલ્લામાં સતત ચેકિંગ હાથ ધરી કડક પગલાં લેવામાં આવી રહ્યા છે અને આગામી સમયમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે. આ પ્રકારની લાઈટો અકસ્માત માટે મુખ્ય કારણ બનતી હોવાથી RTO દ્વારા રૂટિન ચેકિંગ દરમિયાન આવી લાઈટો દૂર કરાવી દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અંગે મહેસાણા RTOના આસિસ્ટન્ટ ઓફિસર જી.જે. સોલંકીએ જણાવ્યું હતું કે, વાહનકંપનીઓ દ્વારા જે લાઈટો ફિટ કરવામાં આવે છે તેના કરતા વધુ તીવ્રતા ધરાવતી લાઈટો લગાવવી એ નિયમ વિરુદ્ધ છે. આવી લાઈટો અન્ય ચાલકો માટે જોખમી સાબિત થતી હોવાથી જિલ્લામાં સતત ચેકિંગ હાથ ધરી કડક પગલાં લેવામાં આવી રહ્યા છે અને આગામી સમયમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે.

# વેલેન્ટાઇન ડે પર VHP-બજરંગદળના કાર્યકર્તાઓએ યુવક-યુવતીઓને ભગાડ્યાં



**રાજકોટ, તા.14**

રાજકોટમાં આજે વેલેન્ટાઈન ડેના દિવસે બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓએ પશ્ચિમ સંસ્કૃતિના અનુકરણના નામે યુવક-યુવતીઓને પરેશાન કર્યા હતા. રાજકોટના રેસકોર્સ સ્થિત 'લવ ગાર્ડન'માં બપોરના સમયે યુવક-યુવતી બેઠાં હતાં ત્યારે બજરંગદળ અને વિહિપના કાર્યકર્તાઓએ પહોંચી જય શ્રીરામના નારા લગાવતાં યુવક-યુવતીઓમાં નાસભાગ મચી હતી. વિહિપના આગેવાને જણાવ્યું હતું કે યુવક-યુવતીએ ઘરેથી ખોટું બોલી અહીં આવે છે. વેલેન્ટાઈન ડે, રોઝ ડે, પ્રોમિસ ડે ન ઊજવવા જોઈએ. આજના દિવસે ઘરે માતાપિતાનું પૂજન કરવું જોઈએ. આજે વેલેન્ટાઈન ડે હોઈ, રાજકોટના રેસકોર્સ પાસે આવેલા 'લવ ગાર્ડન'માં યુવક-યુવતીઓ આવ્યાં હતાં અને બેઠાં હતાં. ત્યારે જ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ અહીં પહોંચી જય શ્રીરામના સૂત્રોચ્ચાર કરતાં યુવક-યુવતીઓમાં નાસભાગ મચી હતી. પરેશ રાવલે જણાવ્યું હતું કે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આજે પુલવામાં હુમલાના વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આજની પેઢી પશ્ચિમી સંસ્કૃતિ તરફ વળી ગઈ છે. વેલેન્ટાઈન ડે અને રોઝ ડેની ઉજવણી કરી રહી છે. આજના દિવસે માતૃપિતૃ પૂજન સહિતના કાર્યક્રમો કરવા જોઈએ. યુવક-યુવતીઓ ઘરેથી ખોટું કહીને અહીં ગાર્ડનમાં આવે છે અને ખોટા કામ કરે છે. તેને અટકાવવા માટે અમે આવ્યા છીએ.

# રાજકોટમાં 20 લાખ લોકોની સામે વસ્તીગણતરી માટે 2500નો સ્ટાફ

## 50 ટકા ઘટથી અધિકારીઓ મૂંઝાયા, મનપા પ્રાઈવેટ સ્કૂલના સ્ટાફને તાલીમ આપીને મેદાનમાં ઉતારી શકે

**રાજકોટ, તા.14**

રાજકોટમાં વસ્તી ગણતરીની કામગીરી આડે મોટું વિઘ્ન સામે આવ્યું છે. આ કામગીરી માટે મનપા તંત્રને 5,000 કર્મચારીઓની જરૂરિયાત છે. જેની સામે મનપા તેમજ મનપા સંચાલિત સરકારી શાળાઓ મળી માત્ર 2,500નો સ્ટાફ હાલ ઉપલબ્ધ છે. એટલે જરૂરિયાત કરતા અડધો જ સ્ટાફ ઉપલબ્ધ હોવાથી અધિકારીઓ મૂંઝવણમાં મુકાયા છે. ખાસ કરીને વર્ષ 2011 પછી લાંબા સમયના અંતરાલ બાદ 20 એપ્રિલ-2026થી આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી હોવાથી તેમાં અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. આ વખતે રાજકોટના ભૌગોલિક નકશામાં થયેલા મોટા ફેરફારો અને નવા ભળેલા વિસ્તારોને કારણે કામગીરીનું ભારણ વધ્યું છે. જેની સામે સૌથી મોટો પ્રશ્ન સ્ટાફની અછતનો ઉભો થયો છે. જેને લઈ



ખાનગી શાળાઓના સ્ટાફની મદદ લેવા સહિતના અન્ય પાસાઓ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવી રહ્યો છે.

બે તબક્કામાં વસ્તી ગણતરી ને ડિજિટલ માધ્યમથી ડેટા કલેક્શન

રાજકોટ મનપાના અધિકારી પ્રણય પંચાલના જણાવ્યા મુજબ, આગામી વસ્તી ગણતરીની પ્રક્રિયા બે તબક્કામાં વિભાજિત કરાઈ છે. આ વખતે ગણતરીની પદ્ધતિમાં પેપરવર્કને બદલે સંપૂર્ણ પ્રક્રિયા ડિજિટલ માધ્યમથી કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં માત્ર હાઉસ લિસ્ટિંગ કરવામાં આવશે. આ પછી ફેબ્રુઆરી 2027માં વાસ્તવિક વસ્તી ગણતરી કરવામાં આવશે. જેમાં દરેક વ્યક્તિની વિગતવાર માહિતી જેવી કે, ઉંમર, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય અને અન્ય જાણકારી એકત્ર કરવામાં આવશે. ત્યારબાદ વસ્તી ગણતરીનું સાચું પરિણામ સામે આવશે. રાજકોટ મનપા દ્વારા કરવામાં આવેલા માઈક્રો પ્લાનિંગ મુજબ, જેમાં મહાનગરપાલિકાનો પોતાનો સ્ટાફ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સરકારી શાળાઓના શિક્ષકો અને આચાર્યોનો સમાવેશ થાય છે.

એક કર્મચારી પર કામનું ભારણ વધી શકે

આમ, જરૂરિયાત કરતા 50 ટકા સ્ટાફ ઓછો હોવાને કારણે કામગીરી સમયસર પૂર્ણ થશે કે કેમ તે બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વસ્તી ગણતરી એ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાની પ્રક્રિયા છે, જો સ્ટાફ ઓછો હોય તો એક કર્મચારી પર કામનું ભારણ વધે છે અને ડેટાની ચોકસાઈ પર પણ તેની અસર પડી શકે છે. આ સ્ટાફની ઘટ પૂરી કરવા માટે હવે મનપા તંત્ર દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવી છે.

ખાનગી શાળાના સ્ટાફને તાલીમ આપીને મેદાનમાં ઉતારી શકે

મનપાનાં ચૂંટણી અધિકારી પ્રણય પંચાલના જણાવ્યા અનુસાર, ઘટતા 2,500 કર્મચારીઓની વ્યવસ્થા કરવા માટે વિવિધ વિકલ્પો પર વિચાર કરવામાં આવી રહ્યો છે. જેમાં શહેરમાં આવેલી ખાનગી શાળાઓના શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફને આ સરકારી કામગીરીમાં જોડવા માટે મંજૂરી મેળવવા પ્રક્રિયા ચાલી રહી છે. જો સરકાર તરફથી મંજૂરી મળશે, તો ખાનગી શાળાના સ્ટાફને જરૂરી તાલીમ આપીને મેદાનમાં ઉતારવામાં આવશે.

# ઝીંઝુવાડા શાળાઓમાં શિક્ષકોની ઘટ, વિદ્યાર્થીઓનું શિક્ષણ પ્રભાવિત



**ઝીંઝુવાડા, તા.14**

ઝીંઝુવાડા ગામની કન્યાશાળા અને પે. સે. શાળામાં શિક્ષકોની ભારે ઘટને કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ પર ગંભીર અસર પડી રહી છે. આ અંગે વિદ્યાર્થીઓએ ગામના સરપંચ હરીભા ઝાલાને રૂબરૂ રજૂઆત કરી હતી. સરપંચે વિદ્યાર્થીઓની સમસ્યાઓ સાંભળી ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની ખાતરી આપી છે. ઝીંઝુવાડા કન્યાશાળામાં બાલ વાટિકાથી ધોરણ આઠ સુધીમાં કુલ 373 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જિલ્લા આંતરિક બદલી કેમ્પના કારણે આ શાળામાંથી ચાર શિક્ષકોની બદલી થઈ હતી, જેનાથી ચાર જગ્યાઓ ખાલી પડી હતી. 3 ફેબ્રુઆરી, 2026ના રોજ બે નવા જ્ઞાન સહાયક આવ્યા હોવા છતાં, હજુ પણ બે શિક્ષકોની જગ્યા ખાલી છે. વધુમાં, હાજર ચાર શિક્ષકોમાંથી એક શિક્ષક રણમાં ભણાવવા જાય છે. શાળામાં HTAT આચાર્ય પણ ન હોવાથી, વિષય શિક્ષકને આચાર્યનો ચાર્જ સંભાળવો પડે છે, જેનાથી શિક્ષણ કાર્ય પર નકારાત્મક અસર થાય છે. ગ્રામજનો પણ શિક્ષકોની ઘટ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.

શ્રી કન્યાશાળા ઝીંઝુવાડામાં ખાલી રહેલી બે જગ્યાઓ પર તાત્કાલિક જ્ઞાન સહાયકની ભરતી કરવા અને HTAT આચાર્યની નિમણૂક કરવા માટે SMC (શાળા વ્યવસ્થાપન સમિતિ)ની બેઠકમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. આ જ રીતે, શ્રી પે. સે. શાળા ઝીંઝુવાડામાં બાલ વાટિકાથી ધોરણ આઠ સુધીમાં કુલ 379 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળામાં ધોરણ 1 થી 5 માંથી જિલ્લા આંતરિક બદલી કેમ્પના કારણે બે શિક્ષકોની બદલી થઈ હતી અને એક જ્ઞાન સહાયકે રાજીનામું આપ્યું હતું, જેના પરિણામે કુલ ત્રણ શિક્ષકોની જગ્યા ખાલી પડી છે. આ શિક્ષકોની ઘટને કારણે શાળામાં બાળકોના શિક્ષણ પર ગંભીર અસર પડી રહી છે. શ્રી પે. સે. શાળા, ઝીંઝુવાડામાં ખાલી રહેલી ત્રણ જગ્યાઓ પર તાત્કાલિક જ્ઞાન સહાયકની ભરતી કરવાની જરૂર છે. આ માટે પણ SMCની બેઠક બોલાવીને ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓની રજૂઆત બાદ, ઝીંઝુવાડાના સરપંચ હરીભા ઝાલા તાત્કાલિક કન્યાશાળા પહોંચ્યા હતા અને વિદ્યાર્થીઓની સમસ્યાઓ સાંભળી હતી. તેમણે આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની ખાતરી આપી હતી. સરપંચ હરીભા ઝાલાએ જણાવ્યું હતું કે, ઝીંઝુવાડા ગ્રામ પંચાયત

# સુરેન્દ્રનગર LCBનો ધ્રાંગધ્રાના ખાંભડામાં દરોડો : જુગારધામ પરથી ₹6.77 લાખનો મુદ્દામાલ જપ્ત, પાંચ ઝડપાયા

**સુરેન્દ્રનગર, તા.14**

સુરેન્દ્રનગર જિલ્લા એલ. સી.બી. ટીમે ધ્રાંગધ્રા તાલુકાના ખાંભડા ગામના વાડી વિસ્તારમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. બાતમીના આધારે એલ.સી. બી. પીએસઆઈ જે.વાય. પઠાણ અને તેમની ટીમે આ કાર્યવાહી કરી હતી. દરોડા દરમિયાન જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે ઘટનાસ્થળેથી અંકિતભાઈ પટેલ, સંજયભાઈ પરેશા, તળસીભાઈ પટેલ, સુરેશભાઈ ચૌહાણ અને સુભાષભાઈ ગોયલ સહિત પાંચ શખ્સોને ગંજીપાના વડે જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ 1,76,900, છ મોબાઈલ ફોન



(કિંમત 40,500), પાંચ બાઈક (કિંમત 1,60,000) અને એક કાર (કિંમત 3,00,000) મળી કુલ 6,77,400નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ જુગારધામ ચલાવનાર મુખ્ય આરોપી સુરપલસિંહ ઉર્ફે સુરુભા દાજીભા સોલંકી સહિત અન્ય ચાર વાહનચાલકો અથવા માલિકો (જેમના વાહન નંબર GJ 13 AG 6547, GJ 13 AS 9132, GJ 06 KM 4944 અને GJ 01 KB 3727 છે) ફરાર થઈ ગયા હતા. પોલીસે કુલ દસ શખ્સો વિરુદ્ધ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# થારચાલક ઋષિકાને બચાવવામાં પોલીસને ભીંસ પડી, પંચનામા માટે સ્થળે લઈ જતાં મહિલાઓ PCRને ઘેરી વળી



**વડોદરા, તા.14**

સંસ્કારી નગરી વડોદરામાં રફ્તારનો કહેર યથાવત્ જોવા મળી રહ્યો છે. ગત મોડીરાત્રે શહેરના પશ્ચિમ વિસ્તારમાં એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં લગ્ન પ્રસંગમાંથી બેફામ ગતિએ થાર કાર લઈને જતી 19 વર્ષીય યુવતીએ એક્ટિવાચાલક યુવકને અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. રોડ પર પડેલા યુવકના મૃતદેહનો જોઈ લોકોની કંપારી છૂટી ગઈ હતી. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેમાં એક્ટિવા દૂર સુધી ઢસડાતું અને લોકો દોડીને ઘટનાસ્થળે જતાં દેખાઈ રહ્યાં છે. એક્ટિવાને એડફેટે લીધા બાક થારચાલક યુવતીએ આજ સ્થળ પર બે દિવસ અગાઉ મહારાષ્ટ્રથી આવેલા પરિવારનો શેરડીનો રસ કાઢવાનું મશીનને ટક્કર મારી તોડી નાખ્યું છે. રાતના 1 વાગ્યે બનેલી ઘટનાને પગલે લોકોનાં ટોળું રોડ પર ઊમટી પડ્યાં હતાં. તો બીજી તરફ યુવકના પિતાની ફરિયાદના આધારે પોલીસે યુવતીની ધરપકડ કરી છે. નોંધનિય છે કે, થાર કારમાં ત્રણ યુવતી સવાર હતી. આ અંગે યુવકના પિતરાઈ ભાઈ સંદીપ મોરેએ જણાવ્યું કે, મારા કાકાનો દીકરો અભિષેક નોકરી પરથી પાર્સલ આપવા માટે જતો હતો, તે દરમિયાન સામેથી થાર કારે અકસ્માત કર્યો હતો.

# કેનેડામાં રહેતા પતિએ મોરબીની યુવતીનો બે-બે વખત ગર્ભપાત કરાવડાવ્યો

**રાજકોટ, તા.14**

દીકરાની લાલચમાં કેનેડાના PR ધરાવતા ગુજરાતી યુવકે પત્ની સાથે મારકૂટ કરી હેવાનિયતની તમામ હદો પાર કર્યાની ઘટના સામે આવી છે. રાજકોટના ગોંડલ પંથકની મહિલાના લગ્ન 2010માં મોરબીમાં રહેતા યુવક સાથે થયા હતા. આ પછી સંતાનમાં એક દીકરી આવ્યા બાદ બીજા સંતાનમાં દીકરાની લાલચમાં મહિલાના ગર્ભમાં દીકરી છે કે દીકરો એના માટે પતિએ 2018માં ગર્ભપરીક્ષણ કરાવ્યું હતું. બે-બે વખત જબરદસ્તી ગર્ભપાત પણ કરાવ્યો હોવાનો ઉલ્લેખ યુવતીએ ફરિયાદમાં કર્યો છે. એક વખત વાંકાનેરની શ્રદ્ધા હોસ્પિટલ અને બીજી વખત રાજકોટની સિદ્ધિ વિનાયક હોસ્પિટલમાં જબરદસ્તી ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો. આ પછી



2025માં IVF કરાવવા માટે થાઈલેન્ડ બે વખત લઈ જવામાં આવી અને ત્યાં પણ મારકૂટ કરી હતી, જોકે અંતે કંટાળી હિંમત દાખવી મહિલાએ બનાવ અંગે પરિવારને જાણ કરી મોરબી મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ હર્ષદ કડીવાર, સાસુ ચંપાબેન કડીવાર અને જેઠ જિજ્ઞેશ કડીવાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. મહિલાએ દીકરીના ભવિષ્યનું વિચારી અને માતા-પિતાની સમાજમાં આબરૂ જવાના ડરથી 13 વર્ષ સુધી દુઃખ-ત્રાસ સહન કર્યો હોવાનું જણાવી સરકાર પાસે ન્યાયની માગ કરી છે. ઉલ્લેખનીય છે કે બેટી બચાવોની વાતો થાય છે, પણ પૈસા લઈ ગર્ભપાત કરતા તબીબો સામે કડક કાર્યવાહી અને કડક કાયદા બનાવવામાં આવે એવી પણ ભોગ બનનારે માગ કરી છે.

દીકરીના જન્મ બાદ સાસરિયાએ હેરાન કરવાનું શરૂ કર્યું

અભિલાષાબેન હર્ષદભાઈ કડીવારએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે હું હાલ મારા માવતરના ઘરે ગોંડલ રહું છું. મારે સંતાનમાં એક 12 વર્ષની દીકરી છે. મારા લગ્ન 29, મે, 2010ના રોજ હર્ષદ મનજીભાઈ કડીવાર સાથે થયા છે. અમારા લગ્ન બાદ હું મારા સસરાના ઘરે સંયુક્ત પરિવારમાં રાજકોટ તથા મોરબી રહેતી હતી. અમારા લગ્નજીવન બાદ આશરે બે વર્ષ સુધી અમારો ઘરસંસાર બરાબર ચાલ્યો હતો.

ઘરકામ બાબતે અવારનવાર ત્રાસ આપતા

ત્યાર બાદ મારી દીકરીના જન્મ પછી મારા પતિ તથા સાસુ ચંપાબેન મનજીભાઈ કડીવાર તથા મારા જેઠ જિજ્ઞેશ મનજીભાઈ કડીવાર મને અવારનવાર કહેતા કે અમારા મોભા મુજબ તું તારા બાપના ઘરેથી કરિયાવર લાવી નથી. મને મેણા-ટોણા મારી માનસિક ત્રાસ આપીને મને મારાં માતા-પિતા સાથે ફોન પર વાત ન કરવા દેતા અને મારાં માતા-પિતા સાથે સંપર્ક રાખવા દેતાં નહોંતા. મારાં સાસુ મને રસોઈ બાબતે તેમજ ઘરકામ બાબતે અવારનવાર ત્રાસ આપતાં હતાં તેમજ આ ત્રણે જણા મને અવારનવાર ઘરકામ બાબતે મારો ખોટો વાંક કાઢી મને મારતાં હતાં.

વિદેશમાં દારૂ પીવાની અને નોનવેજ ખાવાની ના કહેતાં માર માર્યો

મારા સસરાની શ્રાદ્ધવિધિ માટે સપ્ટેમ્બર, 2025માં અમે કેનેડાથી ભારત આવ્યાં હતાં. એકાદ અઠવાડિયા પછી હું મારા પતિ તથા મારી દીકરી બધા બેંગકોક ગયાં હતાં.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# અમેરિકાનો બીજો જંગી કાફલો મિડલ ઈસ્ટ રવાના : આ દુનિયાનું સૌથી મોટું કેરિયર એરક્રાફ્ટ; વેનેઝુએલામાં ઓપરેશનમાં સામેલ હતું

જલંધર, તા.14

અમેરિકા મિડલ ઈસ્ટમાં તેની સૈન્ય ઉપસ્થિતિ વધારી રહ્યું છે. અમેરિકા હવે તેનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર યુએસએસ જેરાલ્ડ આર. ફોર્ડ ત્યાં મોકલી રહ્યું છે. આ એક ન્યુક્લિયર-પાવર્ડ કેરિયર એરક્રાફ્ટ છે. રોઈટર્સને બે અમેરિકી અધિકારીઓએ શુક્રવારે આ માહિતી આપી.

આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે, જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. અધિકારીના જણાવ્યા અનુસાર, જેરાલ્ડને મિડલ ઈસ્ટ પહોંચવામાં એક અઠવાડિયું લાગશે. ત્યાં પહેલાથી જ અબ્રાહમ લિંકન કેરિયર અને અન્ય યુદ્ધ જહાજો તૈનાત છે.

જેરાલ્ડ તેના સાથી જહાજો સાથે કેરેબિયન સાગરમાં તૈનાત હતું. તેણે આ વર્ષે વેનેઝુએલામાં થયેલા અમેરિકી અભિયાનોમાં ભાગ લીધો છે. આ ઉપરાંત, તાજેતરના અઠવાડિયામાં ઘણા ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર, ફાઈટર જેટ અને સર્વેલન્સ વિમાન પણ મિડલ ઈસ્ટમાં મોકલવામાં આવ્યા છે.

**શા માટે આ તૈનાતી મહત્વપૂર્ણ છે**

અમેરિકી નૌકાદળ પાસે કુલ માત્ર 11 એરક્રાફ્ટ કેરિયર છે, તેથી આ ખૂબ જ કિંમતી સંસાધનો છે અને તેમની તૈનાતીનો કાર્યક્રમ



અગાઉથી નક્કી હોય છે.

ગયા વર્ષે જૂનમાં ઈરાનની ન્યુક્લિયર સાઈટ્સ પર હુમલાના સમયે પણ અમેરિકા પાસે આ ક્ષેત્રમાં બે કેરિયર હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ અઠવાડિયે કહ્યું હતું કે જો ઈરાન સાથે કોઈ સમજૂતી નહીં થાય તો તેઓ બીજું કેરિયર મોકલવા પર વિચાર કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે આગામી એક મહિનામાં ઈરાન સાથે સમજૂતી થઈ શકે છે, નહીં તો સ્થિતિ ખૂબ જ ગંભીર અને પીડાદાયક બની શકે છે.

**2025થી સમુદ્રમાં તૈનાત છે જેરાલ્ડ આર. ફોર્ડ**

જેરાલ્ડ આર. ફોર્ડ ગયા વર્ષના જૂનથી સતત સમુદ્રમાં તૈનાત છે. તેને પહેલા યુરોપમાં તૈનાત કરવાનું હતું, પરંતુ નવેમ્બરમાં અચાનક તેને કેરેબિયન સાગરમાં મોકલી દેવામાં આવ્યું.

સામાન્ય રીતે એરક્રાફ્ટ કેરિયરની તૈનાતી નવ મહિનાની હોય છે, પરંતુ સૈન્ય ગતિવિધિ વધવા પર તેને લંબાવવામાં પણ આવે છે. ફોર્ડ પરમાણુ રિએક્ટરથી સંચાલિત છે અને તેમાં 75થી વધુ સૈન્ય વિમાનો તૈનાત કરી શકાય છે. આમાં એફ-18 સુપર હોર્નેટ ફાઈટર જેટ અને ઈ-2 હોકઆઈ જેવા અર્લી વોર્નિંગ વિમાનો શામેલ છે. તેમાં અત્યાધુનિક રડાર સિસ્ટમ પણ લાગેલી છે, જે હવાઈ ટ્રાફિક અને નેવિગેશનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. અધિકારીઓએ જણાવ્યું કે પ્રશાસને બુશ એરક્રાફ્ટ કેરિયરને મોકલવા પર પણ વિચાર કર્યો હતો. જોકે તે હજુ સર્ટિફિકેશન પ્રક્રિયામાં છે અને તેને મિડલ ઈસ્ટ પહોંચવામાં એક મહિનાથી વધુ સમય લાગી જાત.

**અમેરિકાએ ઈરાન સામે 4 શરતો મૂકી**

ટ્રમ્પે ફેબ્રુઆરીની શરૂઆતમાં એક અલગ ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ઈરાન સાથેની સ્થિતિ હજુ બદલાઈ રહી છે. તેમણે દાવો કર્યો કે ઈરાન હવે વાતચીત માટે તૈયાર થઈ શકે છે. ટ્રમ્પે કહ્યું, 'ઈરાન પાસે વેનેઝુએલા કરતાં મોટો આર્મડા (કાફલો) છે.'

તેમણે એ પણ કહ્યું કે ઈરાનના અધિકારીઓ ઘણી વખત સંપર્ક કરી ચૂક્યા છે અને તેઓ ડીલ કરવા માંગે છે. ટ્રમ્પનું માનવું છે કે ઈરાન વાત કરવા માટે ઉત્સુક છે.

એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ પત્રકારોને જણાવ્યું કે અમેરિકા વાતચીત માટે તૈયાર છે. જો ઈરાન સંપર્ક કરે છે અને શરતો માને છે તો વાત થશે. આ મહિને અમેરિકી વિશેષ દૂત સ્ટીવ વિટકૉફે સમજૂતી માટે શરતો જણાવી છે-

**ઈરાને કહ્યું હતું- ડરાવીને અમારી પાસેથી કંઈ કરાવી શકતા નથી**

અમેરિકાની યુરેનિયમ એનરિચમેન્ટ રોકવાની માંગના જવાબમાં ઈરાને 8 ફેબ્રુઆરીએ કહ્યું હતું કે તે પ્રોગ્રામ કોઈપણ ભોગે છોડશે નહીં, ભલે તેને સૈન્ય ધમકીઓ મળે કે નવા પ્રતિબંધો લાદવામાં આવે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું હતું કે - ઈરાનને ડરાવીને તેની પરમાણુ નીતિ બદલી શકાતી નથી અને અમેરિકાના ઈરાદા પર અમને ભરોસો નથી. અરાઘચીએ સ્પષ્ટ કહ્યું હતું કે યુરેનિયમ સંવર્ધન ઈરાન માટે કોઈપણ સંજોગોમાં સમજૂતીનો મુદ્દો નથી. તેમણે કહ્યું કે કોઈ પણ દેશને ઈરાનને એ કહેવાનો અધિકાર નથી કે તેણે શું કરવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે ક્ષેત્રમાં અમેરિકી સૈન્ય તૈનાતી ઈરાનને ડરાવવામાં નિષ્ફળ રહેશે.

તેમણે પુનરાવર્તન કર્યું કે ઈરાન એવો કોઈ કરાર નહીં કરે જે તેની સ્વતંત્રતા અને સન્માનની વિરુદ્ધ હોય. સાથે જ તેમણે કહ્યું કે જો પ્રતિબંધોમાં રાહત મળે છે તો ઈરાન વિશ્વાસ વધારનારા કેટલાક પગલાં પર વિચાર કરી શકે છે, પરંતુ આ બધું પરસ્પર સન્માન પર નિર્ભર કરશે.

**અરબ સાગરમાં USS અબ્રાહમ લિંકન પહેલેથી તૈનાત**

અમેરિકી યુદ્ધ જહાજ USS અબ્રાહમ લિંકન અરબ સાગરમાં ઈરાન પહોંચી ચૂક્યું છે. ઈરાનના ઘણા શહેરો તેની સ્ટ્રાઈક રેન્જમાં છે. રિપોર્ટ્સ અનુસાર, તે અરબ સાગરમાં અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENCOM) ના ઝોનમાં આવી ચૂક્યું છે. સાથે જ અમેરિકાનું C 37-B એરક્રાફ્ટ પણ ઈરાન પહોંચી ગયું છે.

# ખાલિસ્તાની આતંકી પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના કેસમાં અમેરિકાએ સજા ફટકારી

## ભારતીય નિખિલ ગુપ્તા 24 વર્ષ સુધી જેલવાસ: ન્યૂયોર્ક કોર્ટમાં ગુનો કબૂલ્યો

વૉશિંગ્ટન, તા.14

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના કેસમાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને 24 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ANIના રિપોર્ટ અનુસાર, નિખિલે શુક્રવારે અમેરિકાના ન્યૂયોર્કની કોર્ટમાં પોતાનો ગુનો કબૂલી લીધો છે. 29 મેના રોજ સજાની ઔપચારિક જાહેરાત કરવામાં આવશે. અમેરિકી તપાસ એજન્સી FBIએ X પર પોસ્ટ કરીને નિખિલ ગુપ્તાના ગુનાની કબૂલાતની જાણકારી આપી. FBIએ ટ્વીટ કર્યું કે ન્યૂયોર્ક શહેરમાં અમેરિકન નાગરિકની હત્યાનું કાવતરું ઘડવા બદલ ભારતીય નાગરિકને દોષિત ઠેરવ્યો. આનો સીધી અર્થ એવો થાય કે FBIએ ખાલિસ્તાની આતંકવાદી ગુરવંત સિંહ પન્નુ અમેરિકન નાગરિક છે એવું સ્વીકારી લીધું છે.

US એટર્ની ઓફિસના નિવેદન અનુસાર, નિખિલ ગુપ્તા ઉર્ફે 'નિક'એ સેકન્ડ સુપરસીડિંગ ઈન્ડિક્ટમેન્ટમાં લગાવવામાં આવેલા ત્રણેય આરોપ સ્વીકાર્યા છે. આ આરોપોમાં મર્ડર-ફોર-હાયર, મર્ડર-ફોર-હાયરનું કાવતરું અને મની લોન્ડરિંગનું કાવતરું સામેલ છે.ગુરપતવંત સિંહ પન્નુને ભારત સરકારે 1 જુલાઈ 2020ના રોજ



UAPA હેઠળ આતંકવાદી જાહેર કર્યો હતો. તેના પર ભારતમાં અલગતાવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ છે. ગુરપતવંત સિંહ પન્નુને ભારત સરકારે 1 જુલાઈ 2020ના રોજ UAPA હેઠળ આતંકવાદી જાહેર કર્યો હતો. તેના પર ભારતમાં અલગતાવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ છે.

**નિખિલની યુરોપિયન દેશ ચેક રિપબ્લિકમાંથી ધરપકડ કરવામાં આવી**

પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં નિખિલ ગુપ્તાની 30 જૂન 2023ના રોજ ચેક રિપબ્લિક પોલીસે ધરપકડ કરી હતી. ત્યાર બાદ 14 જૂન 2024ના રોજ નિખિલને અમેરિકા પ્રત્યાર્પિત કરવામાં આવ્યો હતો. નિખિલ પર અમેરિકામાં કેસ ચલાવવામાં આવ્યો, જ્યાં તેણે પોતાને નિર્દોષ ગણાવ્યો હતો. અમેરિકી એજન્સીઓ અનુસાર, ભારતના એક પૂર્વ અધિકારી વિકાસ યાદવે નિખિલ ગુપ્તાને પન્નુની હત્યાનું કાવતરું ઘડવા કહ્યું હતું. અમેરિકી ન્યાય વિભાગે દાવો કર્યો છે કે ભારત સરકારના એક કર્મચારીએ નિખિલ ગુપ્તાને પન્નુની હત્યા માટે એક હિટમેનની વ્યવસ્થા કરવાનું કહ્યું હતું. આ આરોપ મેનહટનની ફેડરલ કોર્ટમાં દાખલ કરાયેલા ઈન્ડિક્ટમેન્ટમાં લગાવવામાં આવ્યો હતો. તે કર્મચારીને આરોપપત્રમાં CC-1 કહેવામાં આવ્યો છે, એજન્સીઓ અનુસાર નિખિલ ગુપ્તાએ ભારતીય કર્મચારી સાથે મળીને ન્યૂયોર્ક સિટીમાં પન્નુની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. (નિખિલ ગુપ્તાનું સ્કેચ)એજન્સીઓ અનુસાર નિખિલ ગુપ્તાએ ભારતીય કર્મચારી સાથે મળીને ન્યૂયોર્ક સિટીમાં પન્નુની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. (નિખિલ ગુપ્તાનું સ્કેચ)

# જર્મન ચાન્સેલર મર્ઝે કહ્યું- યુરોપની આઝાદીની ગેરંટી નથી : અમેરિકા સાથેના સંબંધોમાં ઊંડી તિરાડ, નિયમોથી ચાલતી દુનિયાનો અંત

મ્યુનિક, તા.14

જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે કહ્યું છે કે યુરોપની આઝાદીની હવે ગેરંટી નથી. મર્ઝના મતે યુરોપ હવે એવું માનીને ચાલી શકે નહીં કે તેને આપમેળે સુરક્ષા મળતી રહેશે. મ્યુનિકમાં સિક્યોરિટી કોન્ફરન્સને સંબોધિત કરતા મર્ઝે સ્વીકાર્યું કે યુરોપ અને અમેરિકાના સંબંધોમાં ઊંડી તિરાડ પડી ગઈ છે. તેમણે કહ્યું કે નિયમોથી ચાલતી દુનિયા ખતમ થઈ ગઈ છે, વૈશ્વિક વ્યવસ્થા હવે તે સ્વરૂપમાં અસ્તિત્વમાં નથી રહી. મર્ઝે કહ્યું કે દુનિયા હવે મોટી શક્તિઓની સ્પર્ધાથી ચાલી રહી છે.

સંમેલનમાં ઘણા યુરોપિયન નેતાઓ અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો પણ હાજર રહ્યા. ફ્રેડરિક મર્ઝે શુક્રવારે જર્મનીના મ્યુનિકમાં 13 થી 15 ફેબ્રુઆરી સુધી ચાલી રહેલી મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સને સંબોધિત કરી.

**બીજા વિશ્વ યુદ્ધ પછી બનેલી વ્યવસ્થા સમાપ્ત થઈ**

મર્ઝે કહ્યું કે બીજા વિશ્વ યુદ્ધ પછી જે વૈશ્વિક વ્યવસ્થા બની હતી, તે હવે સમાપ્ત થઈ ગઈ છે. તેમણે જણાવ્યું કે તે સમયે દેશો પરસ્પર નિયમો અને સમજણના આધારે કામ કરતા હતા, પરંતુ હવે પરિસ્થિતિઓ બદલાઈ ગઈ છે.

મર્ઝે કહ્યું કે આવા માહોલમાં યુરોપ એવું માનીને ચાલી શકે નહીં કે તેની સુરક્ષા અને આઝાદી આપમેળે જળવાઈ રહેશે. યુરોપિયન દેશોએ હવે વધુ જવાબદારી લેવી પડશે. જરૂર પડે તો ત્યાગ પણ કરવો પડશે અને



પોતાની સુરક્ષા અને અર્થવ્યવસ્થાને જાતે જ મજબૂત કરવી પડશે.

મર્જ મુજબ, હવે નિર્ણયો સામાન્ય નિયમોથી નહીં, પરંતુ શક્તિ અને પોતાના હિતોના આધારે લેવામાં આવી રહ્યા છે.

**મર્જે કહ્યું- અમેરિકા પણ એકલું ચાલી શકતું નથી**

મર્જે કહ્યું કે આજના વિશ્વમાં અમેરિકા પણ એકલું ચાલી શકતું નથી. તેમના મતે, હવે પરિસ્થિતિ એવી બની ગઈ છે કે કોઈ પણ મોટી શક્તિ પોતાના દમ પર દરેક પડકારનો સામનો કરી શકતી નથી.

તેમણે કહ્યું કે મહાસત્તાઓ વચ્ચે વધતી સ્પર્ધાના આ યુગમાં અમેરિકાને પણ સહયોગીઓની જરૂર છે. સુરક્ષા, સંરક્ષણ, ટેકનોલોજી અને વેપાર જેવા મોટા મુદ્દાઓ પર ભાગીદારી જરૂરી છે. માત્ર શક્તિના ભરોસે આગળ વધવું હવે શક્ય નથી.

મર્ઝે સ્પષ્ટ કર્યું કે નાટો માત્ર યુરોપ માટે જ નહીં, પરંતુ અમેરિકા માટે પણ ફાયદાકારક છે. આ ગઠબંધન બંને પક્ષોને મજબૂત બનાવે છે. તેથી તેમણે કહ્યું, "ચાલો, આપણે સાથે મળીને ટ્રાન્સ-એટલાન્ટિક વિશ્વાસને ફરીથી મજબૂત કરીએ.' મર્ઝના મતે, યુરોપ નાટોની અંદર જ એક મજબૂત તાકાત બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, જેથી ભાગીદારી સમાન હોય.

**મર્ઝે અમેરિકી ઉપરાષ્ટ્રપતિ વેન્સને નિશાન બનાવ્યા**

મર્ઝે ગયા વર્ષે મ્યુનિકમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સના નિવેદનનો ઉલ્લેખ કરતા તેમના પર ખુલ્લેઆમ નિશાન સાધ્યું. તેમણે કહ્યું, "MAGA આંદોલનની સાંસ્કૃતિક લડાઈ અમારી નથી."

ગયા વર્ષે મ્યુનિક સંમેલનમાં જેડી વેન્સે યુરોપમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા, ઈમિગ્રેશન અને પરંપરાગત મૂલ્યો સંબંધિત મુદ્દાઓ પર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે યુરોપ તેના મૂલ્યોથી દૂર જઈ રહ્યું છે અને કેટલાક દેશોમાં ફ્રી સ્પીચ મર્યાદિત થઈ રહી છે. તેમના નિવેદનને યુરોપિયન નીતિઓની ટીકા તરીકે જોવામાં આવ્યું હતું.

મર્ઝે તેના પર જવાબ આપતા કહ્યું કે અમેરિકાની 'મેક અમેરિકા ગ્રેટ અગેન' (MAGA) રાજનીતિ અને તેની સાથે જોડાયેલી સાંસ્કૃતિક ચર્ચાઓ યુરોપની નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે યુરોપમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા છે, પરંતુ તે માનવ ગરિમા અને બંધારણની વિરુદ્ધ જઈ શકે નહીં. મર્ઝના આ નિવેદનને વેન્સના નિવેદન પર સીધો પલટવાર માનવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે યુરોપ પોતાની રાજકીય દિશા પોતે નક્કી કરશે અને અમેરિકાની ઘરેલું રાજનીતિથી અંતર જાળવી રાખશે. સિક્યોરિટી કોન્ફરન્સ દરમિયાન મર્જે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે મુલાકાત કરી.

# મેડિકલની તૈયારી 4 વર્ષની ઉંમરથી જ : સાઉથ કોરિયામાં 80% બાળકો કોચિંગ કરી રહ્યા છે, અઠવાડિયામાં 40 કલાક એક્સ્ટ્રા ક્લાસ લઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.14

લી ક્યોંગ મિનનું જીવન લાંબા સમય સુધી એક જ ધરી પર ફરતું રહ્યું. પોતાની દીકરીઓને સ્કૂલથી હાગવોન, પછી ઘર સુધી પહોંચાડવી. આ દિનચર્યા લગભગ દરેક માતા-પિતાની છે, જે બાળકોને દક્ષિણ કોરિયાની ટોચની યુનિવર્સિટીમાં પ્રવેશ અપાવવા માંગે છે. હાગવોન, એટલે કે ખાનગી કોચિંગ સંસ્થાઓ, આ દોડનો મહત્વનો ભાગ છે, જ્યાં બાળકો ગણિત, કોરિયન અને અંગ્રેજી ભણે છે જેથી કઠિન પ્રવેશ પરીક્ષામાં સફળ થઈ શકે.

લીએ બાળકોના અભ્યાસ ખાતર જાહેરાત જગત છોડી દીધું. પતિ ફાઈનાન્સ સાથે સંકળાયેલા છે... બંનેએ દીકરીઓને સૌથી સારી કોચિંગમાં દાખલ કરાવી. સાતેય દિવસ બાકીના માતા-પિતાની જેમ તેઓ પણ મોડી રાત સુધી કેફેમાં બેસીને રાહ જોતા હતા. તેમણે ઘણી વાર બાળકોને કેફેમાં જ હોમવર્ક અને ડિનર કરતા અને પછી આગલા ક્લાસ તરફ દોડતા જોયા. આ દ્રશ્ય તેમને હચમચાવી દેતું હતું, કારણ કે આ શિક્ષણ વ્યવસ્થા બાળકોની નિર્દોષતા અને પરિવારની શાંતિ બંનેને ગળી રહી હતી.

દ. કોરિયામાં 80% શાળાના બાળકો કોઈને કોઈ સ્વરૂપે કોચિંગ લે છે. સરકારી ડેટા અનુસાર, 2024માં આ બજાર 1.84 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું. સિઓલના કેટલાક વિસ્તારોમાં તો



4 વર્ષના બાળકોને ઈંગ્લિશ પ્રી-સ્કૂલ માટે એન્ટ્રન્સ ટેસ્ટ આપવો પડે છે. 2013માં લીએ પોતાની દીકરીઓને 4 અને 5 વર્ષની ઉંમરે ઈંગ્લિશ પ્રી-સ્કૂલમાં પ્રવેશ અપાવ્યો. પછી તેમને ગંગનમના ડૈચી વિસ્તારના હાગવોન મોકલ્યા, જ્યાં 1,200 કોચિંગ સેન્ટર છે. અહીં પ્રવેશ પહેલાં 'ટેસ્ટ' આપવો પડે છે.

**મગજ તેજ કરવાનો દાવો કરી રહેલા ક્લિનિક**

સિઓલમાં અભ્યાસનું દબાણ સ્પષ્ટપણે દેખાય છે. અહીં એવા સ્ટડી કેફે છે જ્યાં વિદ્યાર્થીઓના ફોન જપ્ત કરી લેવામાં આવે છે જેથી તેઓ ધ્યાનપૂર્વક અભ્યાસ કરી શકે. કેટલાક ક્લિનિક્સ મગજ તેજ બનાવતી સારવારનો દાવો કરે છે. રસ્તાઓ પર 'થેરાપી ઝોન' સાઉન્ડપ્રૂફ કેબિન બનેલા છે, જ્યાં વિદ્યાર્થીઓ શાંતિથી અભ્યાસ કરી શકે છે અથવા ચીસો પાડીને તણાવ દૂર કરી શકે છે. સિઓલ નેશનલ યુનિવર્સિટીના પ્રોફેસર કિમ ડોંગ-સુ કહે છે કે, હાગવોન પર આધારિત શિક્ષણ પ્રણાલી બાળકો અને સમાજ બંને માટે ખતરનાક છે. તેનું પરિણામ માનસિક દબાણ અને આત્મહત્યાની ઘટનાઓમાં વધારો છે. તેઓ માને છે કે શિક્ષણ ફક્ત પરીક્ષાના પરિણામો સુધી સીમિત ન રહેવું જોઈએ. સિઓલમાં અભ્યાસનું દબાણ સ્પષ્ટપણે દેખાય છે. અહીં એવા સ્ટડી કેફે છે જ્યાં વિદ્યાર્થીઓના ફોન જપ્ત કરી લેવામાં આવે છે જેથી તેઓ ધ્યાનપૂર્વક અભ્યાસ કરી શકે. કેટલાક ક્લિનિક્સ મગજ તેજ બનાવતી સારવારનો દાવો કરે છે. રસ્તાઓ પર 'થેરાપી ઝોન' સાઉન્ડપ્રૂફ કેબિન બનેલા છે, જ્યાં વિદ્યાર્થીઓ શાંતિથી અભ્યાસ કરી શકે છે અથવા ચીસો પાડીને તણાવ દૂર કરી શકે છે. સિઓલ નેશનલ યુનિવર્સિટીના પ્રોફેસર કિમ ડોંગ-સુ કહે છે કે, હાગવોન પર આધારિત શિક્ષણ પ્રણાલી બાળકો અને સમાજ બંને માટે ખતરનાક છે. તેનું પરિણામ માનસિક દબાણ અને આત્મહત્યાની ઘટનાઓમાં વધારો છે. તેઓ માને છે કે શિક્ષણ ફક્ત પરીક્ષાના પરિણામો સુધી સીમિત ન રહેવું જોઈએ.

ત્રીજા ધોરણના ગણિત કોચિંગ માટે એટલો સંઘર્ષ રહે છે કે કોચિંગની મદદ લેવી પડે છે. એક કહેવત પણ છે - જો બાળકને મેડિકલ કોલેજ મોકલવું હોય, તો તેને હાઈસ્કૂલ સુધીનું ગણિત છ વાર ભણાવવું પડશે. એક કોચિંગ સંચાલક જણાવે છે કે, 'તેમના ત્યાં પ્રાઈમરી સ્કૂલના બાળકો અઠવાડિયામાં 40 કલાક એક્સ્ટ્રા ક્લાસ કરે છે. દબાણ એટલું છે કે 6 વર્ષની બાળકીએ નિબંધમાં લખ્યું કે જો તે સારું નહીં કરી શકે, તો આખો પરિવાર દુઃખી થઈ જશે.

બાળકીની માતા પાર્ક યુના કહે છે, 'દીકરીની સાથીએ આત્મહત્યા કરી લીધી કારણ કે તે ટોચના ગણિત હાગવોનમાં પ્રવેશ મેળવી શકી ન હતી. આ પછી પાર્કે નક્કી કર્યું કે તેમના બાળકો કોલેજ ન જવા માંગતા હોય તો પણ કોઈ વાંધો નથી. પાર્કની મોટી દીકરી સાહિત્યમાં તેજ હતી, પણ ગણિતમાં નબળી હતી. કોરિયન શિક્ષણ પ્રણાલીમાં ગણિતમાં નબળા વિદ્યાર્થીને બીજા દરનો ગણવામાં આવે છે. ધ્યાન હંમેશા નબળાઈ પર રહે છે. આનાથી બાળકોનો આત્મસન્માન પ્રભાવિત થાય છે. આ બાજુ, પાર્કે દીકરીઓને અમેરિકન બોર્ડિંગ સ્કૂલમાં મોકલી દીધી જેથી તેઓ દબાણમાં ન રહે. જોકે તેઓ માને છે કે આ વિકલ્પ બધા પાસે હોતો નથી. દીકરીઓ ત્યાં ખુશ છે. મોટી દીકરી, જેને ગણિતમાં નબળી માનવામાં આવતી હતી, ત્યાં 'જીનિયસ' કહેવાય છે. તે હવે મનોવૈજ્ઞાનિક છે અને હાગવોનમાં ફસાયેલા માતા-પિતા અને બાળકોને દબાણમાંથી બહાર આવવામાં મદદ કરે છે. બાળકીની માતા પાર્ક યુના કહે છે, 'દીકરીની સાથીએ આત્મહત્યા કરી લીધી કારણ કે તે ટોચના ગણિત હાગવોનમાં પ્રવેશ મેળવી શકી ન હતી. આ પછી પાર્કે નક્કી કર્યું કે તેમના બાળકો કોલેજ ન જવા માંગતા હોય તો પણ કોઈ વાંધો નથી. પાર્કની મોટી દીકરી સાહિત્યમાં તેજ હતી, પણ ગણિતમાં નબળી હતી. કોરિયન શિક્ષણ પ્રણાલીમાં ગણિતમાં નબળા વિદ્યાર્થીને બીજા દરનો ગણવામાં આવે છે. ધ્યાન હંમેશા નબળાઈ પર રહે છે. આનાથી બાળકોનો આત્મસન્માન પ્રભાવિત થાય છે. આ બાજુ, પાર્કે દીકરીઓને અમેરિકન બોર્ડિંગ સ્કૂલમાં મોકલી દીધી જેથી તેઓ દબાણમાં ન રહે. જોકે તેઓ માને છે કે આ વિકલ્પ બધા પાસે હોતો નથી. દીકરીઓ ત્યાં ખુશ છે. મોટી દીકરી, જેને ગણિતમાં નબળી માનવામાં આવતી હતી, ત્યાં 'જીનિયસ' કહેવાય છે. તે હવે મનોવૈજ્ઞાનિક છે અને હાગવોનમાં ફસાયેલા માતા-પિતા અને બાળકોને દબાણમાંથી બહાર આવવામાં મદદ કરે છે.

# ટ્રમ્પે કહ્યું- વેનેઝુએલામાં સીક્રેટ હથિયારનો ઉપયોગ કર્યો

## રશિયા-ચીનની ડિફેન્સ સિસ્ટમ નિષ્ફળ ગઈ; કહ્યું- એક દિવસ બધી જ ખબર પડી જશે

અમેરિકા, તા.14

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે વેનેઝુએલામાં 3 જાન્યુઆરીએ થયેલા સૈન્ય ઓપરેશનમાં અમેરિકાએ એક સિક્રેટ હથિયારનો ઉપયોગ કર્યો. ટ્રમ્પના મતે આ હથિયારના કારણે રશિયા અને ચીનની ડિફેન્સ સિસ્ટમ કામ કરી શકી નહીં. નોર્થ કેરોલિનાના ફોર્ટ બ્રેગ સૈન્ય બેઝ પર સૈનિકોને સંબોધિત કરતા ટ્રમ્પે આ હથિયારને 'ડિસકમ્બોબ્યુલેટર' કહ્યા. જોકે, તેમણે આ વિશે વધુ માહિતી આપવાનો ઈનકાર કર્યો.

**ટ્રમ્પે કહ્યું**

વેનેઝુએલાના સૈનિકોને એક પણ ગોળી ચલાવવાનો મોકો મળ્યો નહીં. રશિયન ઉપકરણો કામ ન કર્યા. ચીની ઉપકરણો કામ ન કર્યા. બધા એ સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે કે આવું શા માટે થયું. એક દિવસ તમને આ વિશે ખબર પડશે. આ પહેલીવાર છે જ્યારે ટ્રમ્પે કોઈ સાર્વજનિક કાર્યક્રમમાં આ સિક્રેટ હથિયારનો ઉલ્લેખ કર્યો છે. આ પહેલા તેઓ એકવાર ઉલ્લેખ કરી ચૂક્યા હતા. ગયા અઠવાડિયે ન્યૂયોર્ક પોસ્ટને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું, "મને આ વિશે વાત કરવાની પરવાનગી નથી. પરંતુ એટલું કહી દઉં, બધું ગડબડ કરી દેવામાં આવ્યું હતું.'

**અમેરિકાએ હુમલા માટે 150 વિમાનોનો ઉપયોગ કર્યો**

અમેરિકી જોઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફના ચેરમેન એર ફોર્સ જનરલ ડેન કેન અનુસાર, વેનેઝુએલા પર હુમલા માટે 20 ઠેકાણાઓ પરથી 150થી વધુ વિમાનોએ ઉડાન ભરી. તેમાં બોમ્બર્સ, ફાઈટર જેટ, ઈન્ટેલિજન્સ અને સર્વેલન્સ પ્લેટફોર્મ્સ શામેલ હતા. આ ઑપરેશનમાં અમેરિકી સૈનિકો રાતના અંધારામાં હેલિકોપ્ટરથી વેનેઝુએલાની રાજધાની કારાકાસ પહોંચ્યા. તેમણે ભારે સુરક્ષા વચ્ચે તત્કાલીન રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસની ધરપકડ કરી. વેનેઝુએલાના અધિકારીઓ અનુસાર, હુમલાની શરૂઆત અમેરિકી બોમ્બમારાથી થઈ હતી, જેમાં સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા. આ કાર્યવાહીમાં 83 લોકોના મોત થયા અને 112થી વધુ લોકો ઘાયલ થયા. ટ્રમ્પે જણાવ્યું કે કોઈ પણ અમેરિકી સૈનિકનું મોત થયું નથી, પરંતુ ત્રણ હેલિકોપ્ટર પાઈલટ ઘાયલ થયા છે.

અમેરિકા પર વેનેઝુએલામાં સોનિક હથિયારનો ઉપયોગ



કરવાનો આરોપ લાગ્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, આ ઓપરેશન દરમિયાન અમેરિકી સેનાએ એક અત્યંત શક્તિશાળી અને અત્યાર સુધી ન જોયેલા હથિયારનો ઉપયોગ કર્યો, જેનાથી વેનેઝુએલાના સૈનિકો સંપૂર્ણપણે લાચાર થઈ ગયા હતા. એક વેનેઝુએલન સિક્યોરિટી ગાર્ડે ગયા મહિને જણાવ્યું કે ઓપરેશન શરૂ થતા જ તેમની તમામ રડાર સિસ્ટમ અચાનક બંધ થઈ ગઈ. તેના થોડા જ સેકન્ડ પછી તેમણે આકાશમાં મોટી સંખ્યામાં ડ્રોન ઉડતા જોયા. ગાર્ડ અનુસાર, તેમને સમજાયું જ નહીં કે આ સ્થિતિમાં શું કરવું. ગાર્ડે આગળ દાવો કર્યો કે ઓપરેશન દરમિયાન અમેરિકી સેનાએ એક સિક્રેટ ઈક્વિપમેન્ટનો ઉપયોગ કર્યો. આ કોઈ ખૂબ જ તીવ્ર અવાજ કે તરંગ (સાઉન્ડ વેબ) જેવું હતું. આના તરત પછી તેને એવું લાગ્યું જાણે તેનું માથું અંદરથી ફાટી રહ્યું હોય. ઘણા સૈનિકોના નાકમાંથી લોહી વહેવા લાગ્યું અને કેટલાકને લોહીની ઉલટીઓ થઈ. બધા સૈનિકો જમીન પર પડી ગયા અને કોઈ પણ ઊભા રહેવાની સ્થિતિમાં નહોતું. ગાર્ડે કહ્યું કે તે જાણતો નથી કે આ કોઈ સોનિક હથિયાર હતું કે બીજું કંઈક.

**અમેરિકા પાસે તીવ્ર ગરમી છોડનારા હથિયારો**

અમેરિકાના એક પૂર્વ સિક્રેટ અધિકારીએ કહ્યું કે આ પ્રકારના લક્ષણો ડાયરેક્ટેડ એનર્જી હથિયારો સાથે મેળ ખાય છે. તેમના મતે આવા હથિયારો માઈક્રોવેવ અથવા લેસર જેવી ઊર્જાનો ઉપયોગ કરે છે અને તેનાથી દુખાવો, રક્તસ્રાવ અને શરીરને ટૂંકા ગાળા માટે લકવો થઈ શકે છે. અમેરિકી સેના પાસે ઘણા વર્ષોથી 'એક્ટિવ ડિનાયલ સિસ્ટમ' નામનું એક હીટ રે હથિયાર છે. તે ડાયરેક્ટેડ, પલ્સ્ડ એનર્જીનો ઉપયોગ કરે છે. જોકે, આ ઓપરેશનમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે નહીં તે સ્પષ્ટ નથી. CNNના રિપોર્ટ અનુસાર, એક્ટિવ ડિનાયલ સિસ્ટમ એક નોન-લીથલ હથિયાર છે. તે અદ્રશ્ય ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોનું કિરણ છોડે છે, જે અડધા માઈલથી વધુ અંતર સુધી જઈ શકે છે. તે ત્વચાની અંદર સુધી પહોંચીને તીવ્ર ગરમીનો અહેસાસ કરાવે છે, જેનાથી લોકો તરંગની દિશામાંથી હટવા મજબૂર થઈ જાય છે.

**કિલ્લાની જેમ સુરક્ષિત ઘરમાં હતા માદુરો**

લશ્કરી ઓપરેશન પછી ટ્રમ્પે જણાવ્યું હતું કે માદુરો રાષ્ટ્રપતિ ભવનમાં હતા, જે કોઈ કિલ્લાની જેમ સુરક્ષિત હતું. ત્યાં એક ખાસ સેફ રૂમ હતો, જેની દિવાલો સંપૂર્ણપણે સ્ટીલની હતી. માદુરો તે રૂમમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ અમેરિકી સૈનિકો એટલી ઝડપથી અંદર પહોંચ્યા કે તેઓ દરવાજો બંધ જ ન કરી શક્યા. જૉઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફના પ્રમુખ જનરલ ડેન કેને જણાવ્યું હતું કે આ ઑપરેશનની મહિનાઓ સુધી રિહર્સલ કરવામાં આવી હતી.

તંત્રી લેખ

## બજેટ પર ચૂંટણીલક્ષી લેબલ ના વાગે તેનું ખાસ ધ્યાન રખાયું

ગયા રવિવારે નાણાંપ્રધાન સીતારામને રજૂ કરેલા બજેટમાં અમેરિકી ટેરિફનો ડર ના વર્તાય તેની તકેદારી રાખવાની સાથે બજેટ ચૂંટણીલક્ષી છે એવો સંકેત પણ ના જાય તેવા પ્રયાસો કર્યા હતાં. આ વર્ષે ચાર રાજ્યો વત્તા એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાનો જંગ છે. જ્યાં ચૂંટણી યોજાવાની હોય તે રાજ્યોના મતદારોને ખુશ કરવાનો રિવાજ છે. નવ વાર બજેટ રજૂ કરનારાં નિર્મલા સીતારામન પણ આ રિવાજ અથવા તો પરંપરા પાળવામાંથી બાકાત નથી રહ્યાં. તેમણે બહુ સાવચેતીપૂર્વક ચૂંટણી થવાની છે તે રાજ્યોમાં નવી સ્કીમો મારફતે રાહત પહોંચાડી છે.

અલબત્ત, નાણાંપ્રધાને કોઈ નવી વેલફેર સ્કીમ ચૂંટણીવાળાં રાજ્યો માટે નથી આપી. અમેરિકાની ટેરિફથી જે રાજ્યોને સૌથી વધુ અસર થઈ છે તેવા મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ અને તમિળનાડુનું બજેટમાં ખાસ ધ્યાન રખાયું છે. જે પાંચ પંથકમાં વિધાનસભાનો જંગ છે તેમાં આસામ, પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, કેરળ અને પુડીચેરીનો સમાવેશ થાય છે. એનડીએ આસામ રાજ્યમાં ફરી સરકાર રચાય તેમ ઈચ્છે છે, તો અન્ય રાજ્યોમાં પોતાની પકડને વધુ મજબૂત બનાવવા માંગે છે. અમેરિકી ટેરિફના કારણે તમિળનાડુના ટેક્સટાઈલ ઉદ્યોગને મોટો ફટકો પડયો છે. તમિળનાડુના મુખ્યપ્રધાન એમ.કે. સ્ટાલીને કેન્દ્ર સરકારને પત્ર લખીને મોકલ્યો છે કે ટેરિફના કારણે લાખો લોકોની જોબ પર જોખમ ઊભું થયું છે. તાજેતરમાં ભારત અને યુરોપ વચ્ચે થયેલા એફટીએ કરારના પગલે રોજગારી વધશે એમ નિષ્ણાતોનું માનવું છે.

તમિળનાડુમાં આડકતરી રીતે નોકરીઓ ઊભી થાય તે માટે નાણાંપ્રધાને મેગા ટેક્સટાઈલ પાર્ક ઊભા કરવાની જાહેરાત કરી છે. અન્ય જાહેરાતોમાં નેશનલ ફાઈબર સ્કીમ ગેમ ચેન્જર બની શકે છે. તેના કારણ સિલ્ક, વૂલ,અને જ્યૂટ જેવા નેચરલ ફાઈબર બાબતે આત્મનિર્ભર બની શકાશે. માણસે બનાવેલા ફાઈબર અને ટેકોનોલોજીના આધારે બનાવેલા ફાઈબરમાં બહુ ફર્ક જોવા નથી મળતો. ટેક્સટાઈલ ગાર્મેન્ટ, લેધર ગાર્મેન્ટ,લેધર કે સિન્થેટીક ફૂટવેર વગેરેની નિકાસ માટેની સ્કીમનો લાભ લેવાનો સમય છ મહિના પરથી ૧૨ મહિનાનો કરાયો છે. જેના કારણે ટેક્સટાઈલ અને લેધર નિકાસકારોને સીધો લાભ થઈ શકે છે. લેધરના માલસામાન માટે પશ્ચિમ બંગાળ બહુ પ્રખ્યાત છે.

જર્મન અને સ્વીડન જેવા દેશો યુરોપિયન યુનિયનના સભ્યો છે, જે ભારતના એસએમઈ સેક્ટરને બહુ ઉપયોગી બની શકે છે. એટલેજ સરકારે ૧૦,૦૦૦ કરોડ એસએમઈ ગ્રોથ ફંડની રચના કરી છે. હાઈસ્પીડ ટ્રેનની સવલતોની જાહેરાતોમાં હૈદ્રાબાદ-ચેન્નાઈ, ચેન્નાઈ -બેંગલુરૂ રૂટનો સમાવેશ થાય છે. ઓડિસા, કેરળ,આન્ધ્રપ્રદેશ અને તમિળનાડુમાંથી મળી આવતાં અપ્રાપ્ય ખનીજ તત્ત્વોને ધ્યાનમાં રાખીને નાણાપ્રધાને રેર અર્થ કોરીડોરની જાહેરાત કરીને કંઈક નવું આપવાનો પ્રયાસ કર્યો છે. તમિળનાડુની પુરાતત્વ સાથે સંકળાયેલી સાઈટ આદિચન્નલુર, પુલકીત લેક સાથે બર્ડ વોચીંગ સાઈટ વગેરે માટે સરકારી સહાય અને તેના વિકાસ માટે જોઈતી મદદની ખાત્રી આપી હતી. તમિળનાડુ, પ.બંગાળ, આસામ અને કેરળનાં ધાર્મિક સ્થળો ખાતે આધુનિક સવલતો ઊભી કરવા બજેટમાં ૫,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવમાં આવ્યા છે.

ટાયર -ટુ અને ટાયર-થ્રી શહેરો તેમજ જે શહેરોમાં મંદિરો છે ત્યાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભાં કરવા બજેટમાં ૭,૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. અહીં યાદ રહે કે સૌથી વધુ મંદિરો તમિળનાડુમાં છે કે જ્યાં વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે. રાજ્યનાં ૧૦૦ જેટલાં જૂનાં ઔદ્યોગિક સ્થળો અને એસ્ટેટોમાં વિશેષ સવલતો આપવાની બજેટમાં દરખાસ્ત છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ક્રડ અને જીવાશ્મ આધારિત ઈંધણ મેળવતી યોજનાઓની મદદમાં 80 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તેના કારણે આ રકમ 9.5 અબજ ડોલર પહોંચી ગઈ છે. બીજી તરફ સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી માટે આપવામાં આવતી સહાયમાં મોટાપાયે ઘટાડાતા આ રકમ માત્ર 3.7 અબજ ડોલર વધી છે : 2023માં બાંગ્લાદેશ, ફિલિપાઈન્સ અને ચીનને પ્રદુષણ સામે લડવા માટે અને વાયુ ગુણવત્તા સુધારવા માટે 65 ટકા મદદ બહારથી મળી હતી

# વિશ્વમાં વાયુ પ્રદુષણથી વર્ષે 57 લાખ લોકોનાં મોત થાય છે

### સતત વધી રહેલું પ્રદુષણ અને વૈશ્વિક ધોરણે પ્રદુષણ રોકવા કામ કરતી સંસ્થાઓની આર્થિક મદદમાં કરાતો ઘટાડો મોટી જાનહાની નોંતરશે તેવા સંકેત

દુનિયામાં એક તરફ પ્રદુષણ વધી રહ્યું છે, લોકો માટે જીવવું મુશ્કેલ બની રહ્યું છે. હવા, પાણી, જમીન, ભોજન બધે જ પ્રદુષણ સતત વધી રહ્યું છે. હવે સ્થિતિ એવી બની રહી છે કે, વધતા પ્રદુષણને રોકવા માટે વાતો થાય છે, મિટિંગો થાય છે પણ તેના ઉપર કામ થઈ રહ્યું નથી. તેના માટે જે ભંડોળ ફાળવવામાં આવી રહ્યું છે તેમાં વ્યાપક ઘટાડો થઈ ગયો છે. કેટલાક જાણકારોનો આક્ષેપ છે કે, વિવિધ મોટા દેશ અને એજન્સીઓ દ્વારા એવી યોજનાઓમાં રોકાણ કરવામાં આવી રહ્યું છે અથવા તો ભંડોળ આપવામાં આવી રહ્યું છે જેના દ્વારા પ્રદુષણ વધારે ફેલાય છે. હાલમાં મોટા દેશોનું જે રીતે વલણ બદલાયું છે અને વૈશ્વિક સંસ્થાઓ દ્વારા નીતિગત નિર્ણયો લઈને જે રીતે કામ કરવામાં આવી રહ્યું છે તેના પગલે વિકાસશિલ દેશોને નુકસાન થઈ રહ્યું છે. આ સ્થિતિમાં સુધારો નહીં કરવામાં આવ્યો તો આગામી વર્ષોમાં લાખો લોકોનાં મોત વાયુ પ્રદુષણના કારણે થશે.

થોડા સમય પહેલાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે, વાયુ પ્રદુષણને કારણે વિશ્વમાં વર્ષે ૫૭ લાખ લોકોનાં મોત થાય છે. અહેવાલો જણાવે છે કે, ૨૦૨૩-૨૪માં ઘણા દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા એજન્સીઓ દ્વારા ક્રૂડ અને જીવાશ્મ આધારિત ઈંધણ મેળવતી યોજનાઓ પાછળ રોકાણ અને મદદમાં ૮૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તેના કારણે આ રકમ ૯.૫ અબજ ડોલર પહોંચી ગઈ છે. બીજી તરફ એજન્સીઓ દ્વારા સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી અને ગુણવત્તાસભર વાતાવરણ માટે આપવામાં આવતી સહાયમાં મોટાપાયે ઘટાડો કરવામાં આવ્યો છે. તેના કારણે આ રકમ માત્ર ૩.૭ અબજ ડોલર વધી છે. જાણકારો કહે છે કે, વૈશ્વિક ધોરણે વિવિધ દેશો અને એજન્સીઓ દ્વારા માનવતા માટે જે સહાય કરવામાં આવે છે તેની માત્ર ૧ ટકા રકમ વાયુ ગુણવત્તા માટે આપવામાં આવી છે. તેના કારણે આ કાર્યોના વિકાસમાં મોટાપાયે બ્રેક લાગી છે અને માણસોના સ્વાસ્થ્ય ઉપર ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે.

પ્રદુષણને અટકાવવા માટેની આર્થિક સહાય ઓછી થઈ રહી છે. ચિંતાજનક વાત એ છે કે, દર વર્ષે યોજાતા શિખર સંમેલનમાં પણ જળવાયુ પરિવર્તન અને પલટાતા હવામાન વિશે વાતો કરવામાં આવે છે, સ્વચ્છ હવા,પાણીની વાત કરવામાં આવે છે પણ તેના ઉપર કામ કરવામાં આવતું નથી. તેના વિશે ભંડોળ આપવાનું આવે ત્યારે સરકારો અને એજન્સીઓ હાથ પાછા ખેંચી લેતી હોય છે.

જાણકારો માને છે કે, વૈશ્વિક સ્વાસ્થ્ય અને વૈશ્વિક કલ્યાણ અંગે કામ કરતી સંસ્થાઓ દ્વારા પ્રદુષણથી થતાં વૈશ્વિક મોત અંગે ફેરવિચાર કરવો જોઈએ. માત્ર આર્થિક અને જિયોપોલિટિક્સના હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણય કરીને લોકોને મરવા માટે ન છોડી શકાય.

ઘણા દેશોમાં પ્રદુષણનું સ્તર સખત વધી રહ્યું છે અને તેની નકારાત્મક અસરો પણ જોઈ શકાય છે. વિશ્વની સૌથી મોટી વિકાસ એજન્સી યુએસએડ બંધ થવાના કારણ વર્લ્ડ બેન્ક જેવી સંસ્થાઓ ઉપર દબાણ વધ્યું છે. આ સ્થિતિનો ઉકેલ નહીં લાવવામાં આવે તો આગામી સમયમાં કરોડો લોકો પ્રદુષણના કારણે જીવ ગુમાવશે. અહેવાલ પ્રમાણે હાલમાં દર વર્ષે ૫૭ લાખ લોકો પ્રદુષણના કારણે જીવ ગુમાવે છે. ૨૦૪૦ સુધીમાં લોકોનાં મોતનો આ આંકડો ૬૨ લાખને પાર કરી જશે. જાણકારો માને છે કે, આ કોઈ ભયસ્થાન કે ચેતવણી નથી પણ હવે પ્રદુષણ અને તેના કારણે થતાં મોત મહામારીની જેમ વધી રહ્યા છે. વિશ્વના નબળા અને ગરીબ વર્ગો તથા છેવાડાના વર્ગો તેના કારણે ઘણી પીડા ભોગવી રહ્યા છે. આગામી સમયમાં પણ તેમને જ ભોગવવાનું આવશે.



ચિંતાજનક બાબત એવી છે કે, વૈશ્વિક સ્તરે પ્રદુષણ સામે લડવા માટે ફળવાતા ભંડોળમાં પણ ભયાનક સ્તરે અસમાનતા જોવા મળી રહી છે. ૨૦૨૩માં બાંગ્લાદેશ, ફિલિપાઈન્સ અને ચીનને પ્રદુષણ સામે લડવા માટે અને વાયુ ગુણવત્તા સુધારવા માટે ૬૫ ટકા મદદ બહારથી મળી હતી. બીજી તરફ સબ સહારન સેક્ટર અને સબ સહારન આફ્રિકાના વિસ્તારોને બહારથી મળતી મદદ આશ્ચર્યજનક રીતે ૯૧ ટકા ઘટી ગઈ હતી. તેના કારણે તેમને માત્ર ૧.૧૮ કરોડ ડોલર જ મળ્યા હતા. વિચારવા જેવી બાબત એ છે કે, જે વિસ્તારમાં સ્થિતિ સુધારવાની વધારે જરૂર છે, જ્યાં સ્વાસ્થ્ય માળખું સૌથી નબળું છે ત્યાં મદદ ઓછી પહોંચી છે. મોટા દેશ અને વૈશ્વિક એજન્સીઓ દ્વારા કેવી રીતે બેદરકારી દાખવવામાં આવે છે તેનું આ ઉદાહરણ છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૨૦૪૦ સુધીમાં પ્રદુષણના કારણે થતાં માનવ મોતનો આંકડો અડધો કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. બીજી તરફ વૈશ્વિક સંસ્થાઓ અને એજન્સીઓ દ્વારા જે રીતે ફંડ આપવામાં આવે છે અને કામગીરી થઈ રહી છે તે જોતાં મોતનો આંકડો ઘટશે નહીં પણ વધશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

જી-૨૦ દ્વારા પ્રદુષણ ઘટાડવાના મુદ્દાને પોતાના સૌથી મોટા એજન્ડામાં સ્થાન આપવામાં આવ્યું છે. બીજી તરફ વૈશ્વિક રાજકારણને પગલે અને બદલાતી રાજકીય સ્થિતિ અને અમેરિકાની આડોડાઈને કારણે હાલમાં વૈશ્વિક સંસ્થાઓ અટવાઈ ગઈ છે.

બજેટ અને નીતિઓ વચ્ચે વિશાળ અંતર છે અને બધું જ માત્ર કાગળ ઉપર જ રહ્યું છે. તેને વાસ્તવિકતા તરફ નહીં લઈ જવામાં આવે તો કોઈ ફાયદો થવાનો નથી.

જાણકારો માને છે કે, આર્થિક સહાયની જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ઉદ્યોગો, ઈંધણ અને પુન:અપ્રાપ્ય સ્રોત માટે ખર્ચવાના બદલે થોડા વધારે પ્રમાણમાં સ્વચ્છ હવા, પ્રદુષણમુક્તિ, સ્વચ્છ પાણી માટે પણ ખર્ચાવા જોઈએ. તે ઉપરાંત વૈશ્વિક સંસ્થાઓના નીતિગત મૂલ્યોમાં પણ પરિવર્તન આવવું જોઈએ. વાયુ પ્રદુષણ કોઈ કુદરતી આપત્તી નથી આ એક માનવ સર્જીત સમસ્યા છે જેનો ઉકેલ માણસોએ જ પોતાની રીતે લાવવો પડશે.

રાજકીય અસમાનતાઓ, રાજકીય નીતિઓ, આર્થિક પ્રાથમિકતાઓનો અભાવ, ઈચ્છાશક્તિનો અભાવ અને વૈશ્વિક અસમાનતાના કારણે માણસોએ જ કરેલા કર્મોનું ફળ મળી રહ્યું છે. વિશ્વ બેન્ક અને વૈશ્વિક સંસ્થાઓ પોતાના વલણમાં ફેરફાર નહીં કરે, વિશ્વ આરોગ્ય સંસ્થા અને જી-૨૦ જેવા સંગઠનો દ્વારા પોતાની કામગીરીની દિશામાં અને નીતિઓમાં સુધારો નહીં કરવામાં આવે તો સમયાંતરે થતી જાહેરાતો માત્ર કાગળ ઉપર જ રહી જશે. હવે ધીમે ધીમે આ લડાઈ માત્ર પ્રદુષણની વિરુદ્ધ નથી રહી. હવે આ લડાઈ ન્યાય, સમાનતા, દરેક વ્યક્તિને સ્વચ્છ હવામાં શ્વાસ લેવાના અધિકાર અને સ્વચ્છ વાતારવણમાં જીવન જીવવાના અધિકાર સુધી પહોંચી ગઈ છે. આપણા કરેલા પાપને કારણે ભાવી પેઢીની જિંદગી જોખમમાં મુકી શકાય નહીં.

પ્રદુષણ અને વૈશ્વિક સમસ્યાઓના નિવારણની કામગીરીની વાત આવે ત્યારે અનેક દેશો અને એજન્સીઓ દ્વારા ભારતને કાયમ અન્યાય કરવામાં આવ્યો છે. એશિયામાં જ અન્ય દેશોને મદદ વધારે મળે છે પણ ભારતની તરફ યોગ્ય સમર્થનનો હાથ લંબાવાતો નથી. દુનિયાના સૌથી વધારે પ્રદુષિત શહેરો પણ ભારતમાં વધી રહ્યા છે. દિલ્હી, પટના, લખનઉ, કાનપુર, ધનબાદ, ગાઝિયાબાદ જેવા શહેરોમાં પ્રદુષણ ભયાનક સ્તરે વધી રહ્યું છે.

શિયાળા દરમિયાન મોટાભાગનું ઉત્તર ભારત ગેસ ચેમ્બરમાં ફેરવાઈ જાય છે અને લોકોને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી સર્જાય છે છતાં પ્રદુષણને ડામવા માટે યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. અહેવાલો જણાવે છે કે, ભારતને ક્યારેય આ દિશામાં પ્રાથમિકતા આપવામાં આવતી નથી. તેને વાયુ પ્રદુષણ અટકાવવા માટે ભંડોળમાં અન્યાય કરવામાં આવે છે અને બીજી તરફ પ્રદુષણ રોકવા માટે થતા સંશોધનો કરવા માટે પણ ભારતને યોગ્ય સહાય કરવામાં આવતી નથી. ભારતમાં પ્રદુષણનો સ્થાનિક અને દિર્ઘકાલીન ઉકેલ લાવવા માટે યોગ્ય રોકાણ થતું નથી. એક અહેવાલ પ્રમાણે ભારતને વાયુ પ્રદુષણને કારણે ૯૫ અબજ ડોલરનું વાર્ષિક નુકસાન થાય છે. લોકોના કામકાજના દિવસોમાં ઘટાડો થાય છે, બાળકો સ્કુલે જઈ શકતા નથી, લોકોની ઉત્પાદકતા ઘટી જાય છે, હોસ્પિટલના ખર્ચ થઈ શકતા નથી, જીવનની ગુણવત્તામાં ઘટાડો થાય છે. આ સમસ્યા ધીમે ધીમે એટલી મોટી થઈ રહી છે કે આગામી પેઢીને તેનું ભયાનક પરિણામ ભોગવવાનું આવશે. ગરીબી, અસમાનતા, જાહેર સ્વાસ્થ્ય જોખમ સાથે જોડાયેલો આ સૌથી મોટો મુદ્દો છે.

ભારતમાં ગરીબ વસતી, અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા મજૂરો, ફૂટપાથ ઉપર અને જાહેર રસ્તાની સાઈડમાં રહેતા લોકો આ બધા જ પ્રદુષણનો સૌથી વધારે ભોગ બની રહ્યા છે. ચિંતાજનક બાબત એ છે કે, જ્યારે નીતિગત નિર્ણયો લેવામાં આવે છે ત્યારે આ તમામ લોકોની ઉપેક્ષા કરવામાં આવે છે.

સાઉથ એશિયામાં માત્ર ભારતને જ અન્યાય કરવામાં આવે છે જે અયોગ્ય છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળ એક જ વાયુક્ષેત્ર હેઠળ આવે છે. તેની અસર દરેક દેશ ઉપર સમાન પડવાની છે. તેથી પ્રદુષણ મુદ્દે એક દેશને મદદ અને બીજાને અન્યાય કરવાથી દેખીતો કોઈ લાભ થવાનો નથી.

## આપણે હંમેશા આપણી પ્રતિબદ્ધતાઓ અને વચનોનું પાલન કરવું જોઈએ પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા આપણા ચારિત્ર્યના મુખ્ય ગુણો છે

આજે આપણે ચિંતનાત્મક લેખમાં એક ગરીબ પ્રામાણિક માણસ, લાલચુ વેપારી અને ન્યાયી રાજની વાતથી કંઈક જાણવા પ્રયત્ન કરીએ તો ઘણા સમય પહેલાની વાત છે.એક ગરીબ માણસ પોતાના રાજ્યમાં ફરતો હતો,ત્યારે તેને કાપડનું પોટલું મળ્યું.તેને ખોલતાં જ તેમાંથી ૫૦ સોનાના સિક્કા અને એક પત્ર મળ્યો.પત્રમાં લખ્યું હતું:'જો આ પોટલું કોઈ કારણ સર ખોવાઈ જાય અને જે કોઈ તેને પાછું શોધી કાઢે,તો તેને ૧૦ સોનાનાસિક્કા આપવામાં આવશે પત્રમાં તે વેપારીનું નામ અને સરનામું પણ હતું જેની પાસે આ પોટલું હતું.ગરીબ માણસ પ્રામાણિક હતો.તેણે તરત જ વેપારીને શોધી કાઢ્યો અને તેના ઘરે ગયો.વેપારી જે પહેલાથી જ તેના સિક્કા ખોવાઈ જવાથી પરેશાન હતો,તે પોટલું મળી જતાં ખૂબ ખુશ થયો.પરંતુલોભજાગતાં તેણે ચાલાકીનો આશરો લીધો. પોટલું ગણ્યા પછી,વેપારીએ કહ્યું,'પોટલામાં ૬૦સિક્કા હતા. તમે પહેલાથી જ ૧૦ સિક્કાકાઢી લીધા છે.સારું,હું તમને તે આપવાનો હતો.હવે તમે જઈ શકો છો.'

ગરીબ માણસ ચોંકી ગયો.તેણે વેપારીને સમજાવવાનો પ્રયાસ કર્યો કે તેણે એક પણ સિક્કો લીધો નથી,પરંતુ વેપારી અડગ રહ્યો. કારણ કે મામલો પણ સામે આવ્યો હતો,મામલો વધુ વકર્યો અને રાજા સુધી પહોંચ્યો.રાજાએ બંનેની વાત સાંભળી.ગરીબ માણસે બધું પ્રામાણિકપણે કહ્યું. વેપારીએ કહ્યું,મહારાજ!પોટલી માંથી ૬૦ સિક્કા હતા,અને આ માણસે૧૦ સિક્કા કાઢી લીધા છે.

રાજા સમજદાર અને ન્યાયી હતા તેમણે તરત જ વેપારીના લોભને સમજી લીધો અને ચુકાદો આપ્યો 'વેપારી દાવો કરે છેકે તેના પોટલી માંથી ૬૦ સિક્કા હતા તેથી આ પોટલી તેની ન હોઈ શકે.આ પોટલી બીજા કોઈની હોવી જોઈએ જેમાં ૫૦ સિક્કા છે.તેથી આ પોટલી તે ગરીબ માણસપાસે રહેશે જ્યાં સુધી તેનો સાચો માલિક ન મળે.'આ સાંભળીને વેપારી સ્તબ્ધ થઈ ગયો તેણે રાજાને પૂછ્યું,'તો મારા સિક્કા ઓનું શું થશે?' રાજાએ હસીને કહ્યું,'જ્યારે કોઈ પ્રામાણિક વ્યક્તિને તમારા ૬૦ સિક્કાનું પોટલું મળશે,ત્યારે તે તમને પાછું આપશે.'આજે જોઈએ તો ગર્ગાચાર્ય નામકરણ સંસ્કારની વિધિ કરવા આવે છે.સંસ્કારથી મન શુદ્ધ થાય છે. વસ્તુમાં રહેલો દોષ સંસ્કાર કરવાથી દૂર થાય છે શાસ્ત્રમાં સોળસંસ્કાર બતાવ્યાછે આજકાલ તો બધા સંસ્કાર ભુલાઈ ગયા છે. સંસ્કાર લોપ થતો જાય છે.એટલે દેશ દુ:ખી છે અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ,જનોઈ વગેરેસોળ સંસ્કાર છે.જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે. આજ કાલ ધાર્મિકવિધિને મહત્વઆપવામાં આવતું નથી,કેવળ લૌક્કિને મહત્ત્વ આપવામાં આવે છે

ગર્ગાચાર્યની પરીક્ષા કરવારોહિણી ની ગોદમાં શ્રીકૃષ્ણ અને યશોદા ની ગોદમાં બલરામને રાખ્યા છે.

ગર્ગાચાર્યે નંદબાબાને કહ્યું :બાબા રોહિણીની ગોદમાં છે તે તમારો પુત્ર છે, તે તો સ બદલતો આવ્યો છે. આ વખતે તેણે શ્યામ વર્ણ ધારણ કર્યો છે.તે સર્વના મન ને આકર્ષી લેશે. તે સર્વને આનંદ આપશે. તેથી તેનું નામ શ્રીકૃષ્ણ રાખો. તેના જન્માક્ષર બહુ સારા છે. એ મહાજ્ઞાની થશે, મહાયોગી થશે.પાંચ ગ્રહો ઉચ્ચ માં પડયા છે. જન્મકુંડળીમાં આઠ ગ્રહો ખૂબ સારા છે,પણ એક ગ્રહ રાહુ ખરાબ પડયો છે.

નંદબાબા ગભરાય છે.રાહુ ખરાબ પડયો છે, એટલે શું થશે?

ગર્ગાચાર્ય કહે છે:તેમાં કાંઈ બીવા જેવું નથી. જેના સપ્તમ્ સ્થાનમાં નીચ ક્ષેત્રમાં રાહુ હોય તે અનેક સ્ત્રીઓનો ધણી થાય છે.નંદ બાબા કહે છે:મને એક બ્રાહ્મણે એવો આશીર્વાદ આપ્યો છે કે, તમારા લાલાને સોળ હજાર રાણી ઓ થશે.ગર્ગાચાર્ય :બાબા,વધારે શું કહું? કનૈયો નારાયણ જેવો છે,નારાયણ સમાન છે. સનાતન ગોસ્વામી અર્થ કરે છે કે નારાયણ જેવો શ્રીકૃષ્ણ છે એમ કહો તો નારાયણ શ્રેષ્ઠ ઠરે છે. માટે નારાયણ સમાન શ્રીકૃષ્ણ નહીં, પણ શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે એમ કહેવું જોઈએ. વૃંદાવનના સાધુઓએ નારાયણ સમાન નહીં,પણ નારાયણ શ્રી કૃષ્ણ જેવા છે એવો અર્થ કર્યો છે નારાયણ સમાન શ્રીકૃષ્ણ છે,તેમાં નારાયણ મુખ્ય અનેશ્રીકૃષ્ણગૌણ છે.શ્રીકૃષ્ણ સમાનનારાયણ છે તેમાં શ્રીકૃષ્ણ મુખ્યઅને નારાયણ ગૌણ છે.શ્રી કૃષ્ણ અને નારાયણ માં કાંઈ ફેર નથી.આ કેવળ પ્રેમ નો મધુરકલહ છે.શ્રી કૃષ્ણ સમાન નારાયણ છે,આવો અર્થ કરીએ તો શ્રીકૃષ્ણ પ્રધાન અને નારાયણ ગૌણ બને છે. નારાયણમાં સાઠ ગુણો છે,જ્યારે મુરલી મનોહર શ્રીકૃષ્ણમાં ચોસઠ ગુણો છે. નારા યણ કરતાં ચાર ગુણો વધારે છે ૧.રૂપમાધુરી,૨. લીલામાધુરી, ૩.વેણુમાધુરી,૪. પ્રિયામાધુરીઆ ચાર ગુણો શ્રીકૃષ્ણમાં વધારે છે. નારાયણમાં આ ચાર ગુણો નથી. નારાયણને ચાર હાથ છે તેથી તેઓ થોડા બેડોળ લાગે છે, તેથી આ બે હાથ વાળો કનૈયો શ્રેષ છે. વૈકુંઠના નારાયણ તો અક્કડ ઊભા રહે છે.અમારી સાથે બોલતા પણ નથી જ્યારે અમારો કનૈયો અમારી સાથે બોલે છે, અમારી સાથે રમે છે,અમારીસાથે ફરે છે.તેથી અમારો કનૈયો શ્રેષ્ઠછે કૃષ્ણનાં દર્શન માટે જે આતુર બને છે તેની પાછળ કનૈયો આવે છેજ ગોકુળમાં એક નવી વહુ આવી હતી તે કનૈયાનાં દર્શન કરવા માટે આતુર હતી.તેની સાસુ તેને શ્રી કૃષ્ણનાં દર્શન કરવા જવા દેતી ન હતી.આજે તે જળભરવા જાય છે. શ્રીકૃષ્ણનું ચિંતન કરતાં દેહનું ભાન ભૂલી જાય છે.લાલા ના કેશ વાંકડિયા છે, મસ્કત ઉપર મોરપીંછ છે, હોઠ ઉપર મોરલી ધારણ કરી છે, કાનમાં મકરાકૃતિ કુંડળ અને કેડ ઉપર પિતાંબર ધારણ કર્યું છે. ત્યાં તો છુમછુમ કરતો કનૈયો પાછળથી આવે છે. આવીને સાડીનો છેડો પકડે છે. ગોપી જુએ છે તો કનૈયાએ આવીને સાડી પકડી છે.ત્રણ વર્ષનો કનૈયો છે.ગોપી કનૈયાને ઊઠાવી છાતી સરસો ચાંપે છે. કનૈયો સર્વનો પિતા છે,સર્વનો પતિ છે અને સર્વનો બાળક છે. વૈકુંઠના નારાયણ મર્યાદા પુરુષોત્તમ છે,ત્યારે આ કનૈયો પુષ્ટિ પુરુષોત્તમ છે.કનૈયો કરે છે તેવી લીલા મનુષ્ય તો શું,દેવોપણ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ દેવોનાપણ દેવ છે.એકસખી દહીં,દૂધ,માખણ વેચવા નીકળે છે.શ્રીકૃષ્ણ પ્રેમમાં એવું દેહભાન ભૂલી છે કે બોલવું જોઈએ દહીં,લો,માખણ લો!પણ માખણ શબ્દ યાદ આવે જ નહીં. તેની બુદ્ધિમાં માધવ હતા,એટલે બોલવા લાગી, કોઈ માધવ લ્યો, કોઈ ગોવિંદ લ્યો.ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી. ચૌદ ભુવનનાં નાથને મટુકીમાં ઘાલી!ગોપની આ હાલત છે. શ્રી કૃષ્ણ પ્રેમમાં એવી તન્મય થઈ છે કે,એ શું બોલે છે તેનું એને ભાન નથી.લાલાને કાને આ શબ્દપડયા લાલો કહે,આ તો જબરી છે.મને વેચવા નીકળી છે.રસ્તામાં જ શ્રી કૃષ્ણ પ્રગટથયા સખીને કહે,અલી ગોપી!હું ગોકુળનો રાજા છું તુંમને માખણ આપ.વાચક ચાહક મિત્રો

ગરીબ પ્રામાણિક માણસ અને લાલચુ વેપારી પાસેથી એક શીખ મળે છે કે આપણે હંમેશા આપણી પ્રતિબદ્ધતાઓ અને વચનોનું પાલન કરવું જોઈએ. પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા આપણા ચારિત્ર્યના મુખ્ય ગુણો છે. જે લોકો પોતાના વચનો તોડે છે તેઓ સમાજમાં માન ગુમાવે છે. બીજી બાજુ,પ્રામાણિકતા આપણને ફક્ત આત્મસંતોષ જ નહીં આપે પણ બીજાઓની નજરમાં પણ ઉંચા સ્થાન આપે છે.આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## તુલસી અને સત્યનાં લગ્ન તૂટતાં તૂટતાં બચી ગયાં ! એનું શું કારણ હતું?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

મકર સંક્રાંતિ પછી હિન્દુઓમાં લગ્નની ઋતુ શરૂ થાય છે, અને એમ અત્યારે લગ્નની ઋતુ ચાલે છે. પણ લગ્ન ગમે ત્યારે થાય ,જન્માક્ષર મેળવ્યાં હોય! સારા એવાં ગુણ મળતાં હોય, ચંદ્ર સારો હોય, નાડી દોષ ન્હોય, અને મંગળનો દોષ ન્હોય, છતાં આપણને જાણવાં મળે કે ખબર મળે કે, પેલા હરિન્દ્ર ભાઈની દીકરીનાં લગ્ન તૂટી ગયાં, અને સાંભળ્યું છે કે, સાસરી વાળા એ છૂટાછેડા માટે કોર્ટમાં કેસ કર્યો છે! સાંભળનાર વ્યક્તિ ઓહ લે! મને તો ખબર જ નહીં! એમ કહેશે. પછી એ બીજાને કહેશે, પણ થોડો મરી મસાલો ભેળવીને, અને આમ આખી જ્ઞાતિ કે સમાજને ખબર પડી જશે! પણ સચ્ચાઈની નહીં! એટલે લગ્નને નિભાવવા માટે બંને પક્ષે સચ્ચાઈ અને વિશ્વાસની જરૂર હોય છે, અને તૂટે ત્યારે પણ આપણે આ સંબંધ નિભાવી શક્યા નથી, એનું સાચું કારણ સમાજ સામે આવવું જોઈએ! એમાં પણ વકીલ પાસે જાવ તો એ પોતાનો પક્ષ મજબૂત થાય એટલે કેવું કેવું બોલાવે! જેમાં રતીભાર સચ્ચાઈ હોય નહીં. તો લગ્ન નામના કમિટમેન્ટ માટે પાયામાં વિશ્વાસ હોવો બહુ જરૂરી છે, અને આપણી આજની બોધકથાનો બોધ પણ એ અંતર્ગત જ છે.

નવીન ભાઈ પાણી પીવા ઉઠ્યાં, તો એણે જોયું કે સામેના બંગલામાં હજી લાઈટો ચાલુ છે.એણે એની પત્ની નલિનીને જગાડીને કહ્યું કે સાધના બેન અને સંદીપ ભાઈનાં ઘરે બે વાગ્યે પણ લાઈટ ચાલુ છે! નલિની બેને કહ્યું કે એમનાં દિકરા સત્યનાં લગ્ન છે, તે હશે કંઈક એટલે ફેમિલી ડિસકશન ચાલતું હશે. એમણે કહ્યું પણ અવાજનો ટોન જુદો છે, એટલે કે હરખ નથી વર્તાતો, પણ લડાઈ જેમ ચર્ચા ચાલે છે. નલિની બેને કહ્યું હશે જે હોય તે! એ એનાં ઘરનો પ્રશ્ન છે! સૂઈ જાવ તમે.

વાત જાણે એમ હતી કે સત્ય છેલ્લા સાત વર્ષથી અમેરિકામાં જોબ કરતો હતો! અને હવે લગ્ન કરીએ તો વાંધો આવે એમ નથી! એમ નક્કી થતાં એ લગ્ન માટે ઈન્ડિયા આવ્યો હતો, કારણ કે એને માત્ર રુપાળી નહીં,પણ ભણતર અને સંસ્કારમાં પણ અવ્વલ એવી યુવતીની તલાશ હતી, જે એને આ વિદેશી કલ્ચરમાં મળે નહીં. પોતાના પપ્પાનાં મિત્ર વિવેકની બહેન અનસૂયા બેનની દિકરી તુલસી પર એણે લગ્નનો કળશ ઢોળ્યો હતો. તુલસી પોતે ડબલ ગ્રેજ્યુએટની ડિગ્રી ધરાવતી હતી, અને દેખાવે અત્યંત સુંદર હતી, એમ કહો કે એને અડીએ તો પણ ડાઘ પડી જાય! અને આમ પણ પૂર્ણ સંસ્કારી અને પવિત્ર એવી તુલસી પરિવારનાં બધાને ગમી ગઈ.

લગ્નને બે ત્રણ દિવસ પહેલા કુરિયર એમ કરીને એક સાવ અજાણ્યો માણસ આવીને એક કવર આપી ગયો! જેમાં તુલસી વિશે ગમે તેવી વાત લખી હતી, અને પુરાવા રુપે ફોટા પણ હતાં! જેમાં એ અન્ય યુવક સાથે પ્રેમાતૂર હતી.

એ ફોટામાં ની યુવતીનાં કપડા અને અશ્લીલ હરકતો, જોઈને સત્યનાં મમ્મી પપ્પા અને ભાઈ ભાભીએ આ લગ્ન પર વિરોધ દર્શાવ્યો! પણ સત્યએ કહ્યું કે એક વાર એ તુલસી સાથે વાત કરશે પછી નિર્ણય કરશે! અને એને કહશે કે હું આ પત્ર અને ફોટાની સચ્ચાઈ જાણવા માંગુ છું. પરિવાર જનોને એમ હતું કે સત્ય તુલસીનાં રુપની મોહજાળમાં ફસાઈને ક્યાંક ખોટો નિર્ણય કરી બેસશે! એટલે એ તુલસી સાથે હવે કોઈ વાત નથી કરવી, એમ કહેતાં હતાં પણ સત્ય એ કહ્યું કે લગ્ન કરવા એ અમારા બેયનો નિર્ણય હતો અને હવે લગ્ન નથી કરવાં, એવો નિર્ણય હું એકલો લઈ ન શકું! કમ સે કમ એને લગ્ન નથી કરવાં, એનાં કારણની જાણ હોવી જરૂરી છે.

સત્ય અને તુલસી બંને મળે છે, તુલસી અત્યંત ઉત્કંઠાથી સત્યને કહે છે કે હવે તો બે જ દિવસની વાર છે, પછી આપણે.. સત્ય નીચું જોઈ જાય છે! તુલસી પુછે છે શું થયું? નથી કરવા લગ્ન? કોઈ ગોરી... સત્ય એને બોલતા અટકાવી અને પેલું કવર આગળ કરે છે. તુલસી કવર ખોલે છે, અને એનાં ચહેરાંની એકપણ રેખા તંગ નથી થતી! એ સત્યને કહે છે, કે તે આની પર વિશ્વાસ કરી લીધો! સત્ય એ કહ્યું ના, પણ જણાવવા જેવું કંઈ હોય તો તું મને સચ્ચાઈથી વાકેફ કરી શકે! બિલકૂલ નિર્ભય થઈને એટલે આવ્યો છું.

તુલસીએ કહ્યું કે આ ફોટામાં એક સચ્ચાઈ છે, અને એ છે કે આ યુવકને હું ઓળખું છું, અને એ મારો ક્લાસ મેટ જેસર છે, અને અમે કોલેજ પિકનિકમાં સાથે મુંબઈ ગયાં હતાં, અને ત્યારે મેં આ થોડા મોર્ડન કપડાં પણ પહેર્યા હતાં, બસ બાકી બધું ખોટું છે, અને મારી સચ્ચાઈનો બીજો મારી પાસે પૂરાવો પણ નથી, હવે તારે માનવું હોય તો તું... એનો અવાજ અને આંખો બંને થોડા નમ થયાં, પણ બીજી જ ક્ષણે એણે પોતાની જાતને સંભાળી લીધી, અને ઉભી થતાં બોલી, સત્ય તારું ખાલી નામ જ સત્ય છે, જ્યારે મારું નામ તુલસી છે, અને એ કાયમ પવિત્રતા માટેનું ઉત્તમ ઉદાહરણ છે, એ વાત તું યાદ રાખજે, તારો જે કોઈ નિર્ણય હોય તે, પણ હું આનાથી વધુ કોઈ સાબિતી આપી શકીશ નહીં! અને મારે આપવી પણ ન જોઈએ, કારણ કે એમ તો આપણી આ દસમી મુલાકાત છે! માણસને ઓળખવામાં એક મુલાકાત પણ કાફી છે! તારો નિર્ણય તું પરિવાર સાથે ઘરે આવીને જણાવી જજે, આમ કહી તુલસી ત્વરાથી ઉભી થઈ અને ચાલી ગઈ..

લગ્નની પ્રથમ રાત્રે સત્ય અને તુલસી બંને પોતાનાં બેડ પર બેઠા હતાં, તુલસી એ સત્યને કહ્યું કે થેન્કસ સત્ય મારી પર ટ્રસ્ટ કરવાં માટે! સત્ય એ કહ્યું એમાં થેન્કસ કહેવાની કોઈ જરૂર નથી, મને તારી આંખમાં પૂર્ણ પવિત્રતા દેખાતી હતી. તુલસી ઉભી થઈને પોતાના પર્સ માંથી એક કવર લાવીને સત્યનાં હાથમાં મુક્યું! સત્ય એ કહ્યું કે તુલસી મેં કહ્યું ને કે હું હવે કંઈ જ જોવા નથી માંગતો! તુલસીએ કહ્યું મારી ખાતર લાસ્ટ! ના ના કરતાં કરતાં સત્ય એ કવર ખોલ્યું, કવરમાં સત્ય અને એની ઓફિસ મેટ સર્વિના જાપા સાથેનાં અશ્લીલ ફોટા અને વીડિયો હતાં તેમજ પત્રમાં બંને રિલેશનશીપમાં રહે છે, એવું પણ લખ્યું હતું. સત્ય એ બેબાકળી નજરે તુલસી સામે જોયું તુલસીએ સત્યનો હાથ પકડીને કહ્યું કે રિલેક્સ, મને આ કવર આપણા લગ્નના ચાર દિવસ પહેલાં મળ્યું, પણ મને મારા સત્ય પર પૂરો ભરોસો હતો, એટલે મેં એને વિશે કંઈ જ પૂછ્યું નહીં! ઈન્ફેક્ટ મેં મારા ફેમિલીને પણ કહ્યું નથી! સત્ય એ પોતાના કાન પકડ્યાં અને કહ્યું તારી વાત સાચી છે, મારે પણ આવું જ કરવું જોઈતું હતું! તુલસીએ એનાં મોઢાં પર હાથ મુકીને કહ્યું કે તો શું રાત આમ જ સોરી કહેવામાં કાઢવી છે કે પછી.... અને સત્ય એ તુલસીને પોતાની બાહોમાં સમાવી લીધી..

તો મિત્રો આ એ આઈ જેવી ટેકનોલોજી નો યુગ છે, એમાં શુભચિંતક કરતાં વિરોધી વધારે હોય માટે બહુ સાવધાન રહેવું અને લગ્ન માટે બીજું કંઈ જ મેળવ્યું ન્હોય તો પણ લગ્ન ટકી શકે! પરંતુ જીવનસાથી પ્રત્યે વિશ્વાસ જરૂરી છે. જ્યોતિષ વિદ્યાને આધારે આપણે ત્યાં હસ્ત રેખા અને જન્મ સમયનાં ગ્રહનાં સ્થાન પરથી ગ્રહ મેળવવાની પરંપરા બહુ જૂની છે. પરંતુ હવે સમય બદલાઈ ગયો છે, એટલે અમુક લોકો વૈજ્ઞાનિક રીતે પણ ટેસ્ટ કરાવે છે, પરંતુ સૌથી મહત્વનું તો પાયામાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઈએ, અને એજ ઉમા મહેશની જેવાં ઉત્તમ દામ્પત્ય તરફ દોરે છે.

# મૃત્યુના ઉંબરેથી માનવતાનો સૂર્યોદય : ગામ અરદી, ઉમરેઠના ગીરવતભાઇના અંગદાને બે વ્યક્તિઓને આપ્યું નવજીવન

**અમદાવાદ, તા.14**

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરી એકવાર માનવતાએ મૃત્યુ પર વિજય મેળવ્યો છે. ગામ અરદી, ઉમરેઠ, આણંદ જિલ્લાના ઉમરેઠના રહેવાસી ૪૫ વર્ષીય ગીરવતભાઇ સોઢા પરમારના અંગદાન થકી બે ગંભીર દર્દીઓને નવજીવન પ્રાપ્ત થયું છે. તારીખ ૭ ફેબ્રુઆરીના રોજ નડિયાદ નજીક સર્જાયેલા એક માર્ગ અકસ્માતમાં ગીરવતભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રથમ નડિયાદ અને ત્યારબાદ વધુ સારવાર માટે તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આઈ.સી.યુ.માં તબીબો દ્વારા સતત સઘન સારવાર આપવા છતાં ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ તેમને 'બ્રેઈન ડેડ' જાહેર કરવામાં આવ્યા હતા.

જ્યારે ડોક્ટરોએ ગીરવતભાઈના નિધન અને બ્રેઈન ડેડ હોવાની જાણકારી પરિવારને આપી, ત્યારે મંજુલાબેન પર જાણે દુઃખનો પહાડ તૂટી પડ્યો. પતિના અકાળે અવસાનના આઘાત વચ્ચે પણ પત્ની મંજુલાબેન અને પુત્ર રજનીકાંત ભાઈએ જે માનસિક મક્કમતા બતાવી તે વિરલ છે. પોતાના અંગત સ્વજનને કાયમ માટે ગુમાવવાના શોકને બાજુ પર મૂકીને તેમણે અંગદાનનો ઐતિહાસિક નિર્ણય લીધો. તેમના આ નિર્ણયથી મૃત્યુની રાહ જોઈ રહેલા બે દર્દીઓના જીવનમાં આશાનો પ્રકાશ ફેલાયો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. રાકેશ જોશીએ આ અંગદાન વિશે વિગતો આપતા જણાવ્યું હતું કે, ગીરવતભાઈના અંગદાન દ્વારા મળેલું લીવર અને એક કિડની સિવિલ મેડિસિટી કેમ્પસની જ કિડની હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓમાં



પ્રત્યારોપિત કરવામાં આવશે. આ માત્ર અંગોનું ટ્રાન્સપ્લાન્ટ નથી, પરંતુ મૃત્યુ સામે ઝઝૂમી રહેલા દર્દીઓ માટે એક નવી સવાર છે.

અંગદાનના સેવાયજ્ઞની ફલશ્રુતિ

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાનની પ્રવૃત્તિ એક વિશાળ વટવૃક્ષ બની ચૂકી છે. હોસ્પિટલના સત્તાવાર આંકડાઓ મુજબ અત્યાર સુધીમાં થયેલી કામગીરીની વિગત નીચે મુજબ છે:

કુલ સફળ અંગદાન: અત્યાર સુધીમાં ૨૨૮ બ્રેઈન ડેડ વ્યક્તિઓના પરિવારોએ અંગદાન કરીને માનવતાની મિશાલ રજૂ કરી છે. કુલ દાનમાં મળેલા અંગો: આ ૨૨૮ અંગદાન થકી કુલ ૭૫૪ અંગો પ્રાપ્ત થયા છે.

અંગો અને પેશીઓનો કુલ આંક: જો અંગોની સાથે ૧૮૦ ચક્ષુ અને ૩૭ ચામડી (કુલ ૨૧૭ પેશીઓ) ને ઉમેરવામાં આવે, તો સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૯૭૧ અંગો અને પેશીઓનું દાન શક્ય બન્યું છે.

વિવિધ અંગોના દાનની વિગતો: હોસ્પિટલના રેકોર્ડ મુજબ અત્યાર સુધીમાં કુલ ૨૦૨ લીવર, ૪૧૯ કિડની, ૭૩ હૃદય, ૩૪ ફેફસાં, ૧૮ સ્વાદુપિંડ, ૬ હાથ અને ૨ નાનાં આંતરડાંનું સફળતાપૂર્વક દાન મેળવવામાં આવ્યું છે.

ડો. રાકેશ જોશીએ વધુમાં જણાવ્યું હતું કે, ગીરવતભાઈ આજે ભલે આપણી વચ્ચે નથી, પરંતુ તેમના ધર્મપત્ની મંજુલાબેન અને પુત્ર રજનીકાંતભાઈ ના સાહસિક નિર્ણયે તેમને સમાજના માનસપટલ પર અમર કરી દીધા છે. જ્યારે અંગદાનની વાત આવે છે ત્યારે લોકોમાં ઘણી શંકાઓ હોય છે, પણ આવા કિસ્સાઓ સાબિત કરે છે કે માનવતા હજુ પણ જીવંત છે. ગીરવતભાઈના અંગો થકી ફરી

# ગુજરાતને મળી છઠ્ઠી વંદે ભારત એક્સપ્રેસ, અસારવા-ઉદયપુર સિટી વચ્ચે શરૂ થશે આ પ્રતિષ્ઠિત ટ્રેન સેવા

**અમદાવાદ (રેલ્વે), તા.14**

ભારતીય રેલ દ્વારા ગુજરાતમાં આધુનિક રેલ સેવાઓના વિસ્તરણ ની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરતા અસારવા-ઉદયપુર સિટી વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. આ ગુજરાતની છઠ્ઠી વંદે ભારત ટ્રેન હશે, જે ક્ષેત્રીય કનેક્ટિવિટી ને મજબૂત બનાવવાની સાથે-સાથે મુસાફરોની સુવિધા, પર્યટન અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપશે.

ભારતીય રેલ અપગ્રેડ કરાયેલા સ્ટેશનો, નવી રેલ લાઈનો અને અદ્યતન સુવિધાઓ દ્વારા ક્ષેત્રીય વિકાસ અને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. અસારવા-ઉદયપુર સિટી વંદે ભારત એક્સપ્રેસ આ પ્રતિબદ્ધતાનું એક સશક્ત ઉદાહરણ છે.

આ અદ્યતન ટ્રેન રીક્લાઈનિંગ અને આરામદાયક સીટો, સ્લાઈડિંગ દરવાજા, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ, બાયો-ટોયલેટ, સ્વચાલિત પ્રવેશ અને નિકાસ દ્વાર તેમજ સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ટ્રેન મુસાફરોને વિશ્વસ્તરીય આરામ પ્રદાન કરતા ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ આપશે.

ઉદ્ઘાટન સેવા:

ટ્રેન નંબર 09663 ઉદયપુર સિટી-અસારવા વંદે ભારત એક્સપ્રેસ 16 ફેબ્રુઆરી 2026 ના રોજ ઉદયપુર સિટી થી 12:25 વાગ્યે પ્રસ્થાન કરશે અને સાંજે 17:15 વાગ્યે અસારવા પહોંચશે. માર્ગમાં આ ટ્રેન જાવર, ડુંગરપુર અને હિંમતનગર સ્ટેશનો પર રોકાશે.

નિયમિત સેવા: (અઠવાડિયામાં 6 દિવસ મંગળવાર સિવાય )

ટ્રેન નંબર 26964 અસારવા-ઉદયપુર સિટી વંદે ભારત એક્સપ્રેસ 18 ફેબ્રુઆરી 2026 થી દરરોજ (મંગળવાર સિવાય) અસારવા થી 17:45 વાગ્યે પ્રસ્થાન કરશે અને 22:00 વાગ્યે ઉદયપુર સિટી પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર 26963 ઉદયપુર સિટી-અસારવા વંદે ભારત એક્સપ્રેસ 18 ફેબ્રુઆરી 2026 થી દરરોજ (મંગળવાર સિવાય) ઉદયપુર સિટીથી 06:10 વાગ્યે પ્રસ્થાન કરશે અને 10:25 વાગ્યે અસારવા પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન હિંમતનગર, ડુંગરપુર અને જાવર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ ચેર કાર સહિત કુલ 8 કોચ હશે. ટ્રેન નંબર 26964 માટે બુકિંગ 15 ફેબ્રુઆરી, 2026 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અસારવા-ચિત્તૌડગઢ મેમુ ટ્રેનના સમયમાં ફેરફાર

**અમદાવાદ (રેલ્વે), તા.14**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનોની સમયપાલનતા ને વધુ સુધારવા હેતુથી અસારવા-ચિત્તૌડગઢ મેમુ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તારીખ 18.02.2026 થી ટ્રેન નંબર 69243 અસારવા-ચિત્તૌડગઢ મેમુ અસારવાથી 10:20 વાગ્યાના બદલે 30 મિનિટ પહેલા 09:50 વાગ્યે પ્રસ્થાન કરશે. સાથે જ આ ટ્રેનના સમયમાં અસારવા અને હિમ્મતનગર વચ્ચે આવેલા સ્ટેશનોના સમયમાં પણ સુધારો કરવામાં આવ્યો છે:- પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનોની સમયપાલનતા ને વધુ સુધારવા હેતુથી અસારવા-ચિત્તૌડગઢ મેમુ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તારીખ 18.02.2026 થી ટ્રેન નંબર 69243 અસારવા-ચિત્તૌડગઢ મેમુ અસારવાથી 10:20 વાગ્યાના



બદલે 30 મિનિટ પહેલા 09:50 વાગ્યે પ્રસ્થાન કરશે. સાથે જ આ ટ્રેનના સમયમાં અસારવા અને હિમ્મતનગર વચ્ચે આવેલા સ્ટેશનોના સમયમાં પણ સુધારો કરવામાં આવ્યો છે:-પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનોની સમયપાલનતા ને વધુ સુધારવા હેતુથી અસારવા-ચિત્તૌડગઢ મેમુ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તારીખ 18.02.2026 થી ટ્રેન નંબર 69243 અસારવા-ચિત્તૌડગઢ મેમુ અસારવાથી 10:20 વાગ્યાના બદલે 30 મિનિટ પહેલા 09:50 વાગ્યે પ્રસ્થાન કરશે. સાથે જ આ ટ્રેનના સમયમાં અસારવા અને હિમ્મતનગર વચ્ચે આવેલા સ્ટેશનોના સમયમાં પણ સુધારો કરવામાં આવ્યો છે:-

# રેડિયોના સૂરમાં ધબકતું અમદાવાદ: ૧૨૦ 'હેરિટેજ' રેડિયોનું અનોખું મ્યુઝિયમ

## અમદાવાદમાં યોજાશે રેડિયો ગરબા: બાળાઓ હેરિટેજ રેડિયો માથે લઈને ગરબે ઘૂમશે

**અમદાવાદ, તા.14**

અમદાવાદ હવે માત્ર સ્થાપત્યનું જ હેરિટેજ શહેર નથી રહ્યું, પરંતુ હવે તે અવાજ અને તરંગોના વારસાને પણ સાચવશે. આવતીકાલ તા. ૧૩મી ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ રેડિયો દિવસ' નિમિત્તે અમદાવાદના રેડિયોપ્રેમી સિદ્ધાર્થ પટેલ દ્વારા દેશવિદેશનાં ૧૨૦થી વધુ રેડિયો ધરાવતાં અનોખા 'હેરિટેજ રેડિયો મ્યુઝિયમ'નો પ્રારંભ થવા જઈ રહ્યો છે.

આ સાથે જ આકાશવાણી અમદાવાદ ખાતે વિશ્વ રેડિયો દિવસની અનોખી ઉજવણીરૂપે એક અદ્દભુત દૃશ્ય જોવા મળશે. જેમાં ૧૧ જેટલી બાળાઓ 'હેરિટેજ' રેડિયો માથે લઈને ગરબે ઘૂમશે. વિશ્વભરનાં અવનવાં રેડિયો ખરીદવાના પોતાના શોખથી હેરિટેજ રેડિયો કલેક્ટર તરીકેની આ આખી સફર વિશે વાત કરતાં સિદ્ધાર્થભાઈ જણાવે છે કે, 'મને નાનપણથી જ રેડિયો સાંભળવાનો ભારે શોખ હતો. એવો ગાંડો શોખ કે વર્ષ-૧૯૮૦-૮૧ના ગાળામાં મેં રેડિયો બનાવવાનું યુનિટ શરૂ કરવાનું નક્કી કર્યું. લોકો ઈમ્પોર્ટેડ રેડિયો ખરીદે તેના બદલે ભારતીય રેડિયો કેમ ન ખરીદે?'

'પરંતુ, તે સમયે એક ઈમ્પોર્ટેડ રેડિયો ૪૦૦-૫૦૦ ડોલરની મોટી રકમમાં આવતો. અને, મારી પાસે નાણાંની પૂરતી જોગવાઈ ન હોવાથી તે શક્ય ન બન્યું. પણ, એ દિવસથી મને દેશવિદેશનાં અવનવાં રેડિયો ખરીદવાનો શોખ લાગ્યો. આ રીતે એક-એક કરીને આજે મારી પાસે આશરે સવાસો જેટલાં રેડિયો છે. જે તમામ વાલ્વવાળા રેડિયો છે.'

આ શોખ પૂરો કરવા માટે સિદ્ધાર્થભાઈએ વિશ્વના ખૂણે-ખૂણેથી રેડિયોનું કલેક્શન કરવાનું શરૂ કર્યું. જેમ-જેમ તેમના આ શોખ વિશે લોકોને ખબર પડતી ગઈ, તેમ-તેમ અમદાવાદ ઉપરાંત મુંબઈ, જયપુર, ઉદયપુર જેવાં શહેરોમાંથી સ્ક્રેપ (ભંગાર) ખરીદનારા મારો સંપર્ક કરવા લાગ્યાં અને આ રીતે આ સવાસો જેટલાં 'રત્નો' હાથ લાગ્યાં. જેમાંથી મોટા ભાગનાં રેડિયો તેની ઑરિજિનલ અને વર્કિંગ કન્ડિશનમાં હોવાનું તેઓ જણાવે છે.

ઉલ્લેખનીય છે કે, વિશ્વયુદ્ધ દરમિયાન અફવાઓ રોકવા માટે રેડિયો એકમાત્ર હથિયાર હતું. આજે જ્યારે સંચારનાં અનેક સાધનો છે, ત્યારે પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ષ-૨૦૧૪થી દર મહિને 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા રેડિયોના માધ્યમથી જ દેશના નાગરિકો સાથે સંવાદ કરે છે. ત્યારે આ મ્યુઝિયમ નવી પેઢીને રેડિયોના ગૌરવશાળી ઈતિહાસ સાથે જોડશે, તેવો વિશ્વાસ સિદ્ધાર્થભાઈને છે.

અમદાવાદને 'વર્લ્ડ હેરિટેજ સિટી'નો દરજ્જો મળ્યો, ત્યારે જ સિદ્ધાર્થભાઈએ નક્કી કર્યું હતું કે રેડિયોના આ વારસાને એક છત નીચે લાવવો જોઈએ. આજે 'સર્વયોગમ રેડિયો મ્યુઝિયમ' દ્વારા એ સપનું સાકાર થઈ રહ્યાનો આનંદ તેમના ચહેરા પર સ્પષ્ટ જોઈ શકાય છે.

૧૯૨૦થી ૨૦૨૬: ઈવોલ્યુશન અને રિવોલ્યુશનનો અનેરો સંગમ

સિદ્ધાર્થભાઈનું આ કલેક્શન ઈતિહાસ અને આધુનિકતાનો અનોખો સંગમ છે. જેમાં ૧૯૨૦-૩૦ના દાયકાના અડધો ફૂટથી પણ મોટી સાઇઝના વાલ્વવાળા રેડિયો પણ છે, તો બીજી તરફ વર્ષ-૧૯૪૪માં વિશ્વયુદ્ધ માટે ઉપયોગમાં લેવાતાં પીસીઆર(રિસિવર) પણ છે. આ કલેક્શનમાં મેટલના અને વુડન રેડિયો પણ છેં જેમાં જીઈસી, પાઈ, માર્કોની, ફિલિપ્સ, જીસીજી, નેશનલ ઈ કોલ, મર્ફી, ટોનફન્ક, વિટાવૉક્સ, નૉરમેન્ડ, બુશ, ગ્રામોફોન, એડિસ્ટોન, ગ્રન્ડિગ, પૅલાર્ડ જેવી દેશવિદેશની જાણીઅજાણી કંપનીઓના રેડિયોનો સમાવેશ થાય છે.

જર્મની, ઈંગ્લેન્ડ, અમેરિકા, સ્વિટ્ઝરલેન્ડ અને હોલેન્ડ જેવા દેશોના રેડિયોનુ કલેક્શન

આ મ્યુઝિયમમાં કોઈ સામાન્ય રેડિયો નથી, પરંતુ ઈતિહાસના સાક્ષી એવાં સાધનો છે. જેમાં ત્રણ ફૂટથી મોટી સાઈઝના કદાવર રેડિયોથી લઈને હથેળીમાં સમાઈ જાય તેવા પોર્ટેબલ રેડિયો પણ છે. આ તમામ ઉપકરણો જર્મની, ઈંગ્લેન્ડ, અમેરિકા, સ્વિટ્ઝરલેન્ડ અને હોલેન્ડ સહિતના દેશોના જૂની ટેકનોલોજીવાળા 'વાલ્વ' ધરાવે છે.

# ધોળકાના મોડલ ફાર્મની મુલાકાતમાં પ્રાકૃતિક ઘઉં અને વરિયાળીના પાકોનું નિરીક્ષણ કરાયું



**અમદાવાદ, તા.14**

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં પ્રાકૃતિક ખેતીના અભિયાનને મજબૂત બનાવવાના હેતુથી ઉચ્ચ કૃષિ અધિકારીઓ દ્વારા પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન અમદાવાદ વિભાગના માનનીય સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ડૉ. મીનાબહેન ત્રિવેદી અને જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એચ. આઈ. પટેલ સહિતના અધિકારીઓએ ફાર્મ પર થઈ રહેલી ખેતી પદ્ધતિઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. મોડલ ફાર્મની મુલાકાત દરમિયાન અધિકારીશ્રીઓએ ખેતરમાં લહેરાતા પ્રાકૃતિક ઘઉં, હળદર, ડુંગળી, લસણ, વરિયાળી અને એરંડાના પાકોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. પાકની ગુણવત્તા અને વિકાસ જોઈને અધિકારીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો અને પ્રાકૃતિક પદ્ધતિથી તૈયાર થતા આ પાકો માનવ સ્વાસ્થ્ય અને જમીન માટે કેટલા ફાયદાકારક છે તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાકૃતિક ખેતીના મોડલને સમજીને તેને અન્ય ખેડૂતો સુધી પહોંચાડવાનો રહ્યો હતો.

# રાજ્યના મહેસૂલ તંત્રને વધુ સશક્ત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું: 'રેવન્યૂ રિફ્રેશર તાલીમ'નો પ્રારંભ

**ગાંધીનગર, તા.14**

રાજ્યના મહેસૂલ વિભાગ અને સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પિપા), અમદાવાદના સંયુક્ત ઉપક્રમે, મહેસૂલી તંત્રને વધુ સશક્ત, પારદર્શક અને જનહિતલક્ષી બનાવવાના ઉદ્દેશથી રાજ્યવ્યાપી 'રેવન્યૂ રિફ્રેશર તાલીમ' કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન મહેસૂલ વિભાગના વર્ગ-૩ના કુલ ૬૬૫ કર્મચારીઓને પાંચ દિવસીય વ્યાપક અને કાર્યલક્ષી તાલીમ આપવામાં આવશે. રાજ્ય સરકારની ચિંતન શિબિરમાં થયેલી ચર્ચાઓના અમલીકરણરૂપે, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતી રવી(IAS) અને સ્પિપાના મહાનિદેશક શ્રી હારિત



શુક્લા (IAS)ના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત, પ્રારંભિક તબક્કામાં તા. ૦૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સ્પિપા, ગાંધીનગર ખાતે ૩૬ કર્મચારીઓ અને પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, મહેસાણા ખાતે ૨૯ કર્મચારીઓ માટે તાલીમ વર્ગો શરૂ કરાયા છે. જ્યારે બીજા તબક્કામાં તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬થી વડોદરા, સુરત અને રાજકોટનાં પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે વધારાના વર્ગો શરૂ થશે.

જેમાં જમીન મહેસૂલ કાયદા અને નિયમો, આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ અને પુરવઠા વિષયક કામગીરી, ચૂંટણી અને પ્રોટોકોલ સંબંધી બાબતો, મેજિસ્ટરિયલ કામગીરી અને ઈ-ગવર્નન્સ, વિવિધ સરકારી પોર્ટલ્સ, સેવાકીય અને નાણાકીય બાબતો સહિતના મહત્ત્વના વિષયો પર તજ્જ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ માટે પ્રથમ તબક્કામાં અંદાજિત ૧૧૨ જેટલા નાયબ કલેક્ટર અને મામલતદારોને કી-રિસોર્સ પર્સન તરીકે તૈયાર કરવામાં આવ્યા છે. મહેસૂલી વિષયોનું ઊંડાણપૂર્વક જ્ઞાન ધરાવતા આ અનુભવી અધિકારીઓ રાજ્યભરના કર્મચારીઓને માર્ગદર્શન આપશે. આ તાલીમથી કર્મચારીઓની કાનૂની સમજ અને વહીવટી ક્ષમતામાં વધારો થશે. જેના પરિણામે નાગરિકોને ઝડપી અને ગુણવત્તાસભર સેવાઓ ઉપલબ્ધ બનશે તેમ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થાની યાદીમાં જણાવ્યું છે.

# બાવળાના સાકોદર ગામે 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**અમદાવાદ, તા.14**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બાવળા તાલુકાના સાકોદર ગામે 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામની સ્વ-સહાય જૂથની બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં વ્યાપ્ત જાતિગત અસમાનતાને દૂર કરી સ્ત્રી-પુરુષ સમાનતાના વિચારને છેવાડાના ગામો સુધી પહોંચાડવાનો હતો. આ પ્રસંગે 'સંકલ્પ' હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજનાની ટીમ દ્વારા ઉપસ્થિત બહેનોને સ્ત્રી-પુરુષ સમાનતા, છોકરીઓના મૂળભૂત હકો, સુરક્ષા અને શિક્ષણના મહત્વ વિશે ગહન માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ટીમના સભ્યોએ સમાજમાં લિંગભેદ દૂર કરવાની અનિવાર્યતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, દીકરીઓને સમાન તકો આપીને જ એક સશક્ત રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે. આ ઉપરાંત, દૈનિક જીવનમાં સમાનતા કેવી રીતે લાવી શકાય અને છોકરીઓ માટે સલામત તેમજ સહાયક વાતાવરણ કઈ રીતે તૈયાર કરવું તે અંગે પણ વિગતવાર સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રેરણાત્મક ઉદાહરણો રજૂ કરીને સ્વ-સહાય જૂથની બહેનોમાં જાતિ સમાનતા પ્રત્યે સકારાત્મક અભિગમ અને સમજણ વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિ દ્વારા મહિલાઓમાં નવી ઉર્જાનો સંચાર થયો હતો અને તેઓએ સામાજિક પરિવર્તનમાં સહભાગી થવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ કાર્યક્રમ 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજનાના લક્ષ્યોને મજબૂત બનાવવામાં અને સમાજમાં સમાનતા આધારિત વિચારધારાને વેગ આપવામાં સફળ સાબિત થયો હતો.

# કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં ડાકોર સર્કિટ હાઉસ ખાતે ફાગણી પૂનમ મહોત્સવ-૨૦૨૬ના આયોજન હેતુ બેઠક યોજાઈ

## રણછોડ રાયજીના દર્શને ડાકોર આવતા દર્શનાર્થીઓ સારી રીતે ભગવાનના દર્શન સંપન્ન કરી શકે તે મુજબ વ્યવસ્થાઓ તૈયાર કરવી એ અમારી પ્રાથમીકતા છે: કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ

**ભરૂચ, તા.03**

બેઠક અંતર્ગત ફાગણ મહોત્સવના સંદર્ભમાં સફાઈ, પોલીસ બંદોબસ્ત, રોડ રસ્તા રીપેરીંગ, આડબંધ તપાસ, ઢોર નિયંત્રણ, વીજળી સંબંધિત કામગીરી, પીવાનું પાણી, જંતુ નાશક દવાઓનો છંટકાવ, ઝાડી ઝાંખરા નિયંત્રણ, દબાણ, પરિવહન, મોબાઈલ ટોયલેટ, એલઈડી વ્યવસ્થાપન દ્વારા લાઈવ દર્શન, આરોગ્ય ટીમ નિયુક્તિ, મોબાઈલ એપ્લિકેશન, દર્શને આવતા સંઘની વ્યવસ્થા, ફૂડ સેફ્ટી, પબ્લિક એડ્રેસલ સિસ્ટમ સહિતની કામગીરી અંગે ચર્ચા કરી જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. કલેકટરશ્રીએ સંબંધિત તમામ વિભાગોને પૂર્વ આયોજન કરી ચોક્કસ એસઓપી મુજબ જ કામગીરી કરવા સૂચના આપી હતી. ખાસ કરીને ડાકોર ગોમતી તળાવની ફરતે લોકોની અવરજવર સંપૂર્ણ બંધ કરવા જણાવ્યું હતું. આ સિવાય તમામ સ્થળોએ સ્વચ્છતા રાખવા, રસ્તા પરના દબાણો દૂર કરવા, મહત્તમ સ્થળો પર એમ્બ્યુલન્સ ગોઠવવા, ખાદ્ય પદાર્થોની તપાસ અને તેની ગુણવત્તા જાળવવા સહિતની કામગીરી અંગે સૂચનાઓ આપી હતી. કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે ડાકોર ફાગણ મહોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ડાકોર ખાતે દર્શનાર્થે આવતા હોય છે ત્યારે આ યાત્રીઓની સુરક્ષા જાળવી તેઓના દર્શન સારી રીતે સંપન્ન થાય તે મુજબની કામગીરી કરવી એ વહીવટી તંત્રની પ્રાથમિકતા રહેશે. વધુમા, ડાકોર ટેમ્પલ કમિટીના જણાવ્યા અનુસાર આ વર્ષે ૦૩ તારીખે મંગળવારે વહેલી સવારે બે કલાકે મંગળાઆરતી કરવામાં આવશે. સવારના ૧:૪૫ કલાકે નિજ મંદિર ખોલવામાં આવશે. ૦૨:૦૦ વાગે મંગળા આરતી થશે. ૨ થી ૩:૩૦ કલાક સુધી દર્શન માટે દ્વાર ખુલ્લા રહેશે. ૦૪:૦૦ કલાકે શણગાર આરતી થશે અને ૦૪ થી ૦૬ કલાક દરમિયાન ફૂલડોળના દર્શન થશે.

આ તકે પોલીસ વિભાગ દ્વારા રજૂ કરાયેલ પ્રેઝન્ટેશન મુજબ ડાકોર ફાગણ પૂનમ મહોત્સવ ૨૦૨૬ અંતર્ગત ૨૦૦૦ થી ઉપર પોલીસ સ્ટાફની સુરક્ષા માટે નિયુક્તિ કરવામાં આવશે. પોલીસ વિભાગ દ્વારા ડાકોર આવતા દર્શનાર્થીઓના પ્રવાહ મુજબ પાર્કિંગ, બંદોબસ્ત અને પોલીસ ચોકી ગોઠવવામાં આવી છે. બંદોબસ્તની વાત કરીએ તો કુલ ૦૮ પોઈન્ટ પર બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે. જેમાં, રણછોડરાયજી મંદિર પરિસર, મંદિરથી દેસાઈ નવીનચંદ્ર ની દુકાન સુધી, વર્ધમાન પ્લાસ્ટિક સેન્ટરથી



રાજાધિરાજ હોટલ સુધી, જ્યોતિ ચશ્મા ઘરથી બળીયાદેવ પાર્ક સોસાયટી સુધી, અશોક વકીલના મકાનથી નરસિંહ ટેકરી થઈ નવચેતના સુધી કુલ ૪૪ આડબંધ તૈયાર કરવામાં આવશે. આ સિવાય કુલ ૦૮ જગ્યાએ બેરીકેટિંગના પોઈન્ટ ઊભા કરવામાં આવશે. જેમાં, હોળી ચકલા આડબંધ, કુળેશ્વરી માતા મંદિર, ગોમતી તળાવની ફરતે, હર્ષદ સોનીની દુકાન પાસે, સિપાઈ વાળાના નાકે, પુનિત આશ્રમ ત્રણ રસ્તા, ગુલબાઈની વાડી અને ગણેશ સિનેમા ચાર રસ્તા પર બેરીકેટિંગ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત દર્શનાર્થીઓની અવરજવરને સરળ બનાવવા મંદિરના મુખ્ય દરવાજા પાસે, લવલી પાન હાઉસ, ઘોડાગાડી સ્ટેન્ડ, વલ્લભ નિવાસ, જાખેડ નાળા ત્રણ રસ્તા અને કુળેશ્વરી માતાના મંદિર પાસે વિભિન્ન પ્રેશર પોઈન્ટ પણ તૈયાર કરવામાં આવશે. જેનાથી ભીડ નિયંત્રણ કરી દોડધામ જેવી આકસ્મિક ઘટનાને નિવારી શકાય. ફાગણ મહોત્સવ સમયગાળા દરમિયાન વાહનોની અનિયંત્રિત અવર-જવર ઉપર પ્રતિબંધ માટે પગલાંઓ લેવામાં આવશે. જેમાં, એ.જી. શાહ પેટ્રોલ પંપ થી મુખ્ય રોડ થઈ વૃંદાવન સોસાયટી તરફ જતો માર્ગ, ગુર્જરી ઓક્ટ્રોય નાકાથી ગણેશ સિનેમા થઈ મંદિર તરફ જતો માર્ગ, ટ્રાફિક સર્કલ થી મંદિર તરફ જતો માર્ગ, ડોન બોસ્કો હાઈસ્કૂલ થી નગરી તરફથી મંદિર તરફ જતો માર્ગ, રણછોડપુરા પાટીયા થી ડાકોર તરફ જતો માર્ગ, ગાયોના વાડાથી ડાકોર તરફ જતો માર્ગ અને વેલકમ પાટીયા થી મંદિર તરફ જતા માર્ગ પર વાહન પ્રતિબંધ અવરજવર ઉપરના જાહેરનામા અંગે કામગીરી કરવામાં આવશે. દર્શનાર્થીઓ-શ્રદ્ધાળુ માટે સીસીટીવી કમાન્ડ એન્ડ કંટ્રોલ, નેત્રમ કમાન્ડ કંટ્રોલ, મોબાઈલ એપ્લિકેશન, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ઘોડેસવાર પેટ્રોલિંગ સુવિધાઓ ઉપરાંત સિવિલ ડિફેન્સના કર્મચારીઓ દ્વારા મંદિરના મુખ્ય દરવાજે અને ઘુમ્મટમાં સરળ અવરજવર માટેની સુવિધાઓ આપવામાં આવશે. મહોત્સવ દરમિયાન કોઈપણ દર્શનાર્થીને કોઈ મૂંઝવણ અંગે નિરાકરણ માટે પોલીસ દ્વારા ૦૭ પોલીસ સહાયતા કેન્દ્રો તૈયાર કરવામાં આવેલ છે. જેમાં રાયપુરા પાટીયા, ગાયોના વાડા, મહુધા ટી. પોઈન્ટ, ડાકોર ટ્રાફિક સર્કલ, રાણીયા, મંગલસેવા ધામ અને રાધાકુંડનો સમાવેશ થાય છે. પાર્કિંગ માટે પણ યાત્રાળુઓના ફ્લો મુજબ અલગ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેમાં, ઠાસરા તરફથી આવતા વાહનો માટે નાયબ કાર્યપાલક ઈજનેર આર.એન.બી ડાકોરનું ગ્રાઉન્ડ, અમદાવાદ તરફથી આવતા વાહનો માટે ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ ખાતે અને ઉમરેઠ તરફથી આવતા વાહનો માટે ભવન્સ કોલેજ ખાતે પાર્કીંગની સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે. આરોગ્ય વિષયક બાબતો પર વિશેષ તકેદારીના ભાગરૂપે ડાકોર હોળી ચકલા, હીરાલક્ષ્મી ટાવર, બોડાણા સ્ટેચ્યુ પર એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવશે. અને મંદિર પરિસરની અંદર તેમજ કંટ્રોલ રૂમની બાજુમાં મેડિકલ ટીમ તૈયાર રાખવામાં આવશે. યાત્રાળુઓની પરિવહનની સરળ સુવિધા ખાતર મોટી સંખ્યામાં સરકારી બસો તૈનાત કરવામાં આવશે. આ ઉપરાંત ડાકોર ખાતે તૈયાર કરવામાં આવનાર હંગામી બસ સ્ટેશન ઉપર થી જ યાત્રીઓને મંદિરનો પ્રસાદ મળી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવશે.

# IND vs PAK મેચમાં વરસાદ મજા બગાડી શકે:કોલંબોમાં 24 કલાકની આગાહી; જો મેચ રદ થાય તો ભારત અને પાકિસ્તાનનું શું સમીકરણ હશે?

નવી દિલ્હી, તા.14

ભારત-પાકિસ્તાન વર્લ્ડકપ મેચનો આનંદ વરસાદ બગાડી શકે છે. T20 વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજમાં બંને ટીમો 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં ટકરાવાની છે, પરંતુ આ દિવસે શહેરના 60% વિસ્તારોમાં વરસાદની આગાહી છે. જો આવું થયું તો ચાહકો ક્રિકેટની આ મોટી મેચને ચૂકી જશે.

ટીમ ઈન્ડિયા આજે (13 ફેબ્રુઆરી) રાત્રે કોલંબો પહોંચી. જ્યારે પાકિસ્તાનની ટીમ તેની બધી મેચ કોલંબોમાં જ રમી રહી છે. ટીમે અમેરિકા અને નેધરલેન્ડ્સને શરૂઆતની મેચમાં હરાવ્યા. જ્યારે ભારતે અમેરિકા અને નામિબિયાને હરાવ્યા.



ટીમ ઈન્ડિયા શુક્રવારે રાત્રે લગભગ 10 વાગ્યે કોલંબો પહોંચી. ભારતે મુંબઈમાં અમેરિકાને પહેલી મેચમાં હરાવ્યું, જ્યારે દિલ્હીમાં નામિબિયા સામે જીત મેળવી. પાકિસ્તાન પણ 2 મેચ જીતી ચૂક્યું છે. હવે 15 ફેબ્રુઆરીની મેચ જીતનારી ટીમ પોઈન્ટ્સ ટેબલમાં નંબર-1 પર પોતાની સ્થિતિ મજબૂત કરશે.

15 ફેબ્રુઆરીએ આખા 24 કલાક વરસાદનું અનુમાન છે. સવારે 9થી બપોરના 3 વાગ્યા સુધી 60%થી 50% સુધી વરસાદ પડી શકે છે. મેચ દરમિયાન સાંજે 7થી રાત્રિના 12 વાગ્યા સુધી પણ 10થી 20% સુધી વરસાદનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે.

અનુમાન- મેચના એક દિવસ પહેલાં શરૂ થશે વરસાદ

કોલંબોમાં મેચના એક દિવસ પહેલાં 14 ફેબ્રુઆરીની સવારે 9થી બપોરના 3 વાગ્યા સુધી 35% વરસાદની સંભાવના છે. સાંજે 6 વાગ્યા સુધી 25% વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. જ્યારે રાત્રિના 12 વાગ્યા સુધી 10% જ વરસાદની આશંકા છે.

શું કોલંબોમાં વરસાદની મોસમ છે?

શ્રીલંકામાં વરસાદ 2 ભાગમાં થાય છે. મેથી સપ્ટેમ્બર વચ્ચે દક્ષિણમાં આવેલા કોલંબો, યાલા અને નિગોમ્બોના વિસ્તારોમાં વરસાદ થાય છે.

ડિસેમ્બરથી ફેબ્રુઆરી વચ્ચે ઉત્તરમાં આવેલા જાફના, પુત્તાલમ અને કાલપિટિયાના વિસ્તારોમાં વરસાદનું અનુમાન રહે છે.

હાલમાં પવનો ઉત્તરથી દક્ષિણ તરફ વહી રહ્યા છે, આ કારણે કોલંબોમાં પણ વરસાદની સંભાવનાઓ વધી ગઈ છે. આબોહવામાં ફેરફારને કારણે વરસાદનું અનુમાન લગાવવું ઘણીવાર મુશ્કેલ પણ બની જાય છે.

અક્ષર પટેલ સહિત ટીમ ઈન્ડિયાના બાકીના ખેલાડીઓ સાથે 13 ફેબ્રુઆરીની સાંજે 6.30 વાગ્યે નવી દિલ્હી એરપોર્ટ પર જોવા મળ્યા.

# USAએ નેધરલેન્ડ્સને T20માં પહેલીવાર હરાવ્યું:93 રનથી મેચ જીતી

નવી દિલ્હી, તા.14

યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (USA)એ T20 વર્લ્ડ કપ 2026માં પ્રથમ જીત નોંધાવી છે. તેમણે ગ્રુપ Aની મેચમાં નેધરલેન્ડ્સને 93 રનથી હરાવ્યું. અમેરિકાએ નેધરલેન્ડ્સને T20 ઈન્ટરનેશનલમાં પ્રથમ વખત હરાવ્યું છે. ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં શુક્રવારની ત્રીજી મેચમાં 197 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી નેધરલેન્ડ્સની ટીમ 15.5 ઓવરમાં 103 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ. હરમીત સિંહે 4 વિકેટ ઝડપી. શેડલી વાન શાલ્કવિકે 3 અને મોહમ્મદ મોહસિને 2 વિકેટ લીધી.

આ પહેલા ટૉસ હારતા પહેલી બેટિંગ કરી રહેલી અમેરિકી ટીમે 20 ઓવરમાં 6 વિકેટે 196 રન બનાવ્યા. સાઈતેજા મુક્કામાલાએ 79 રન બનાવ્યા. જ્યારે કેપ્ટન મોનાંક પટેલે 36 રન બનાવ્યા. બાસ ડી લીડેએ 3 વિકેટ ઝડપી. લોગન વાન બીક, ફ્રેડ ક્લાસન અને કાઈલ ક્લીને એક-એક વિકેટ ઝડપી. USA ત્રીજા નંબર પર આવ્યું પ્રથમ જીત સાથે USAની ટીમ ગ્રુપ Aના પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજા સ્થાને આવી ગઈ છે. ટીમ પાસે 3 મેચમાં બે પોઈન્ટ્સ છે. આટલા જ પોઈન્ટ્સ નેધરલેન્ડ્સ પાસે છે, પરંતુ ડચ ટીમનો નેટ રન રેટ USA કરતાં ઓછો છે. ભારત 4 પોઈન્ટ્સ સાથે પ્રથમ, પાકિસ્તાન આટલા જ પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને છે. નામિબિયા ટેબલમાં સૌથી નીચે છે.



બન્ને ટીમની પ્લેઈંગ-11

અમેરિકા (USA): મોનાંક પટેલ (કેપ્ટન), શાયન જહાંગીર (વિકેટકીપર), સાઈતેજા મુક્કામલ્લા, મિલિંદ કુમાર, સંજય કૃષ્ણમૂર્તિ, શુભમ રંજને, હરમીત સિંહ, મોહમ્મદ મોહસિન, શૈડલી વાન શાલ્કવિક, નોસ્તુશ કેન્ઝિગે, અલી ખાન.

નેધરલેન્ડ્સ (NED): માઈકલ લેવિટ, મેક્સ ઓ'ડાઉડ, બાસ ડી લીડે, કોલિન એકરમેન, સ્કોટ એડવર્ડ્સ (કેપ્ટન અને વિકેટકીપર), જેક લાયન-કેશેટ, લોગન વાન બીક, આર્યન દત્ત, રૂલોફ વાન ડર મર્વે, કાઈલ ક્લીન, ફ્રેડ ક્લાસેન.

# રાત્રે 2 વાગ્યે હાર્દિક માહિકાને લઈને ટેટૂ બનાવડાવવા પહોંચ્યો, પંડ્યાની ગર્લફ્રેન્ડને વેલેન્ટાઇન ડે પર સરપ્રાઇઝ ગિફ્ટ

નવી દિલ્હી, તા.14

ઈન્ડિયન ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હાલમાં T20 વર્લ્ડ કપ 2026 માટે ટીમ સાથે વ્યસ્ત છે. દરમિયાન તેણે તેની ગર્લફ્રેન્ડને વેલેન્ટાઈન ડે સરપ્રાઈઝ આપી છે. હાર્દિક પંડ્યાએ દુનિયા સમક્ષ પોતાનો નવો પ્રેમ જાહેર કર્યો છે. અભિનેત્રી માહિકા શર્મા સાથેની તેની નિકટતા કોઈ રહસ્ય નથી. નતાશા સ્ટેનકોવિકથી છૂટાછેડા પછી આ પહેલીવાર છે જ્યારે તેણે પોતાના શરીર પર ટેટૂ કરાવ્યું છે, જે સ્પષ્ટપણે તેના નવા પ્રેમને વ્યક્ત કરે છે. સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ હવે એક નવું ટેટૂ જાહેર કર્યું છે, જે ખરેખર અનોખું છે. એલિયન્સ ટેટૂની ટીમે બનાવેલું ટેટૂ, તેની ગર્લફ્રેન્ડ મહિકા સાથે પ્રેમ, ઓળખ અને રિલેશનશિપની ખૂબ જ વ્યક્તિગત વાર્તા દર્શાવે છે. હાર્દિક પંડ્યાએ તેના ગળા પર 'M' અક્ષરનો ટેટૂ બનાવ્યો છે, જેમાં બે ચિત્તા પણ છે. આ એક કાયમી ટેટૂ છે. આ ટેટૂ બનાવનાર ટીમે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર વીડિયો શેર કર્યો છે. એમાં કેપ્શનમાં પણ લખ્યું છે હાર્દિક રાત્રે 2 વાગ્યે માહિકાને સાથે લઈને આવ્યો હતો. હાર્દિકના ગળા પર આ ખાસ ટેટૂ બનાવનાર ટીમના જણાવ્યા પ્રમાણે, હાર્દિક પંડ્યા માહિકાને એક સરપ્રાઈઝ આપવા માગતો હતો, જેમાં કોઈ અર્થ અને આત્મીયતાની ભાવના હોય, જોકે તેમના સંબંધો અને એકબીજા માટે તેમનો શું અર્થ છે એની ચર્ચા કર્યા પછી ખ્યાલ વધુ સ્તરીય પાત્ર અપનાવે છે. આ ટેટૂમાં બે ચિત્તા દર્શાવવામાં આવ્યા છે, જે ફક્ત પ્રાણીઓની ડિઝાઈન તરીકે જ નહીં, પરંતુ તેમના સંબંધનું પ્રતિનિધિત્વ કરવા માટે રચાયેલી છે.





# ભારત-પાક મહામુકાબલા પર હરભજનની સલાહ : ટીમ ઈન્ડિયાએ સ્પિનર ઉસ્માન તારિકથી સાવધાન રહેવું પડશે

નવી દિલ્હી, તા.14

T20 વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી હાઈ-વોલ્ટેજ મેચ પહેલાં ભૂતપૂર્વ ક્રિકેટરોએ ટીમ ઈન્ડિયાની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. દિગ્ગજ સ્પિનર હરભજન સિંહનું માનવું છે કે ભારતીય ટીમ પાકિસ્તાનને હરાવવા સક્ષમ છે, જોકે તેમણે ભારતીય બેટર્સને પાકિસ્તાનના સ્પિનર ઉસ્માન તારિકથી સાવચેત રહેવાની સલાહ પણ આપી છે. જ્યારે, ભૂતપૂર્વ વિકેટકીપર નયન મોંગિયાએ કહ્યું કે ભારતીય યુવાનો હવે નિર્ભય થઈને રમે છે અને પાકિસ્તાન પર સતત હારનું મેન્ટલી દબાણ રહેશે.હરભજન સિંહે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે ભારતની ટીમ મજબૂત અને સંતુલિત છે, પરંતુ મેચ દરમિયાન ધૈર્ય અને આત્મવિશ્વાસ જાળવી રાખવો જરૂરી રહેશે. તેમણે કહ્યું, 'ભારત આ મેચ જીતશે. પાકિસ્તાન પાસે ઉસ્માન તારિક જેવો સારો સ્પિનર છે, તેથી તેને સંભાળીને રમવું પડશે. ભારતીય ટીમ ખૂબ સારી છે. અમને આશા છે કે ખેલાડીઓ દબાણ વિના પોતાની સ્વાભાવિક રમત બતાવે અને જીત હાંસલ કરે.' ઉસ્માન તારિકનું શાનદાર ફોર્મ, એક્શન પર વિવાદ પાકિસ્તાનના સ્પિનર ઉસ્માન તારિકે તાજેતરની T20 મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે ઓછી એવરેજથી ઘણી વિકેટો લીધી છે અને વિરોધી બેટર્સને માટે મુશ્કેલીઓ ઊભી કરી છે. જોકે, તેની બોલિંગ એક્શનને લઈને કેટલાક લોકોએ સવાલો ઉઠાવ્યા છે અને તેના નિયમો અનુસાર હોવા પર વિવાદ પણ ચાલી રહ્યો છે. મોંગિયાને પણ ભારતની જીતનો ભરોસો પૂર્વ ભારતીય વિકેટકીપર નયન મોંગિયાએ પણ ભારતની જીતની આશા વ્યક્ત કરી છે. તેમનું માનવું છે કે વર્તમાન સમયમાં ભારતીય ટીમનો આત્મવિશ્વાસ ઘણો ઊંચો છે. મોંગિયાએ કહ્યું, 'આ મુકાબલો રોમાંચક હશે અને અમને આશા છે કે ભારત જીતશે. જે રીતે ટીમ બેટિંગ અને બોલિંગ કરી રહી છે અને કેપ્ટન આગળ વધીને નેતૃત્વ કરી રહ્યા છે, તેનાથી ટીમનો આત્મવિશ્વાસ સ્પષ્ટ દેખાય છે. પાકિસ્તાન સતત સાત-આઠ વખત ICC ટુર્નામેન્ટમાં હારી ચૂક્યું છે, તેથી તેમના પર વધુ દબાણ રહેશે.' તેમણે એમ પણ કહ્યું કે આધુનિક ક્રિકેટમાં મેચનો માહોલ ક્યારેય પણ બદલાઈ શકે છે. 'હવે ક્રિકેટ ઘણું બદલાઈ ગયું છે. ભારતના યુવા ખેલાડીઓ નિડર બની ગયા છે.



# પ્રાઇવસી માટે ₹60 કરોડની ઓફર ઠુકરાવી! : વિજય-રશ્મિકાએ લગ્નના વીડિયોના એક્સક્લુઝિવ OTT રાઇટ્સ વેચવાની ના પાડી દીધી

મુંબઈ, તા.14

નેશનલ ક્રશ રશ્મિકા મંદાના અને સાઉથ સ્ટાર વિજય દેવરકોંડાએ તેમના કથિત લગ્નના વીડિયોના ઓટીટી સ્ટ્રીમિંગ રાઈટ્સ માટે 60 કરોડ રૂપિયાની ઓફર ઠુકરાવી દીધી છે. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અનુસાર, OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સે કથિત રીતે લગ્નના એક્સક્લુઝિવ સ્ટ્રીમિંગ રાઈટ્સ માટે 60 કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને બંનેએ નકારી કાઢ્યો છે. જ્યારે, 'ટુપાકી' (ટોલીવુડ ન્યૂઝ પોર્ટલ)ના એક રિપોર્ટ અનુસાર, વિજય અને રશ્મિકા જલ્દી લગ્ન કરી શકે છે. આ જ કારણે ઘણા ઓટીટી પ્લેટફોર્મ તેમની પાસે લગ્નનો વીડિયો ખરીદવા માટે સંપર્ક કરી રહ્યા છે. એક મોટા ઓટીટી પ્લેટફોર્મે પણ તેમને મોટી રકમની ઓફર કરી છે.

પરંતુ માહિતી અનુસાર, વિજય અને રશ્મિકા કોઈપણ કિંમતે તેમના કથિત લગ્નનો વીડિયો વેચવા માંગતા નથી. સંભાવના છે કે, તેઓ તેને સીધા યુટ્યુબ પર જ રિલીઝ કરશે. નોંધનીય છે કે વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના લગ્નને લઈને સોશિયલ મીડિયા અને મીડિયામાં અનેક પ્રકારના દાવા કરવામાં આવી રહ્યા છે. જો કે, બંને સ્ટાર્સે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. વાસ્તવમાં, ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં M9 ન્યૂઝના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, બંનેએ પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં સગાઈ કરી લીધી છે. હવે અહેવાલ છે કે, બંને 26 ફેબ્રુઆરી 2026ના રોજ લગ્ન કરી શકે છે. આ પહેલા 2 ફેબ્રુઆરીએ પણ લગ્નની અફવાઓ ઉડી હતી. દાવો કરવામાં આવી રહ્યો છે કે લગ્ન રાજસ્થાનના ઉદયપુરના એક હેરિટેજ પેલેસમાં ખાનગી સમારોહમાં થશે.



# જેલમાં રાજપાલ યાદવને કોઈ VIP ટ્રીટમેન્ટ નહીં

મુંબઈ, તા.14

બોલિવૂડ એક્ટર રાજપાલ યાદવ હાલમાં ચેક બાઉન્સ કેસમાં દિલ્હીની તિહાડ જેલમાં બંધ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શરૂઆતના 24 કલાક તે ખૂબ શાંત રહ્યો, પરંતુ હવે જેલમાં સાથી કેદીઓ સાથે ભળી ગયો છે. રાજપાલ પોતાના રમૂજી અંદાજથી કેદીઓને હસાવી રહ્યા છે. એવું કહેવાય છે કે, કેદીઓની માંગ પર તે પોતાની ફિલ્મોના કોમેડી ડાયલોગ પણ સંભળાવે છે. 'નવભારત ટાઈમ્સ'ના રિપોર્ટ અનુસાર, રાજપાલ યાદવ જેલ નંબર-2માં છે. તેની દિનચર્યા અન્ય કેદીઓ જેવી જ છે. સવારે બેરેકમાંથી બહાર નીકળવું, ફ્રેશ થયા પછી નાસ્તો કરવો અને સાંજે 7 વાગ્યે ડિનર. તે રાત્રે લગભગ 10 વાગ્યે સૂઈ જાય છે અને સવારે 5-6 વાગ્યે ઉઠે છે. તેને કોઈ પણ પ્રકારની વીઆઈપી સુવિધા આપવામાં આવી રહી નથી. રાજપાલ યાદવના ચેક બાઉન્સ કેસમાં જામીન નામંજૂર થયા છે, આગામી સુનાવણી સોમવારે યોજાશે. રાજપાલ યાદવના ચેક બાઉન્સ કેસમાં જામીન નામંજૂર થયા છે, આગામી સુનાવણી સોમવારે યોજાશે. જેલના નિયમો અનુસાર, જે મેનુ બધા કેદીઓ માટે નક્કી હોય છે, તે જ તેને પણ મળે છે, જેમાં શાક, રોટલી, દાળ અને ભાતનો સમાવેશ થાય છે. એવું કહેવાય છે કે, જ્યારે કોઈ કેદી તેને જેલમાં આવવાનું કારણ પૂછે છે.



# તૃપ્તિની 'સંતૂર ગર્લ'થી દીપિકાના રિપ્લેસમેન્ટ સુધીની સફર

■ 'સગાં-વહાલાં કહેતાં, હિરોઈન બનીશ તો લગ્ન નહીં થાય':આજે 'ભાભી-2' પર ભારતના જુવાનિયાઓ ફિદા


મુંબઈ, તા.14

દિલ્હીના વસંત વિહારની એર ઈન્ડિયા કોલોનીમાં ઊછરેલી તૃપ્તિ ડિમરીના સપનાની ઉડાન ઘરના સાંસ્કૃતિક માહોલથી શરૂ થઈ. પિતા દિનેશ ડિમરી રામલીલા મંચના સક્રિય કલાકાર રહ્યાં, પરંતુ સંજોગોએ તેમના એક્ટિંગના સપનાને વ્યવસાયમાં બદલવા દીધું નહીં. કદાચ એ જ અધૂરું સપનું તૃપ્તિની આંખોમાં આકાર લેવા લાગ્યું. દિલ્હી પબ્લિક સ્કૂલમાંથી અભ્યાસ અને શ્રી અરબિંદો કોલેજમાંથી સમાજશાસ્ત્રમાં ગ્રેજ્યુએશનની ડિગ્રી દરમિયાન મોડેલિંગનો એક નાનો અવસર મળ્યો. બસ, ત્યાંથી જ શરૂ થઈ મુંબઈની સફર. સંતૂરની જાહેરાતથી શરૂઆત કરી, પરંતુ આગળનો રસ્તો સરળ નહોતો. સંબંધીઓએ મહેણા માર્યા કે એક્ટ્રેસ બનીશ તો કોઈ લગ્ન નહીં કરે. ઈન્ડસ્ટ્રીમાં તેના લુક અને દેખાવને લઈને જજ થઈ. ઓડિશનમાં રિજેક્શન સહન કર્યાં, ટિપિકલ હિરોઈન ન દેખાવા બદલ ટિપ્પણી કરવામાં આવી. ઘણીવાર આત્મવિશ્વાસ તૂટ્યો, પરંતુ માતા-પિતાનો સાથ તેની તાકાત બની. 'પોસ્ટર બોયઝ'થી ડેબ્યૂ કર્યા પછી પણ સંઘર્ષ સમાપ્ત થયો ન હતો. 'લૈલા મજનૂ' જેવી સંવેદનશીલ ફિલ્મે અભિનયની ઓળખ આપી, પરંતુ વ્યાવસાયિક નિષ્ફળતાએ ફરીથી શૂન્ય પર લાવી દીધી. 'બુલબુલ' અને 'કલા'માં કન્ટેન્ટ-ડ્રિવન સિનેમાની મજબૂત એક્ટ્રેસ તરીકે પ્રશંસા મળી, પરંતુ વ્યાપક લોકપ્રિયતા દૂર હતી. 2023માં 'એનિમલ'એ તસવીર બદલી નાખી. મર્યાદિત સ્ક્રીન ટાઈમ હોવા છતાં તેનું પાત્ર ચર્ચાનું કેન્દ્ર બન્યું અને તે રાતોરાત 'નેશનલ ક્રશ' કહેવાવા લાગી. આજે મોટા બેનર અને મોટા સિતારાઓ સાથે કામ કરી રહી છે. તૃપ્તિ ડિમરીનો જન્મ 23 ફેબ્રુઆરી 1994ના રોજ દિલ્હીમાં થયો હતો. તેનો પરિવાર મૂળભૂત રીતે ઉત્તરાખંડના ગઢવાલનો છે, પરંતુ પિતા દિનેશ ડિમરીની એર ઈન્ડિયામાં નોકરીના કારણે પરિવાર દિલ્હીમાં સ્થાયી થયો. તે વસંત વિહાર સ્થિત એર ઈન્ડિયા કોલોનીમાં રહે છે. તૃપ્તિના પિતાને અભિનય અને મંચ પ્રત્યે ખાસ લગાવ હતો. તેઓ દર વર્ષે 10 દિવસ સુધી રામલીલા અને દશેરા સમારોહનું આયોજન કરતા હતા અને લગભગ 30 વર્ષ સુધી રામલીલા કમિટીના સભ્ય રહ્યા. બાળપણમાં તેમણે રામ અને રાવણ જેવાં પાત્રો પણ ભજવ્યાં હતાં. ફિલ્મફેરને આપેલા ઈન્ટરવ્યૂમાં તૃપ્તિએ જણાવ્યું હતું કે ઘરમાં કલા અને સંસ્કૃતિનું વાતાવરણ હતું, જેણે તેમનામાં અભિનય પ્રત્યે ઝુકાવ પેદા કર્યો. તૃપ્તિ ડિમરીએ 12મા ધોરણ સુધીનો અભ્યાસ દિલ્હી પબ્લિક સ્કૂલમાંથી કર્યો. ત્યાર બાદ તેણે નવી દિલ્હીની શ્રી અરબિંદો કોલેજમાંથી સમાજશાસ્ત્રમાં સ્નાતક કર્યું. કોલેજ દરમિયાન તેના ભાઈના એક મિત્રએ પાર્કમાં તેનું ફોટોશૂટ કર્યું અને તસવીરો એક મોડેલિંગ એજન્સીને મોકલી આપી. એજન્સીએ તેને ઓડિશન માટે બોલાવી અને તે સિલેક્ટ થઈ ગઈ. તૃપ્તિને પહેલી તક સંતૂર સાબુની જાહેરાતમાં મળી, જેનું શૂટિંગ મુંબઈમાં થયું હતું. આ પ્રોજેક્ટ પછી તેણે મુંબઈમાં જ રોકાવાનો નિર્ણય કર્યો અને ફિલ્મો માટે ઓડિશન આપવા લાગી. આ દરમિયાન તેને શ્રીદેવી અભિનિત ફિલ્મ 'મોમ'માં એક નાનકડી ભૂમિકા ભજવવાની તક મળી. અહીંથી જ તેની ફિલ્મી સફરની શરૂઆત થઈ. આ દરમિયાન તૃપ્તિના સંબંધીઓને ખબર પડી કે તે એક્ટિંગ માટે પ્રયાસ કરી રહી છે. સંબંધીઓ તૃપ્તિનાં માતા-પિતાને મહેણા મારવા લાગ્યા. તૃપ્તિ કહે છે- 'કેટલાક સંબંધીઓએ મારાં માતા-પિતાને કહ્યું હતું કે જો તમારી દીકરી ફિલ્મોમાં જશે, તો તેના લગ્ન નહીં થઈ શકે. આવી ટિપ્પણીઓ મારાં માતા-પિતા માટે સરળ ન હતી, પરંતુ તેમ છતાં તેણે મારો સાથ આપ્યો.' '2017માં 'પોસ્ટર બોયઝ'થી ડેબ્યૂ કર્યું. એ સમયે મુંબઈમાં નવી-નવી આવી હતી, ત્યારે ખબર નહોતી કે શું કરવું. મુંબઈ શહેર અજાણ્યું લાગતું હતું. આ ફિલ્મ માટે પહેલીવાર ઓડિશનમાં રિજેક્ટ થઈ ગઈ હતી. પછી મને ફરીથી ઓડિશન માટે બોલાવવામાં આવી અને સિલેક્ટ થઈ ગઈ.' 'પહેલી જ ફિલ્મમાં સની દેઓલ, બોબી દેઓલ અને શ્રેયસ તલપડે સાથે કામ કરવાનો મોકો મળ્યો. એ સમયે ખૂબ ગભરાટ હતો, પણ ઉત્સાહ પણ હતો. ઈન્ડસ્ટ્રીમાં જગ્યા બનાવવી મુશ્કેલ હતી છતાં ગર્વ અનુભવાયો. આ ફિલ્મે પરિવારને ભરોસો અપાવ્યો. કેમેરા સામે ઊભા રહેવાનો આત્મવિશ્વાસ મળ્યો. પહેલાં ખૂબ શરમાળ હતી, પણ રોજ સો લોકો સામે પર્ફોર્મ કરવાથી ડર દૂર થયો. નિર્ણય લીધો કે ક્યારેય અટકીશ નહીં.'



# મધુબાલાએ સંબંધો તોડી નાખતા દિલીપ કુમારે બધાની સામે લાફો માર્યો

## પતિ કિશોર કુમારના સાથ માટે અંતિમ ઘડી સુધી તરસતા રહ્યા



મુંબઈ, તા.14

14 ફેબ્રુઆરી 1933, સવારે દિલ્હીની ગલીઓમાં એક બાળકીનો જન્મ થયો. તેનું નામ મુમતાઝ જહાં બેગમ દેહલવી હતું, જે આગળ જતાં ભારતીય સિનેમાની સૌથી સુંદર અને યાદગાર એક્ટ્રેસમાંના એક બન્યાં. તેમનું નામ છે મધુબાલા, જેમણે 'મુઘલ-એ-આઝમ', 'હાવડા બ્રિજ', 'કાલા પાની', 'ચલતી કા નામ ગાડી' અને 'બરસાત કી રાત' જેવી ફિલ્મોમાં એક્ટિંગ કરી. 'મુઘલ-એ-આઝમ'માં અનારકલીની ભૂમિકા ભારતીય સિનેમાની સૌથી પ્રખ્યાત ફિલ્મોમાંની એક છે. મધુબાલા, અતાઉલ્લાહ ખાન અને આયેશા બેગમને જન્મેલા 11 બાળકોમાં પાંચમાં હતાં. તેમના ચાર ભાઈ-બહેનો બાળપણમાં જ મૃત્યુ પામ્યા હતા. તેમના પિતા, અતાઉલ્લાહ ખાન પેશાવર ખીણના સ્વાબી જિલ્લાના હતા અને યુસુફઝાઈ પશ્તુન જાતિનાં હતાં. તેઓ દિલ્હીમાં ઈમ્પીરીયલ ટોબેકો કંપનીમાં કામ કરતા હતા. પરિવારને ખબર નહોતી કે મધુબાલાને જન્મથી જ વેન્ટ્રિક્યુલર સેપ્ટલ ડિફેક્ટ નામની હૃદયની બીમારી છે, જેને સામાન્ય રીતે 'હૃદયમાં કાણું' કહેવામાં આવે છે. તે સમયે તેની કોઈ સારવાર નહોતી. મધુબાલાના બાળપણની વાત કરીએ તો, ઘરમાં કડક શિસ્તા, પરંપરાના દબાણ અને આર્થિક મુશ્કેલીઓ એ બધું જ તેમની દુનિયાનો ભાગ હતું. તેમણે ક્યારેય શાળામાં પ્રવેશ કર્યો નહીં, પરંતુ તેમને તેમના પિતા પાસેથી શબ્દો અને લાગણીઓની ભાષા વારસામાં મળી. તેઓ ઉર્દૂ, હિન્દી અને પશ્તોમાં અસ્ખલિત હતા.

# ટોરેન્ટ ફાર્માના ત્રીજા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત : મજબૂત બ્રાન્ડેડ બિઝનેસના પ્રદર્શનથી કંપનીના ચોખ્ખા નફામાં 26%નો વધારો

મુંબઈ, તા.14

ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (“કંપની)એ આજે નાણાંકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત કરી. નાણાંકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરના મુખ્ય અંશોમાં આવક વાર્ષિક ધોરણે 18% વધીને 3,303 કરોડ રહી. જ્યારે ઓપરેશનલ EBITDA* આવક વાર્ષિક ધોરણે 19% વધીને 1,088 કરોડ રહી. ઓપરેશનલ EBITDA* માર્જિન 33%; ગ્રોસ માર્જિન: 76% ટેક્સ બાદ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 26% ના વધારા સાથે 635 કરોડ રહ્યો. **અસાધારણ બાબતોમાં જેબી કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના અધિગ્રહણ સાથે જોડાયેલા નિયમનકારી અને કાનૂની ફાઈલિંગ ફી તથા સંબંધિત અન્ય ખર્ચનો સમાવેશ થાય છે. ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (“કંપની)એ આજે નાણાંકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત કરી. નાણાંકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરના મુખ્ય અંશોમાં આવક વાર્ષિક ધોરણે 18% વધીને 3,303 કરોડ રહી. જ્યારે ઓપરેશનલ




EBITDA* આવક વાર્ષિક ધોરણે 19% વધીને 1,088 કરોડ રહી. ઓપરેશનલ EBITDA* માર્જિન 33%; ગ્રોસ માર્જિન: 76% ટેક્સ બાદ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 26% ના વધારા સાથે 635 કરોડ રહ્યો. **અસાધારણ બાબતોમાં જેબી કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના અધિગ્રહણ સાથે જોડાયેલા નિયમનકારી અને કાનૂની ફાઈલિંગ ફી તથા સંબંધિત અન્ય ખર્ચનો સમાવેશ થાય છે. ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (“કંપની)એ આજે નાણાંકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત કરી. નાણાંકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરના મુખ્ય અંશોમાં આવક વાર્ષિક ધોરણે 18% વધીને 3,303 કરોડ રહી. જ્યારે ઓપરેશનલ EBITDA* આવક વાર્ષિક ધોરણે 19% વધીને 1,088 કરોડ રહી. ઓપરેશનલ EBITDA* માર્જિન 33%; ગ્રોસ માર્જિન: 76% ટેક્સ બાદ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 26% ના વધારા સાથે 635 કરોડ રહ્યો. **અસાધારણ બાબતોમાં જેબી કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના અધિગ્રહણ સાથે જોડાયેલા નિયમનકારી અને કાનૂની ફાઈલિંગ ફી તથા સંબંધિત અન્ય ખર્ચનો સમાવેશ થાય છે.

વિભાગીય કામગીરી:

ભારત :

ભારતમાં કંપનીની આવક 14% વધીને 1,798 કરોડ રહી.

AIOCD ફાર્માટ્રિક સેકન્ડરી માર્કેટ ડેટા મુજબ, ક્વાર્ટર માટે IPM વૃદ્ધિ 10% હતી.

કાર્ડિયાક, ગેસ્ટ્રો અને ડાયાબિટીસ (OAD) સેગમેન્ટમાં સારા પ્રદર્શનની મદદથી ક્રોનિક અને સબ-ક્રોનિક થેરાપીમાં IPM કરતાં કંપનીનો વૃદ્ધિદર વધુ રહ્યો.

નાણાંકીય વર્ષ 2025-26ના પ્રથમ નવ મહિનામાં કંપનીની આવક 12% વધીને 5,430 કરોડ રહી.

બ્રાઝિલ :

બ્રાઝિલમાં કંપનીની આવક 27% વધીને 371 કરોડ રહી.

સ્થિર ચલણના આધારે કંપનીની આવક 10% વધીને R$224 મિલિયન રહી.

IQVIA મુજબ ટોરેન્ટનો વૃદ્ધિ દર 13%, જ્યારે બજારનો વૃદ્ધિ દર 7% હતો.

ટોરેન્ટના 60 ઉત્પાદનોની મંજુરીની અરજી હાલમાં ANVISA સમક્ષ પડતર છે.

નાણાંકીય વર્ષ 2025-26ના પ્રથમ નવ મહિનામાં કંપનીની આવક 21% વધીને 907 કરોડ રહી. (સ્થિર ચલણ આવક 13% ના વધારા સાથે R$ 564 મિલિયન રહી).

અમેરિકા :

અમેરિકામાં કંપનીની આવક 19% ના ઘટાડા સાથે 321 કરોડ રહી.

સ્થિર ચલણ આધારે આવક ગત નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરની તુલનામાં 12% ના વધારા સાથે $36 મિલિયન રહી.

નાણાંકીય વર્ષ 2025-26ના પ્રથમ નવ મહિનામાં કંપનીની આવક 21% વધીને 967 કરોડ રહી. (સ્થિર ચલણ આવક 16% ના વધારા સાથે $111 મિલિયન રહી).

જર્મની :

જર્મનીમાં કંપનીની આવક 8% વધીને 304 કરોડ રહી.

# જ્યુરોફ્લેક્સ સહિત 5 કંપનીઓના IPOને સેબીની મંજૂરી : ફ્રેશ ઇશ્યૂ અને OFS દ્વારા ફંડ એકત્ર કરશે

મુંબઈ, તા.14




સેબીએ જ્યુરોફ્લેક્સ અને હેક્ઝાગોન ન્યુટ્રિશન સહિત કુલ 5 કંપનીઓના પબ્લિક ઇશ્યુને લીલી ઝંડી આપી દીધી છે. 13 ફેબ્રુઆરીના રોજ સેબીએ આ કંપનીઓના ડ્રાફ્ટ પેપર્સ પર પોતાની 'ઓબ્ઝર્વેશન' જારી કરી. હવે આ કંપનીઓ આગામી કેટલાક મહિનાઓમાં પોતાનો IPO બજારમાં લાવી શકશે. જે 5 કંપનીઓને મંજૂરી મળી છે તેમાં પ્રીમિયર ઈન્ડસ્ટ્રિયલ કોર્પોરેશન, વિરૂપાક્ષ ઓર્ગેનિક્સ, હેક્ઝાગોન ન્યુટ્રિશન, ઓમ પાવર ટ્રાન્સમિશન અને મેટ્રેસ બ્રાન્ડ જ્યુરોફ્લેક્સનો સમાવેશ થાય છે. આ કંપનીઓ ફ્રેશ શેર જારી કરીને અને ઓફર ફોર સેલ દ્વારા ભંડોળ એકત્ર કરશે.

1. જ્યુરોફ્લેક્સ: આ 183.6 કરોડ રૂપિયાના નવા શેર જારી કરશે. આ ઉપરાંત હાલના રોકાણકારો અને પ્રમોટર્સ OFS દ્વારા 2.25 કરોડ શેરનું વેચાણ કરશે. આ ભંડોળનો ઉપયોગ કંપની પોતાના દેવાને ચૂકવવા અને ઉત્પાદન ક્ષમતા વધારવામાં કરી શકે છે. આ સ્લીપ સોલ્યુશન્સ કંપની છે, જે મુખ્યત્વે મેટ્રેસ, ફોમ, બેડ અને પિલો બનાવે છે. આ ઓર્થોપેડિક ગાદલાઓ માટે ખૂબ પ્રખ્યાત છે. લગભગ 50 વર્ષથી આ સેક્ટરમાં કામ કરી રહી છે.

2. વિરૂપાક્ષ ઓર્ગેનિક્સ: આ IPO સંપૂર્ણપણે ફ્રેશ ઇશ્યૂ હશે. કંપની 740 કરોડ રૂપિયા એકત્ર કરવાની યોજના ધરાવે છે. એટલે કે, આ IPO માંથી મળેલા પૈસા કંપની પાસે જશે અને તેનો ઉપયોગ વર્કિંગ કેપિટલ અને કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. આ એક રિસર્ચ આધારિત ફાર્માસ્યુટિકલ કંપની છે. તે મુખ્યત્વે એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ (API) અને ઈન્ટરમીડિએટ્સ બનાવે છે, જેનો ઉપયોગ દવાઓમાં થાય છે. વિરૂપાક્ષ ઓર્ગેનિક્સ મુખ્યત્વે એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ (API) અને ઈન્ટરમીડિએટ્સ બનાવે છે. વિરૂપાક્ષ ઓર્ગેનિક્સ મુખ્યત્વે એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ (API) અને ઈન્ટરમીડિએટ્સ બનાવે છે.

3. પ્રીમિયર ઈન્ડસ્ટ્રિયલ: તે તેના IPOમાં 2.25 કરોડ નવા શેર જારી કરશે. સાથે જ 54 લાખ શેરનો ઓફર ફોર સેલ પણ હશે. આ કંપની વેલ્ડિંગ ઈન્ડસ્ટ્રી માટે રો મટિરિયલ જેવા કે ફેરો એલોય પાવડર, મેટલ પાવડર અને અલગ-અલગ પ્રકારના વાયર બનાવે છે.

4. ઓમ પાવર: ઓમ પાવર ટ્રાન્સમિશનની વાત કરીએ તો, કંપની 90 લાખ નવા શેર જારી કરશે, જ્યારે 10 લાખ શેર પ્રમોટર્સ વેચશે. આ એક ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ અને કોન્ટ્રાક્ટિંગ કંપની છે. તે પાવર ટ્રાન્સમિશન લાઈન, સબ-સ્ટેશનોના નિર્માણ અને તેમની જાળવણીનું કામ કરે છે.

5. હેક્સાગોન ન્યુટ્રિશન: હેક્સાગોન ન્યુટ્રિશનનો IPO સંપૂર્ણપણે OFS હશે. કંપનીના હાલના શેરધારકો 3.08 કરોડ શેરનું વેચાણ કરશે. આમાં કંપની પાસે કોઈ નવું ભંડોળ આવશે નહીં. જૂના રોકાણકારો તેમનો હિસ્સો વેચીને બહાર નીકળશે અથવા નફો કમાશે. આ કંપની બાળકો માટે હેલ્થ ડ્રિંક્સ અને ક્લિનિકલ ન્યુટ્રિશન ફૂડ બનાવે છે.

# ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ- શેરબજારમાં ભારે ઉતાર-ચઢાવનો માહોલ જોવા મળ્યો : ઉછાળે નફારૂપી વેચવાલી યથાવત્, બજારમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું

મુંબઈ, તા.14




તાજેતરમાં ભારતીય શેરબજારમાં ભારે ઉતાર-ચઢાવનો માહોલ જોવા મળ્યો છે. સપ્તાહની શરૂઆત અત્યંત આશાસ્પદ રહી હતી, જેનું મુખ્ય કારણ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની મોનિટરી પોલિસી કમિટિ દ્વારા વ્યાજદરો યથાવત રાખવાનો નિર્ણય અને અમેરિકા સાથેના ટ્રેડ ડીલનું સકારાત્મક માળખું હતું. જોકે, સપ્તાહના અંતે ભૌગોલિક રાજકીય તણાવ અને આઈટી સેક્ટરમાં નરમાઈને કારણે બજારમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. પ્રસ્તુત રિપોર્ટમાં કોમોડિટી, મેટલ, વૈશ્વિક-સ્થાનિક પરિબળો અને રોકાણની રણનીતિનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

કોમોડિટી, ગોલ્ડ અને સિલ્વર માર્કેટ અપડેટ

ભારતીય કોમોડિટી માર્કેટમાં કિંમતી ધાતુઓ એટલે કે સોના અને ચાંદીમાં ફરી એકવાર ચમક જોવા મળી છે. અગાઉના ટ્રેડિંગ સેશનમાં આવેલા મોટા કડાકા બાદ, નીચા મથાળેથી શાનદાર રિકવરી નોંધાઈ છે.

સોનું : સોનાના ભાવમાં પ્રતિ તોલા અંદાજીત રૂ. 976 નો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે, જે સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માંગ દર્શાવે છે.

ચાંદી : ચાંદીમાં પણ તોફાની તેજી જોવા મળી છે અને ભાવમાં રૂ. 4700 નો જંગી ઉછાળો નોંધાયો છે.

મેટલ અને અન્ય : ઔદ્યોગિક માંગ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે મેટલ સેક્ટરમાં મિશ્ર પ્રતિભાવ છે, પરંતુ કિંમતી ધાતુઓનું પ્રભુત્વ યથાવત છે.

સ્થાનિક પરિબળો : DII - માર્કેટના સાચા સારથી

વર્તમાન સમયમાં ભારતીય શેરબજારની મજબૂતીનું સૌથી મોટું કારણ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) નો વધતો દબદબો છે. ઈતિહાસમાં પ્રથમ વખત નિફ્ટી-50 કંપનીઓમાં DII નો હિસ્સો FII કરતા વધી ગયો છે.

# સોનું આ અઠવાડિયે ₹687 મોંઘું થયું, ₹1.52 લાખ થયું : ચાંદી ₹2,496 સસ્તી થઈ, ₹2.42 લાખ પ્રતિ કિલો પર આવી

નવી દિલ્હી, તા.14

આ અઠવાડિયે સોનાના ભાવમાં નજીવો વધારો અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો. શુક્રવાર, 13 ફેબ્રુઆરીના રોજ સોનાનો ભાવ 687 રૂપિયા વધીને 10 ગ્રામ દીઠ 1,52,765 રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા, ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે એટલે કે 6 ફેબ્રુઆરીના રોજ તે 1,52,078 રૂપિયા પર હતો.



જ્યારે, ચાંદીનો ભાવ 2,496 રૂપિયા ઘટીને પ્રતિ કિલો 2,42,433 રૂપિયા પર આવી ગયો છે. આ પહેલા 6 ફેબ્રુઆરીના રોજ તેની કિંમત પ્રતિ કિલો 2,44,929 રૂપિયા હતી. જોકે, આ અઠવાડિયામાં 11 ફેબ્રુઆરીના રોજ સોનું 10 ગ્રામ દીઠ 1,57,322 રૂપિયા અને ચાંદી પ્રતિ કિલો 2,66,449 રૂપિયા પર પહોંચી ગઈ હતી.

44 દિવસમાં સોનું 19,570 અને ચાંદી 12,013 મોંઘી થઈ

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 19,570 રૂપિયા વધી ચૂકી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,33,195 રૂપિયાનું હતું, જે હવે 1,52,765 રૂપિયા થઈ ગયું છે. જ્યારે, ચાંદી 12,013 રૂપિયા મોંઘી થઈ ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીની કિંમત 2,30,420 રૂપિયા હતી, જે હવે પ્રતિ કિલો 2,42,433 રૂપિયા પર પહોંચી ગઈ છે.

2025માં સોનું 75% અને ચાંદી 167% મોંઘું થયું

2025માં સોનું 57 હજાર રૂપિયા (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું. આ સમય દરમિયાન ચાંદી 1.44 લાખ રૂપિયા (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86,017 રૂપિયાની હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

અસલી ચાંદીને ઓળખવાની 4 રીતો

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળું નિશાન થાય તો અસલી છે.

ભારતીય ઘરોમાં દેશની GDP કરતાં વધુ સોનું: 34,600 ટન સોનાની કિંમત 450 લાખ કરોડ, દેશની GDP 370 લાખ કરોડ

ભારતીય પરિવારો પાસે રહેલા કુલ સોનાની કિંમત 5 ટ્રિલિયન ડોલર (450 લાખ કરોડ)ને પાર થઈ ગઈ છે. આ આંકડો દેશની કુલ 4.1 ટ્રિલિયન ડોલર એટલે કે, 370 લાખ કરોડ રૂપિયાની GDP કરતાં પણ વધારે છે. સોનાની કિંમતો રેકોર્ડ ઊંચાઈએ પહોંચવાને કારણે આવું થયું છે. મોર્ગન સ્ટેનલીના એક રિપોર્ટ અનુસાર ભારતીય ઘરોમાં લગભગ 34,600 ટન સોનું જમા છે.

# ઈલોન મસ્કની AI કંપની ચંદ્ર પર ફેક્ટરી બનાવશે:વર્ષના અંત સુધીમાં કોડિંગની જરૂરિયાત સમાપ્ત થશે; મસ્કે XAIનો સંપૂર્ણ પ્લાન જણાવ્યો

મુંબઈ, તા.14

દુનિયાના સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્ક ચંદ્ર પર AI સેટેલાઈટ ફેક્ટરી બનાવશે. મસ્કે જણાવ્યું હતું કે તેઓ આના દ્વારા સૂર્યની ઊર્જા કેપ્ચર કરવા માગે છે. મસ્કે પોતાની AI કંપની XAIની ઈન્ટર્નલ મિટિંગનો 45 મિનિટનો વીડિયો પોસ્ટ કર્યો, જેમાં આ માહિતી સામે આવી છે.


ઈલોન મસ્કની મિટિંગ સાથે જોડાયેલી 8 મોટી વાત

1. સૂર્ય ઊર્જાનો ઉપયોગ

મસ્ક સૂર્યની કુલ ઊર્જાનો 1% હિસ્સો વાપરવા માગે છે. સાંભળવામાં આ 1% નાનો લાગે છે, પરંતુ એ આજની દુનિયાની કુલ ઊર્જા કરતાં પણ લાખો ગણો વધારે હશે. મસ્કનું માનવું છે કે અંતરિક્ષમાં આપણે એકલા નથી. તેઓ બીજા ગ્રહો પર એલિયન્સના નિશાન અને ત્યાં ક્યારેક રહેલી જૂની સભ્યતાઓના અવશેષો (ખંડેર) શોધવા માગે છે.

આ માટે ચંદ્ર પર ફેક્ટરીઓ લગાવવામાં આવશે જે AI સેટેલાઈટ્સ બનાવશે. ત્યાં એક 'માસ ડ્રાઈવર' (એક પ્રકારનું ઈલેક્ટ્રોમેગ્નેટિક લોન્ચર) હશે, જે સેટેલાઈટ્સને અંતરિક્ષમાં છોડશે.

મસ્ક મુજબ, આના દ્વારા એવા AI ક્લસ્ટર બનાવી શકાય છે, જે



સૂર્યની કુલ ઊર્જાના મોટા હિસ્સાને કેપ્ચર કરી શકે અને બીજી ગેલેક્સી સુધી વિસ્તરી શકે.

2. ફાઉન્ડિંગ ટીમના 12 સભ્યમાંથી 6ને કાઢી મુકાયા

મિટિંગમાં મસ્કે જણાવ્યું હતું કે કંપનીમાંથી ઘણા જૂના કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા છે. આમાં કંપનીની શરૂઆત કરનાર ફાઉન્ડિંગ ટીમના સભ્યો પણ સામેલ છે.

xAIની શરૂઆત કરનારા 12 મુખ્ય સભ્યોમાંથી હવે ફક્ત અડધા જ મસ્ક સાથે રહ્યા છે. મસ્કે તેને કંપનીના 'ઓર્ગેનાઈઝેશનલ સ્ટ્રક્ચર'માં ફેરફારનું નામ આપ્યું છે.

3. xAI ચાર ટીમોમાં વહેંચાઈ, 'મેક્રોહાર્ડ' પ્રોજેક્ટ સૌથી ખાસ

ગ્રોક ટીમ: એ ચેટબોટ અને વોઈસ ફીચર્સ પર કામ કરશે.

કોડિંગ ટીમ: એપની સિસ્ટમને મજબૂત બનાવવા માટે.

ઈમેજીન ટીમ: એ વીડિયો જનરેશન ટૂલ પર ફોકસ કરશે.

મેક્રોહાર્ડ પ્રોજેક્ટ: એ કોમ્પ્યુટર સિમ્યુલેશનથી લઈને સંપૂર્ણ કંપનીઓનું મોડલિંગ કરશે. તેનો ઉદ્દેશ AI દ્વારા રોકેટ એન્જિન સુધી ડિઝાઈન કરવાનો છે.

આ પ્રોજેક્ટ માત્ર સામાન્ય સોફ્ટવેર જ નહીં બનાવે, પરંતુ સંપૂર્ણ કંપનીઓનું 'ડિજિટલ સિમ્યુલેશન' તૈયાર કરશે. એનો અર્થ એ છે કે AI એક કંપનીના દરેક વિભાગ, સપ્લાય ચેઈન અને બિઝનેસ નિર્ણયોનું કોમ્પ્યુટર મોડલ બનાવશે. આનાથી કોઈપણ મોટા નિર્ણયને વાસ્તવમાં લાગુ કરતાં પહેલાં AI પર ટેસ્ટ કરી શકાશે કે એનું પરિણામ શું આવશે.

# AIના વધતા પ્રભાવ પર માઈક્રોસોફ્ટની મોટી ચેતવણી:CEO સુલેમાને કહ્યું- મોટાભાગની વ્હાઈટ કોલર નોકરીઓ દોઢ વર્ષમાં ઓટોમેટેડ થઈ જશે

મુંબઈ, તા.14

AI ના વધતા પ્રભાવ અને છટણી વચ્ચે, માઈક્રોસોફ્ટ (MS) AI ના CEO મુસ્તફા સુલેમાને મોટી ચેતવણી આપી છે. તેમના મતે, 12-18 મહિનામાં AI ઓફિસોની મોટાભાગની વ્હાઈટ કોલર નોકરીઓની જગ્યા લઈ લેશે. અસર માત્ર સોફ્ટવેર એન્જિનિયરો પૂરતી મર્યાદિત રહેશે નહીં, પરંતુ વકીલો, એકાઉન્ટન્ટ્સ, પ્રોજેક્ટ મેનેજરો અને માર્કેટિંગ પ્રોફેશનલ્સ પણ તેની ઝપેટમાં આવશે. સુલેમાને કહ્યું કે કમ્પ્યુટર પર કરવામાં આવતા લગભગ તમામ કામ દોઢ વર્ષમાં ઓટોમેટેડ થઈ જશે. 2-3 વર્ષમાં AI એજન્ટો મોટી સંસ્થાઓના



કામકાજને વધુ સારી રીતે સંભાળશે. આ ટૂલ્સ સમય જતાં પોતાને અપડેટ કરશે અને સ્વતંત્ર નિર્ણયો લેશે. સુલેમાન અનુસાર, ભવિષ્યમાં AI મોડેલ બનાવવું બ્લોગ લખવા જેટલું સરળ હશે. બીજી તરફ, ભારત સરકાર આ અંગે અલગ મત ધરાવે છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલનો દાવો છે કે AI નોકરીઓ છીનવી નહીં લે, પરંતુ યુવાનો માટે નવી તકો ઊભી કરશે. વ્હાઈટ કોલર જોબ ઓફિસમાં બેસીને કરવામાં આવે છે. તેમાં શારીરિક મહેનતને બદલે મગજ, ડેટા અને માહિતીનો ઉપયોગ વધુ થાય છે. માઈક્રોસોફ્ટ હવે ઓપન AI પર નિર્ભરતા ઘટાડીને પોતાના શક્તિશાળી ફાઉન્ડેશન મોડલ બનાવી રહી છે.

પશ્ચિમ રેલવે
અમદાવાદ ડિવિઝન

સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ

**ટેન્ડર આમંત્રણ સૂચના નંબર- DRM-SnT-ADI-Sig 24 of 2025-26;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્ય કરતા DRM/S અને T ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 24 of 2025-26 માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. **અંતિમ તારીખ 13.03.2026, 15:00 વાગ્યે** બિડર્સ તેમની મૂળ / સુધારેલી બિડ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી સબમિટ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **કાર્યનું નામ:** સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ, ગાંધીધામ જંક્શન ગુડ્સ શેડ – અમદાવાદ ડિવિઝન માટે માલની લોડિંગ અને અનલોડિંગ માટે ગુડ્સ લાઇન નં. 5 તથા T Y લાઇનને સંપૂર્ણ લંબાઇ સુધી વિસ્તરણ સાથે સંબંધિત. **કાર્યની અંદાજિત કિંમત:** ₹ 85,72,143.86/- (₹ પંચયાસી લાખ બોતેર હજાર એકસો ત્રેતાલીસ રૂપિયા અને છ્યાસી પૈસા માત્ર). **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 1,71,500/- (₹ રૂપિયા એક લાખ એકોતેર હજાર પાંચસો માત્ર); **બંધ થવાની તારીખ અને સમય:** 13.03.2026 ના 15:00 કલાક પછી નહીં; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 13.03.2026 ના રોજ 15:30 વાગ્યે ખુલશે. **ઈ-ટેન્ડરિંગની વેબસાઇટ:** www.ireps.gov.in

ADI – 275

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ભારતીય પાસપોર્ટ મજબૂત, રેન્કિંગ 5 સ્થાન સુધરી : 56 દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી

મુંબઈ, તા.14

ભારતીય પાસપોર્ટની રેન્કિંગમાં સુધારો થયો છે. લેટેસ્ટ હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ (ફેબ્રુઆરી 2026) અનુસાર, હવે ભારતનો પાસપોર્ટ વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં 75મા સ્થાને પહોંચી ગયો છે. વર્ષની શરૂઆતમાં તે 80મા સ્થાને હતો, એટલે કે તાજેતરમાં તેમાં 5 સ્થાનનો સુધારો થયો છે. આ પહેલા 2025માં તે 85મા સ્થાને હતો, જેનાથી કુલ મળીને 10 સ્થાનની છલાંગ લાગી છે. હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ વિશ્વભરના લગભગ 200 દેશોના પાસપોર્ટને રેન્ક આપે છે. આ રેન્કિંગ એ વાત પર આધારિત હોય છે કે તે દેશના પાસપોર્ટ ધારક કેટલા દેશોમાં વિઝા વિના અથવા વિઝા ઓન અરાઈવલ સાથે જઈ શકે છે. ભારતીય પાસપોર્ટ ધારકોને હવે 56 દેશોમાં વિઝા-ફ્રી અથવા વિઝા ઓન અરાઈવલની સુવિધા મળે છે. આ રેન્કિંગ ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA)ના ટ્રાવેલ આંકડાઓના આધારે તૈયાર કરવામાં આવે છે. આ ઈન્ડેક્સમાં પાકિસ્તાની પાસપોર્ટ 97મા નંબરે છે. તેની પોઝિશન પેલેસ્ટાઈન (91), નોર્થ કોરિયા (94) અને સોમાલિયા (96) કરતાં પણ નીચે છે. નવી રેન્કિંગમાં સુધારાનો અર્થ એ છે કે ભારતીય નાગરિકો માટે વિદેશ યાત્રા પહેલા કરતા વધુ સરળ બની છે. રજાઓ, વ્યવસાય અને સાંસ્કૃતિક યાત્રાઓ માટે હવે વધુ સુવિધાઓ મળશે.

# સેમસંગ 'ગેલેક્સી S26' સિરીઝ 25 ફેબ્રુઆરીએ લોન્ચ કરશે: 'ગેલેક્સી અનપેક્ડ'માં ત્રણ નવા સ્માર્ટફોન રજૂ થશે, કિંમત ₹80 હજારથી શરૂ થવાની શક્યતા

મુંબઈ, તા.14

કોરિયન ટેક કંપની સેમસંગ તેની ફ્લેગશિપ સ્માર્ટફોન સિરીઝ 'ગેલેક્સી S26' લોન્ચ કરવાની તૈયારી કરી રહી છે. કંપની આ વર્ષે પણ ત્રણ નવા મોડલ- 'ગેલેક્સી S26', 'S26 પ્લસ' અને 'S26 અલ્ટ્રા' બજારમાં ઉતારશે.

'ગેલેક્સી S26' સિરીઝ 25 ફેબ્રુઆરીએ લોન્ચ થશે

આ વખતે મુખ્ય ફોકસ એડવાન્સ AI ફીચર્સ, સ્લિમ ડિઝાઈન અને અલ્ટ્રા મોડલમાં મળનારા પાવરફુલ 'સ્નેપડ્રેગન એલાઈટ જનરલ 5' પ્રોસેસર પર છે. ત્રણેય ફોન વાર્ષિક ઈવેન્ટ 'ગેલેક્સી અનપેક્ડ'માં રજૂ



કરવામાં આવશે.

આ ઈવેન્ટ 25 ફેબ્રુઆરીએ યોજાશે. સિરીઝના બેઝ મોડલ 'ગેલેક્સી S26'ની શરૂઆતની કિંમત 79,999 હોઈ શકે છે. જ્યારે, 'ગેલેક્સી S26 પ્લસ' 99,999 અને સૌથી પ્રીમિયમ મોડલ 'ગેલેક્સી S26 અલ્ટ્રા' 1,29,000ની શરૂઆતની કિંમતમાં આવી શકે છે. 'અલ્ટ્રા'ના 1TB વેરિઅન્ટની કિંમત 1.60 લાખ સુધી જઈ શકે છે.

ડિઝાઈન અને બિલ્ડ ક્વોલિટી: સ્લિમ બોડી અને ટાઈટેનિયમ ફ્રેમ

'ગેલેક્સી S26' સિરીઝમાં આ વખતે ડિઝાઈનમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે.

મટીરીયલ: અલ્ટ્રા મોડેલમાં ગ્રેડ-5 ટાઈટેનિયમ ફ્રેમનો ઉપયોગ ચાલુ રહેશે, જ્યારે બાકીના મોડેલોમાં મજબૂત એલ્યુમિનિયમ ફ્રેમ મળી શકે છે.

ડાયમેન્શન: સ્ટાન્ડર્ડ S26 ની જાડાઈ માત્ર 6.9mm હોવાના સમાચાર છે, જે તેને ખૂબ જ સ્લિમ અને કોમ્પેક્ટ બનાવશે. તેનું વજન પણ ઘણું હલકું રહેવાની અપેક્ષા છે, જેનાથી વન-હેન્ડ યુઝ સરળ બનશે.

બેક પેનલ: પાછળની બાજુએ મેટ ફિનિશ ગ્લાસ મળશે, જેના પર આંગળીઓના નિશાન ઓછા પડશે. અલ્ટ્રા મોડેલની ડિઝાઈન થોડી બોક્સી હશે, જ્યારે બાકીના બંને મોડેલ કર્વ્ડ કોર્નર સાથે આવશે.

ફ્રન્ટ ડિસ્પ્લે: ફ્રન્ટમાં અત્યંત પાતળા બેઝલ્સ (Bezels) સાથે સેન્ટર પંચ-હોલ સેલ્ફી કેમેરા આપવામાં આવ્યો છે.

કલર ઓપ્શન: આ વખતે ફેન્ટમ બ્લેક, ક્રીમ અને ગ્રીન ઉપરાંત કેટલાક નવા ટાઈટેનિયમ શેડ્સ જોવા મળી શકે છે.

સેફ્ટી રેટિંગ: આખી સીરીઝ IP68 રેટિંગ સાથે આવશે, જે તેને પાણી અને ધૂળથી સુરક્ષિત રાખશે.

# રાજ્યપાલે સમય ન આપતા AAP ગેટ સુધી પહોંચ્યું : અમેરિકા ટ્રેડ ડીલથી ખેડૂત-પશુપાલકો બરબાદ થઈ જશે, ઈસુદાન ગઢવીનો આરોપ




ગાંધીનગર, તા.14

આમ આદમી પાર્ટી(AAP)ના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના નેતૃત્વમાં પાર્ટીનું પ્રતિનિધિમંડળ આજે રાજ્યપાલને મળવા રવાના થયું હતું, પરંતુ રાજ્યપાલ તરફથી સમય ફાળવવામાં આવ્યો ન હોવાનું AAPએ જણાવ્યું છે. આ મુદ્દે AAPએ ભાજપ સરકાર અને રાજ્યપાલની કાર્યશૈલી પર સવાલો ઉઠાવ્યા છે.

રાજ્યપાલ પોતે ન મળી શકે તો એમના પ્રતિનિધિને આવેદનપત્ર સ્વીકારવા મોકલે

પ્રેસ કોન્ફરન્સમાં ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, AAP રાષ્ટ્રીય પાર્ટી છે અને ગુજરાતમાં પાંચ ધારાસભ્યો સાથે સક્રિય રીતે લોકોના પ્રશ્નો ઉઠાવી રહી છે છતાં રાજ્યપાલ તરફથી મુલાકાત માટે સમય આપવામાં આવતો નથી. અગાઉ રાજકોટ ગેમ ઝોન સહિત વિવિધ જાહેર મુદ્દાઓ પર પત્ર આપવામાં આવ્યા હોવા છતાં મુલાકાત ન મળતાં આજે પાર્ટી દ્વારા સત્તાવાર આવેદનપત્ર રાજ્યપાલના કાર્યાલયે સુપરત કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. "રાજ્યપાલ પોતે ન મળી શકે તો એમના પ્રતિનિધિને આવેદનપત્ર સ્વીકારવા મોકલે," એવી માંગ પણ તેમણે કરી.

અમેરિકા-ભારત ટ્રેડ ડીલ મુદ્દે ચિંતા

ઈસુદાન ગઢવીએ અમેરિકા-ભારત વચ્ચે થનારી સંભવિત ટ્રેડ ડીલ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી. તેમણે દાવો કર્યો કે જો અમેરિકન કૃષિ અને ડેરી ઉત્પાદનોને શૂન્ય ડ્યુટી સાથે ભારતમાં પ્રવેશ આપવામાં આવશે તો સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોને ભારે નુકસાન થશે. "અમેરિકામાં ખેડૂતોને અંદાજે 54 લાખ રૂપિયા સુધીની સબસિડી મળે છે, જેના કારણે તેમનો ઉત્પાદન ખર્ચ ઓછો રહે છે. આવી સબસિડીયુક્ત પ્રોડક્ટ્સ ભારતીય બજારમાં આવશે તો ગુજરાતના ખેડૂતો કેવી રીતે ટકી શકશે?" એમ તેમણે પ્રશ્ન કર્યો.

પશુપાલન ક્ષેત્ર અંગે તેમણે જણાવ્યું કે, હાલ દુધના ભાવમાં અસ્થિરતા છે અને નકલી દુધના કેસો પણ સામે આવી રહ્યા છે. આવી સ્થિતિમાં વિદેશી ડેરી પ્રોડક્ટ્સને છૂટછાટ આપવામાં આવશે તો સ્થાનિક પશુપાલકો વધુ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. "જો ગુજરાતમાં AAPની સરકાર હોત તો હાલના ભાવ કરતાં 15 પ્રતિ લીટર વધારે ભાવ પશુપાલકોને મળતા," એવો દાવો પણ તેમણે કર્યો.

'ખેડૂત વિરોધી નિર્ણય'નો આક્ષેપ

ઈસુદાન ગઢવીએ કેન્દ્ર સરકાર અને ખાસ કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર ખેડૂત વિરોધી નિર્ણય લેવાનો આક્ષેપ કર્યો. "ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યોગકારો બરબાદ થઈ જાય એવા સોદા કરવા માટે પ્રધાનમંત્રી બનાવ્યા નથી," એમ કહી તેમણે સરકારને સ્પષ્ટતા કરવા માંગ કરી કે અમેરિકાના કૃષિ ઉત્પાદનોને ભારતમાં કેમ મંજૂરી આપવામાં આવી રહી છે.

તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે, ભાજપ સરકાર જેટલો સમય સત્તામાં રહેશે, તેટલો ખેડૂતો અને નાના ઉદ્યોગો પતન તરફ ધકેલાશે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યોગકારોને મુદ્દા આધારિત રાજનીતિને મત આપવા અપીલ પણ તેમણે કરી. AAPના પ્રતિનિધિમંડળમાં ગોપાલ ઈટાલિયા, મનોજ સોરઠીયા, પ્રવીણ રામ, બ્રિજરાજ સોલંકી, સામત ગઢવી, ડો. જ્વેલ વસરા, ગૌરી દેસાઈ અને ડો. કરન બારોટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે, ભાજપ સરકાર જેટલો સમય સત્તામાં રહેશે, તેટલો ખેડૂતો અને નાના ઉદ્યોગો પતન તરફ ધકેલાશે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યોગકારોને મુદ્દા આધારિત રાજનીતિને મત આપવા અપીલ પણ તેમણે કરી. AAPના પ્રતિનિધિમંડળમાં ગોપાલ ઈટાલિયા, મનોજ સોરઠીયા, પ્રવીણ રામ, બ્રિજરાજ સોલંકી, સામત ગઢવી, ડો. જ્વેલ વસરા, ગૌરી દેસાઈ અને ડો. કરન બારોટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને હૃદયમાં બ્લોકેજ : અમદાવાદની યુ. એન. મહેતા હોસ્પિટલમાં સ્ટેન્ટ મુકાયું, ડોક્ટરે પાંચ દિવસ આરામની સલાહ આપી

અમદાવાદ, તા.14

રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને હૃદયમાં બ્લોકેજ હોવાનું સામે આવ્યું છે. ત્યારબાદ તાત્કાલિક અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા તેમની સફળતાપૂર્વક સર્જરી કરીને હૃદયમાં સ્ટેન્ટ મૂકવામાં આવ્યું છે. હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ તકેદારીના ભાગરૂપે ડોક્ટરોએ તેમને આગામી પાંચ દિવસ સુધી સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી છે.

માઈનોર બ્લોકેજ ને સ્ટેન્ટ નખાવ્યું

શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા પોતે એક ડોક્ટર હોવાથી અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત હોવાથી તેઓના સમયપત્રક મુજબ રૂટિન ચેકઅપ માટે ડોક્ટરની પૂર્વ એપોઈન્ટમેન્ટ લઈને જ હોસ્પિટલમાં ગયેલા હતા. આ દરમિયાન હદયમાં ડૉક્ટરને માઈનોર બ્લોકેજ જણાઈ આવ્યું હતું. આ પ્રકારના કિસ્સાઓમાં સામાન્ય રીતે ડોક્ટર એન્જીઓગ્રાફી દરમિયાન જ સ્ટેન્ટ નખાવા માટેની સલાહ આપતા હોય છે. આ સલાહ મુજબ શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને યોગ્ય લાગતા તુરંત નિર્ણય લઈને ડોક્ટરે એક નાનકડું સ્ટેન્ટ પ્રદ્યુમન વાજાને નખાવ્યું હતું.



પ્રદ્યુમન વાજા એકદમ સ્વસ્થ હાલતમાં જોવા મળ્યાં

સાહેબની તબિયત આ પ્રક્રિયા પહેલા પણ એકદમ સરસ હતી. મુખ્યમંત્રીની સાથે તેઓ અમદાવાદ નગર શિક્ષણ સમિતિના કાર્યક્રમમાં સુંદર મજાનું પ્રેરણાત્મક વક્તવ્ય પણ આપેલ હતું.વધુમાં, સ્ટેન્ટ નખાવ્યા પછી પણ પાંચ જ મિનિટ બાદ તેઓ એકદમ સ્વસ્થ હાલતમાં જોવા મળ્યાં છે. ડોક્ટરે પાંચ દિવસ સંપૂર્ણ આરામની સલાહ આપેલ છે જેને ધ્યાનમાં લઈને મંત્રી હાલ સંપૂર્ણ આરામ ફરમાવે છે. મંત્રીએ તેમના આ સમયમાં શુભેચ્છા તેમજ પ્રાર્થનાઓનો સ્વીકાર કરી સર્વેનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો છે.

અમદાવાદમાં એક કાર્યક્રમ દરમિયાન તબિયત બગડી હતી

શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા સાંજે 5.30 વાગ્યા સુધી અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડનું ભવન સ્માર્ટ સ્કૂલોનું લોકાર્પણ અને શ્રેષ્ઠ શિક્ષકોના એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીની સાથે હાજર હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેમને દુઃખાવો ઉપડતા તબિયત થોડી બગડી હતી.

# દંતાલી ગામમાં કરોડોની સરકારી જમીનની ઠગાઈ : જમીન દલાલ સાથે મેળાપીપણું કરી શરત ભંગના કાગળોનો દુરુપયોગ

ગાંધીનગર તા.14

ગાંધીનગર જિલ્લાના દંતાલી ગામની સીમમાં આવેલી શરત ભંગ થયેલી કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીનને પચાવી પાડવા માટે કાયદાકીય ગૂંચ ઊભી કરી અમદાવાદના જમીન દલાલ સાથે મેળાપીપણું કરી ઠગાઈ આચરવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાઈ છે. અમદાવાદના સોલા વિસ્તારમાં રહેતા અને જમીન લે-વેચનો વ્યવસાય કરતા જીગરકુમાર રામભાઈ પટેલે આ ફરિયાદ નોંધાવી છે.

અગાઉ શરત ભંગ થવાને કારણે સરકારી જમીન બની હતી

ફરિયાદ મુજબ દંતાલી ગામના સર્વે નંબર 231માં આવેલી આશરે 8600 ચોરસ મીટર જમીન અગાઉ શરત ભંગ થવાને કારણે સરકારી જમીન બની હતી. આ જમીન નિયમિત કરાવવા માટે મૂળ ખેડૂતોએ વર્ષ 2016માં જયંતિભાઈ અંબાલાલ પટેલ (રહે. કલોલ) અને મયુરભાઈ બળદેવભાઈ પટેલ (રહે. ભાદોલ, તા. કલોલ)ને પાવર ઓફ એટર્ની આપી હતી, પરંતુ તેઓએ કોઈ કામગીરી કરી ન હતી.



જાન્યુઆરી-2022માં કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી જમીનનો કબજો મેળવ્યો

ત્યારબાદ વર્ષ 2019માં ખેડૂતોએ જીગરકુમાર પટેલનો સંપર્ક કરતા તેમણે કલેક્ટર કચેરીમાં જરૂરી કાર્યવાહી કરી જમીન નિયમિત કરાવી હતી અને ખેડૂતોને નક્કી કરેલ 1.55 કરોડ રૂપિયાનો અવેજ ચૂકવી જાન્યુઆરી, 2022માં કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી જમીનનો કબજો મેળવ્યો હતો.

ફેબ્રુઆરી 2022માં એકબીજાના નામે રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લીધો

જોકે, આ જમીન કિંમતી બની ગઈ હોવાનું જાણી આરોપીઓએ મેળાપીપણું કરી વર્ષ 2020માં જૂના પાવરના આધારે ખેડૂતોની જાણ બહાર 88.15 લાખની કિંમતનું એક કબ્જા વગરનું બાનાખત ઊભું કર્યું હતું. ત્યારબાદ જીગરે જમીન ખરીદી લીધી હોવાનું જાણતા હોવા છતાં આરોપીઓએ ફેબ્રુઆરી 2022માં તે જ પાવરના આધારે એકબીજાના નામે રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હતો. આ બાબતે પોલીસે જયંતિભાઈ અંબાલાલ પટેલ અને મયુરભાઈ બળદેવભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના રાજ્યમાં શરત ભંગની જમીનોના દુરુપયોગ અને જમીન દલાલીના વધતા કેસો તરફ ધ્યાન દોરી રહી છે. પોલીસે આરોપીઓના બેંક ટ્રાન્ઝેક્શન, દસ્તાવેજો અને જમીનના રેકોર્ડની તપાસ શરૂ કરી છે. આ કેસમાં વધુ ખુલાસા થવાની શક્યતા છે.

# શિક્ષણ વિભાગની કોર્ટના આદેશ અંગે સ્પષ્ટતા : સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ માત્ર વિદ્યાર્થીઓની સુરક્ષા માટે સર્વે, કૂતરા ગણવાનો કોઈ આદેશ નથી

અમદાવાદ, તા.14

રાજ્યના જુદા-જુદા વર્તમાનપત્રો/ડિજિટલ મીડિયા પ્લેટફોર્મમાં પ્રસિદ્ધ થયેલ "સરકાર હવે શિક્ષક પાસે રખડતા કૂતરા પણ ગણાવશે" શીર્ષકવાળા સમાચાર અંગે શિક્ષણ વિભાગે સત્તાવાર સ્પષ્ટતા કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર સુપ્રીમ કોર્ટના આદેશના પરિપ્રેક્ષ્યમાં માત્ર વિદ્યાર્થીઓ અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે જરૂરી વ્યવસ્થાઓ કરવાની સૂચના આપવામાં આવી છે, કૂતરાઓને 'ગણવા' અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

સુપ્રીમ કોર્ટ દ્વારા સંસ્થાકીય વિસ્તારો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, રમતગમત સંકુલો, બસ સ્ટેન્ડ/ડિપો અને રેલવે સ્ટેશનોમાં કૂતરાના હુમલાના વધતા બનાવોને ધ્યાનમાં લઈ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા



આદેશ આપવામાં આવ્યા છે. જેમાં પરિસરમાં ફેન્સિંગ, બાઉન્ડરી વોલ, ગેટ્સ જેવી સુવિધાઓ ઊભી કરી રખડતા કૂતરાઓના પ્રવેશને અટકાવવા અને એક નોડલ અધિકારી નિયુક્ત કરવાની બાબતનો સમાવેશ થાય છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા સંસ્થાકીય વિસ્તારો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, રમતગમત સંકુલો, બસ સ્ટેન્ડ/ડિપો અને રેલવે સ્ટેશનોમાં કૂતરાના હુમલાના વધતા બનાવોને ધ્યાનમાં લઈ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા આદેશ આપવામાં આવ્યા છે. જેમાં પરિસરમાં ફેન્સિંગ, બાઉન્ડરી વોલ, ગેટ્સ જેવી સુવિધાઓ ઊભી કરી રખડતા કૂતરાઓના પ્રવેશને અટકાવવા અને એક નોડલ અધિકારી નિયુક્ત કરવાની બાબતનો સમાવેશ થાય છે.

Animal Welfare Board of India ને પણ બે અઠવાડિયામાં સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જાહેર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેથી સમગ્ર દેશમાં એકસરખી માર્ગદર્શિકા અમલમાં આવે. શિક્ષણ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે કોર્ટના આદેશ મુજબ વિદ્યાર્થીઓની સુરક્ષા પ્રથમ પ્રાથમિકતા છે અને તે માટે માળખાકીય તેમજ વહીવટી પગલાં લેવામાં આવશે. ભ્રામક અર્થઘટનથી ગેરસમજ ફેલાય નહીં તે માટે વિભાગે અપીલ કરી છે. શિક્ષણ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે કોર્ટના આદેશ મુજબ વિદ્યાર્થીઓની સુરક્ષા પ્રથમ પ્રાથમિકતા છે અને તે માટે માળખાકીય તેમજ વહીવટી પગલાં લેવામાં આવશે. ભ્રામક અર્થઘટનથી ગેરસમજ ફેલાય નહીં તે માટે વિભાગે અપીલ કરી છે. શિક્ષણ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે કોર્ટના આદેશ મુજબ વિદ્યાર્થીઓની સુરક્ષા પ્રથમ પ્રાથમિકતા છે અને તે માટે માળખાકીય તેમજ વહીવટી પગલાં લેવામાં આવશે. ભ્રામક અર્થઘટનથી ગેરસમજ ફેલાય નહીં તે માટે વિભાગે અપીલ કરી છે.

# મહુડી ટ્રસ્ટનો આરોપો સામે તથ્યલક્ષી જવાબ : સોનાની 1 ગ્રામની પણ ઉચાપત સાબિત થાય તો તમામ ટ્રસ્ટીઓ રાજીનામું આપવા તૈયાર

અમદાવાદ, તા.14

અમદાવાદ ખાતે યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટના 8 ટ્રસ્ટીઓ અને મહેતા, વોરા તથા શાહ પરિવારના પ્રતિનિધિઓએ ટ્રસ્ટ પર લાગેલા આરોપોનો સચોટ જવાબ આપ્યો હતો. ટ્રસ્ટીઓએ જણાવ્યું કે, અંકિત શ્રેણિકભાઈ મહેતા (જેઓ પાસા હેઠળ 19 માસની સજા ભોગવી ચૂક્યા છે) અને જયેશભાઈ મહેતાને તેમના ગુનાહિત ઈતિહાસને કારણે ગત વર્ષે જ સભ્યપદેથી બરતરફ કરવામાં આવ્યા હતા. આ વ્યક્તિઓ હવે ખોટી ઓળખ આપી ભક્તોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

સોનાની ચોરીના આરોપો પાયાવિહોણા

ટ્રસ્ટ પર લગાવવામાં આવેલા 65 કિલો સોનાની હેરાફેરીના આરોપને ફગાવતા ટ્રસ્ટીઓએ જણાવ્યું કે, મંદિરના સુવર્ણીકરણ માટે ખરીદાયેલા સોનાના કાયદેસરના ટેક્સપેઈડ બિલો ઉપલબ્ધ છે. વર્ષ 2017 થી 2025 સુધીના ઓડિટેડ રિપોર્ટમાં આ તમામ વિગતો નોંધાયેલી છે. લેબોરેટરી ટેસ્ટિંગ અંગે સ્પષ્ટતા કરી કે લેબ રિપોર્ટ સોનાની શુદ્ધતા નક્કી કરે છે, વજન નહીં. વધુમાં, લોકર ખોલવા માટે ત્રણ અલગ-અલગ ટ્રસ્ટીઓની ચાવીઓ અનિવાર્ય હોવાથી કોઈ એક વ્યક્તિ દ્વારા દાગીનાની ચોરી શક્ય જ નથી.

ભૂતકાળની ગેરરીતિઓનો ઘટસ્ફોટ

પ્રેસ કોન્ફરન્સમાં જણાવાયું કે વર્ષ 2012માં પૂર્વ ટ્રસ્ટી રશ્મિભાઈ મહેતા કમિશન લેતા પકડાતા તેમણે રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ, તેમના સંબંધી સુનિલભાઈ મહેતાએ વેરભાવમાં 65 કિલો સોનાની ચોરીની ખોટી અરજી માણસા પોલીસમાં કરી હતી, જે તપાસ બાદ રદ થઈ હતી.

# 37 મામલતદારની બદલી : 165 નાયબ મામલતદારને મામલતદારનું પ્રમોશન

અમદાવાદ, તા.14

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે વહીવટી તંત્રમાં મહત્વપૂર્ણ ફેરફારો કરતાં રાજ્યભરમાં 37 મામલતદારોની બદલીના આદેશ જાહેર કર્યા છે. સાથે જ 165 નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. આ અંગે સચિવાલય, ગાંધીનગરથી સત્તાવાર આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

37 મામલતદારોની બદલી

માહિતી અનુસાર, બદલાતા વહીવટી જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને જિલ્લાઓમાં કામગીરી વધુ અસરકારક બને તે હેતુથી આ ફેરફારો કરવામાં આવ્યા છે. વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા મામલતદારોને અન્ય તાલુકા તથા જિલ્લામાં બદલી આપવામાં આવી છે. ખાસ કરીને વહીવટી કામગીરી, આપત્તિ વ્યવસ્થાપન, ચૂંટણી શાખા અને અર્બન ડેવલપમેન્ટ સંબંધિત કચેરીઓમાં પણ નિયુક્તિઓ કરવામાં આવી છે.

165 નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી

આ સાથે જ 165 નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. બઢતી મેળવનાર અધિકારીઓને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ખાલી પડેલ જગ્યાઓ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટ્સ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર